# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08
કેટરિના કૈફે બર્થ-ડે સેલિબ્રેશનની તસવીરો શેર કરી

પેજ-09
વોશિંગ્ટન સુંદર બહાર હર્ષ દુબે ટીમમાં સામેલ, ભારતીય ટીમમાં મોટો ફેરફાર



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 33.00 | 27.00 |
| વડોદરા | 32.00 | 27.00 |
| સુરત | 29.00 | 27.00 |


પેજ 5



ભારતમાં હવે જલ્દી આવશે પ્લાસ્ટિક કરન્સી નોટની નવી લહેર


20 JULY-2026 MONDAY


ઈરાનનો અમેરિકા સામે ખતરનાક યુદ્ધ માસ્ટરપ્લાન, યુરોપનું એનર્જી સેક્ટર



પેજ 10

.....સુવિચાર.....
લોકો હંમેશા તમારાથી થયેલી ભૂલો જ યાદ રાખશે.. પણ તમે એના માટે કરેલા કામ અને મદદ યાદ ..!!


વર્ષ-15 । અંક-247 । વિક્રમ સંવત-2082 । અષાઢ સુદ - 06 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# અભિષેકે કહ્યું-બંગાળમાં પોલીસની વર્દીમાં ચોરી

## મારી ઓફિસ તોડી, ભાજપના ગુંડાઓ સામાન ઉપાડી ગયા

(એજન્સી) કોલકાતા । તા. 19



TMC સાંસદ અભિષેક બેનર્જીએ રવિવારે આરોપ લગાવ્યો કે ભાજપ સરકારમાં પશ્ચિમ બંગાળ પોલીસ પોતે કાયદો તોડનારી બની ગઈ છે. આ નિવેદન તેમણે દક્ષિણ 24 પરગણાના અમતલા ખાતેની પોતાની ઓફિસ તોડી પાડવામાં આવ્યાના એક દિવસ પછી આપ્યું છે.

શનિવારે જિલ્લા પ્રશાસને ઈમારતનો આગળનો ભાગ બુલડોઝરથી તોડી પાડ્યો હતો. આરોપ હતો કે આ મંજૂરી વગર બન્યો હતો. ઈમારત તોડ્યા પછી રાતનો એક વીડિયો અભિષેકે સોશિયલ મીડિયા X પર શેર કર્યો.

અભિષેકે આરોપ લગાવ્યો કે બંગાળ પોલીસ ભાજપના ગુંડાઓ સાથે મળીને લેપટોપ, પ્રિન્ટર, કાગળો, ટેબલ, ખુરશીઓ અને અન્ય ફર્નિચરથી ભરેલા બોક્સ લઈ જઈ રહી છે.

આ તોડફોડ નહોતી પરંતુ આ યુનિફોર્મમાં ચોરી હતી. જેને કાયદાનું કોઈ સન્માન કર્યા વિના અને હાઈકોર્ટમાં કેસ વિચારણા હેઠળ હોવા છતાં અંજામ આપવામાં આવ્યો.

પ્રશાસન અનુસાર, આ ઓફિસ વિરુદ્ધ ગેરકાયદેસર બાંધકામની ફરિયાદો મળી હતી. ત્યારબાદ 15 જુલાઈએ સંબંધિત લોકોને નોટિસ જારી કરીને સુનાવણી માટે બોલાવવામાં આવ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું કે બે નોટિસનો કોઈ જવાબ ન મળ્યા પછી પ્રશાસને આગળની કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો.

નોટિસ મુજબ, જે જમીન પર આ ઓફિસ બની છે, તે કથિત રીતે 'લીપ્સ એન્ડ બાઉન્ડ્સ' નામની કંપનીના નામે ખરીદવામાં આવી હતી. પ્રશાસને જમીનની માલિકી હક અને બાંધકામ સંબંધિત દસ્તાવેજો પર સ્પષ્ટતા માંગી હતી.

# ચોમાસુ સત્ર પહેલાં સર્વપક્ષીય બેઠક

## વિરોધ પક્ષોના નેતાઓ હાજર રહ્યા, રિજિજુ બોલ્યા- સંસદ બધાની છે, હોબાળાથી કોઈને ફાયદો નહીં

(એજન્સી) નવી દિલ્હી । તા. 19



ચોમાસુ સત્રના એક દિવસ પહેલા સરકારે રવિવારે સર્વપક્ષીય બેઠક બોલાવી. બેઠક સવારે 11 વાગ્યે સંસદ ભવન એનેક્સીના મુખ્ય સમિતિ કક્ષમાં યોજાઈ રહી છે. બેઠકમાં કોંગ્રેસ, સપા, ટીએમસી, DMK સહિત અનેક વિપક્ષી દળોના નેતાઓ સામેલ થયા.

બેઠકની અધ્યક્ષતા રક્ષામંત્રી રાજનાથ સિંહ કરી રહ્યા છે. સરકાર બેઠકમાં પોતાના એજન્ડાની જાણકારી આપશે, જ્યારે વિપક્ષ NEET અને રામ મંદિર ચઢાવાની ચોરીનો મામલો ઉઠાવશે.

બેઠક પહેલા સંસદીય કાર્ય મંત્રી કિરણ રિજિજુએ તમામ રાજકીય પક્ષોને સંસદના સુચારુ સંચાલનમાં સહયોગ આપવા અપીલ કરી. તેમણે કહ્યું- અમે તમામ રાજકીય પક્ષોને અપીલ કરીએ છીએ કે સંસદના સુચારુ સંચાલનમાં સહયોગ આપે. સંસદ બધાની છે, હોબાળાથી કોઈને ફાયદો નથી.

સંસદનું ચોમાસુ સત્ર સોમવારથી શરૂ થઈ રહ્યું છે. મોદી સરકાર આ દરમિયાન 7 બિલ રજૂ કરવાની છે. આમાં વંદે માતરમ, સંવિધાન અને રાષ્ટ્રગાનના અપમાન સાથે જોડાયેલું સંશોધન વિધેયક અને સુપ્રીમ કોર્ટમાં જજોની સંખ્યા વધારવાનું બિલ સામેલ છે.

18મી લોકસભાનું 9મું સંસદીય સત્ર એટલે કે ચોમાસુ સત્ર 13 ઓગસ્ટ સુધી ચાલશે. 25 દિવસના સત્ર દરમિયાન લોકસભા-રાજ્યસભામાં કુલ 19 બેઠકો યોજાશે. સત્રના પહેલા જ દિવસથી હોબાળો થવાની શક્યતા છે.

વિપક્ષ NEET-UG પેપર લીક, SIR, મોંઘવારી, રામ મંદિરના ચઢાવાની ચોરી જેવા મુદ્દાઓ પર સરકારને ઘેરવાની તૈયારીમાં છે.

કોંગ્રેસના સંસદીય દળની 16 જુલાઈની બેઠક બાદ સંકેતો મળ્યા હતા કે પાર્ટી મોદી સરકારને અનેક મોટા મુદ્દાઓ પર ઘેરશે. પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ગુરુવારે કહ્યું હતું કે કોંગ્રેસ સંસદમાં ચઢાવા ચોરી, પેપર લીક, ઈથેનોલ મુદ્દો, ભ્રષ્ટાચાર, મોંઘવારી અને વિદેશ નીતિની નિષ્ફળતાઓ પર સરકાર પાસેથી જવાબ માંગશે.

સરકારે સંસદના ચોમાસુ સત્રનો એજન્ડા જણાવી દીધો. કુલ 7 બિલોની યાદીમાં 2 જૂના અને 5 નવા બિલ છે. આમાં 30 દિવસ જેલમાં રહે તો PM-CMને હટાવતું બિલ, કેન્દ્રશાસિત પ્રદેશ કાયદો (સુધારા) વિધેયક, એક દેશ-એક ચૂંટણી બિલ, સીમાંકન અને મહિલા અનામત બિલ સંબંધિત બંધારણીય સુધારા બિલનો ઉલ્લેખ નથી.

ચોમાસુ સત્રમાં આવવું મુશ્કેલ. કારણ- આ હાલમાં સંયુક્ત સંસદીય સમિતિ એટલે કે જેપીસી પાસે વિચારણા હેઠળ છે. જેપીસીએ 17 જુલાઈના રોજ બેઠકમાં પોતાનો ડ્રાફ્ટ રિપોર્ટ મુલતવી રાખ્યો. જેપીસીએ પાંચ ભલામણો આપી છે. સમિતિના અધ્યક્ષ ભાજપના સાંસદ અપરાજિતા સારંગીનું કહેવું છે કે આના પર વધુ ચર્ચાની જરૂર છે.

આ બિલના પણ ચોમાસુ સત્રમાં રજૂ થવાની સંભાવના ઓછી છે. કારણ- જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટી આના પર વિચાર કરી રહી છે. સમિતિએ 17 જુલાઈના રોજ મીટિંગ બિલ સાથે સંકળાયેલા ત્રણ મહત્વપૂર્ણ કાયદાઓ પર પોતાના ડ્રાફ્ટ રિપોર્ટને મંજૂરી આપવાનો નિર્ણય મુલતવી રાખ્યો. સમિતિનું કહેવું છે કે સંબંધિત પક્ષો એટલે કે સ્ટેકહોલ્ડર્સ સાથે વધુ વાતચીતની જરૂર છે.

આ બિલને પણ સંયુક્ત સંસદીય સમિતિ પાસે મોકલવામાં આવ્યું છે. હજુ ઘણા પક્ષો સાથે વાતચીત કરવાની બાકી છે. તેથી ચોમાસુ સત્રમાં તેને પણ રજૂ કરવાની સંભાવના ઓછી છે.

સીમાંકન અને મહિલા અનામત સંબંધિત બંધારણીય સુધારા બિલ: આ બિલ સરકાર ગમે ત્યારે લાવી શકે છે. સરકારને બે તૃતીયાંશ બહુમતીની જરૂર છે, પરંતુ હાલમાં તેની પાસે બહુમતી નથી.

કેટલાક મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સરકાર DMK અને શરદ પવારની પાર્ટીને સાથે લાવવાનો પ્રયાસ કરી રહી છે. DMK સાથે સીમાંકન સંબંધિત ખાતરીઓને બંધારણ સુધારા બિલમાં લેખિત સ્વરૂપે સામેલ કરવા પર સહમતિ સધાઈ છે.

# સોનમ વાંગચુકનો હોસ્પિટલમાં દવા લેવાનો ઈનકાર કર્યો

(એજન્સી) જંતર-મંતર । તા. 19

દિલ્હીના જંતર-મંતર પર 21 દિવસથી ભૂખ હડતાળ પર બેઠેલા સોનમ વાંગચુકને શનિવારે સવારે પોલીસ ઉઠાવીને સફદરજંગ હોસ્પિટલ લઈ ગઈ. હોસ્પિટલ પ્રશાસને 2 બુલેટિન જાહેર કરીને જણાવ્યું છે કે વાંગચુકને ડિહાઈડ્રેશન થયું છે, પરંતુ તેમણે દવા લેવાનો ઈનકાર કર્યો છે.

વાંગચુક પેપર લીક મામલાની તપાસ અને શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગને લઈને ઉપવાસ કરી રહ્યા છે. તેમનું સ્વાસ્થ્ય સતત બગડતું જઈ રહ્યું હતું. વજન પણ 9.5 કિલો સુધી ઓછું થઈ ગયું છે.

સવારે લગભગ 7 વાગ્યે પોલીસ સિવિલ ડ્રેસમાં પહોંચી અને વાંગચુકને સફેદ ચાદરમાં ઉઠાવીને લઈ ગઈ. આ દરમિયાન પ્રદર્શનકારીઓ અને પોલીસ વચ્ચે જોરદાર હંગામો થયો.

દિલ્હી હાઈકોર્ટે ગુરુવારે કેન્દ્ર અને દિલ્હી સરકારને આદેશ આપ્યો હતો કે વાંગચુકનું રોજ મેડિકલ ચેકઅપ કરવામાં આવે અને જરૂર પડ્યે તેમની સારવાર કરવામાં આવે.

સામાજિક કાર્યકર્તા અન્ના હજારે પણ સોનમ વાંગચુકના સમર્થનમાં આવી ગયા છે. તેમણે કહ્યું છે કે સરકારે કોઈ દુઃખદ પરિણામની રાહ ન જોવી જોઈએ અને વાતચીત કરવામાં કોઈ ખરાબી નથી.

અહીં વાંગચુકને હોસ્પિટલ મોકલ્યા પછી કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દીપકેએ ભૂખ હડતાળ શરૂ કરી દીધી છે.

# 60 સેકન્ડ કૂતરાના રૂપમાં યમરાજ દેખાયા!

## લિફ્ટમાં છોકરી પર અચાનક કૂતરો તૂટી પડ્યો, માલકણે પૂરી તાકાત લગાવી પણ કાબૂમાં ન આવ્યો

(એજન્સી) મુંબઈ । તા. 19

મુંબઈના એક હાઈ-રાઈઝ રેસિડેન્શિયલ ટાવરમાં લિફ્ટની અંદર એક પાલતુ કૂતરો અચાનક આક્રમક થઈ ગયો અને તેણે ત્રણ નાની બાળકીઓ પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો. પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટના ગુરુવારે સાંજે મુંબઈના પશ્ચિમ ઉપનગર મલાડ સ્થિત 'શેઠ આઈરીન ટાવર'માં બની હતી.

CCTV ફૂટેજમાં જોઈ શકાય છે કે એક મહિલા પોતાના પાલતુ કૂતરા સાથે બિલ્ડિંગની લિફ્ટમાં પ્રવેશે છે, જ્યારે ત્રણેય બાળકીઓ પહેલાથી જ અંદર હાજર હતી. લિફ્ટના દરવાજા બંધ થયાના થોડી જ વારમાં, મઝલ (મોઢા પર બાંધવાની જાળી) પહેરેલો કૂતરો



અચાનક હિંસક થઈ ગયો અને તેણે બાળકીઓ તરફ તરાપ મારી. બંધ લિફ્ટ જેવી નાની જગ્યામાં આ હુમલાને કારણે બાળકીઓમાં ભારે ગભરાટ અને ભયનો માહોલ ફેલાઈ ગયો હતો.

માલિકના કાબૂ બહાર ગયો કૂતરો ફૂટેજમાં કૂતરાની માલકણ તેને કાબૂમાં લેવા અને પાછળ ખેંચવાનો પૂરો પ્રયાસ કરતી જોવા મળી રહી છે. આ દરમિયાન બે બાળકીઓ કોઈક રીતે લિફ્ટમાંથી બહાર ભાગવામાં સફળ રહી, જ્યારે ત્રીજી બાળકી અંદર જ ફસાઈ ગઈ હતી. માલકણના રોકવા છતાં કૂતરો સતત તે બાળકી તરફ આક્રમક રીતે તરાપ મારતો રહ્યો હતો.

જેવા લિફ્ટના દરવાજા ખુલ્યા, બાળકી જીવ બચાવીને ઝડપથી બહાર ભાગી. કૂતરાએ તેનો પીછો કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ માલકણે કોઈક રીતે તેને પાછળ ખેંચી લીધો, જેના કારણે એક મોટી દુર્ઘટના ટળી ગઈ. વીડિયોના અંતમાં કૂતરો એટલો બેકાબૂ દેખાઈ રહ્યો છે કે તે પોતાની માલકણને જ લિફ્ટની બહાર ખેંચી રહ્યો છે, જ્યારે મહિલા તેને રોકવા માટે સંઘર્ષ કરી રહી છે.

કોઈ ફરિયાદ નોંધાઈ નથી પોલીસે માહિતી આપી છે કે આ ઘટનામાં કોઈને પણ ઈજા થઈ નથી અને આ મામલે કોઈ ફરિયાદ પણ નોંધાવવામાં આવી નથી. પોલીસે એ પણ સ્પષ્ટ કર્યું છે કે મહિલા પાસે પોતાના પાલતુ શ્વાનને લિફ્ટમાં લઈ જવાની સોસાયટી તરફથી મંજૂરી હતી.

જો કે, સદનસીબે કોઈને શારીરિક નુકસાન પહોંચ્યું નથી, પરંતુ આ વીડિયો સામે આવ્યા બાદ સોસાયટીના રહીશો અને વાલીઓમાં ઊંડી ચિંતા અને ફફડાટ વ્યાપી ગયો છે.

# જમ્મુના પુંછ અને કિશતવાડમાં વાદળ ફાટ્યું

(એજન્સી) જમ્મુ-કાશમીર । તા. 19

જમ્મુ-કાશ્મીરના પૂંછ અને કિશ્તવાડમાં શનિવારે રાત્રે વાદળ ફાટ્યું. પૂર-ભૂસ્ખલનમાં અત્યાર સુધીમાં 11 લોકોના મોત થયા છે.

પૂંછના સુરનકોટમાં ભૂસ્ખલનને કારણે એક મકાન કાટમાળ નીચે દબાઈ ગયું. તે સમયે ઘરમાં 8 લોકો હતા. જેમાં 2 વર્ષના સોફિયાન યાસીર સહિત 5 લોકોના મૃતદેહ મળી આવ્યા છે.

જમ્મુ-કાશ્મીરના રાજૌરી જિલ્લામાં શનિવારે મોડી રાત્રે 3 વાગ્યે ભારે વરસાદ બાદ પુર આવ્યું. જેના કારણે ધારહાલ નદી છલકાઈ ગઈ અને ન્યૂ બસ સ્ટેન્ડ બેલા વિસ્તારમાં પાણી ભરાઈ ગયું. લગભગ 200 થી 250 વાહનો તણાઈ ગયા. કિશ્તવાડ જિલ્લાના દચ્છન વિસ્તારના સુરનુમાં વાદળ ફાટવાની ઘટનાને કારણે મકાનો અને ખેતીલાયક જમીનને નુકસાન થયું છે.

દેશમાં ચોમાસું બીજી વાર એક્ટિવ થવાથી દિલ્હી, પંજાબ, હરિયાણા, જમ્મુ-કાશ્મીર, ઉત્તરાખંડ, હિમાચલ, ઉત્તર પ્રદેશ, બિહાર, સિક્કિમ, આસામ, મેઘાલય, અરુણાચલ પ્રદેશમાં ભારે વરસાદ ચાલુ છે. રવિવારે પણ ઉત્તરાખંડ અને સિક્કિમ, બંગાળ માટે ભારે વરસાદનું રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

ખરાબ હવામાન બાદ 19 જુલાઈથી અમરનાથ અને વૈષ્ણો દેવી યાત્રાને અસ્થાયી રૂપે રોકવામાં આવી. તેમજ, શનિવારે ભૂસ્ખલન બાદ ઉત્તરાખંડમાં કેદારનાથ યાત્રાના રૂટ પર ઘોડા-ખચ્ચરની સેવાઓ રોકી દેવામાં આવી અને કૈલાશ-માનસરોવર યાત્રીઓનો એક જથ્થો પણ અટકી ગયો.

# અમેરિકામાંથી 18,000 ભારતીયોને ડિપોર્ટ કરાશે

## અપીલ, દલીલ કે વકીલ કરવાની તક નહીં; ટ્રમ્પ સરકારે 2025માં ભારતીયોને હાથકડી પહેરાવીને મોકલ્યા હતા

(એજન્સી) અમેરિકા । તા. 19



અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ડિપોર્ટેશનનું મોટું અભિયાન શરૂ કરવાની તૈયારી કરી લીધી છે. અમેરિકામાં 18 હજાર અનડૉક્યુમેન્ટેડ (દસ્તાવેજ વિનાના) ભારતીયો નિશાન પર આવી ગયા છે.

આ વખતે પણ ટ્રમ્પ પ્રશાસન ડિપોર્ટેશન માટે સૈન્ય વિમાનોના ઉપયોગની તૈયારીમાં છે, જે તેમની કડક ઈમિગ્રેશન નીતિની સૌથી ચર્ચિત તસવીર બની ચૂક્યું છે.

અનડૉક્યુમેન્ટેડ ભારતીયોને ન અપીલ, ન દલીલ અને ન જ વકીલ કરવાની તક મળશે. ટ્રમ્પની ICE (ઈમિગ્રેશન કસ્ટમ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ)ની ટીમો સતત દરોડા પાડી રહી છે.

અમેરિકાના 4 શહેરો- ન્યૂયોર્ક, ટેક્સાસ, કેલિફોર્નિયા અને ન્યૂજર્સીથી ગ્રાઉન્ડ રિપોર્ટ કર્યો. તેમાં સામે આવ્યું કે ડિપોર્ટેશન અભિયાને દસ્તાવેજ વિનાના ભારતીયોની જિંદગી સંપૂર્ણપણે બદલી દીધી છે. ડિટેન્શન સેન્ટરમાં બંધ લોકો સાથે દુર્વ્યવહારની કહાનીઓ પણ સામે આવી. ટ્રમ્પ પ્રશાસને ડિપોર્ટ થનારા પ્રવાસીઓને રાખવા માટે એલ પાસોમાં એક અને કેલિફોર્નિયામાં બે વેરહાઉસ ખરીદ્યા છે. આના પર લગભગ 16,500 કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યા છે. તેમને ડિટેન્શન સેન્ટરમાં બદલીને ICEને સોંપવામાં આવ્યા છે. અહીં લગભગ 12 હજાર પ્રવાસીઓને રાખવામાં આવી રહ્યા છે. ન્યૂયોર્કના ઈમિગ્રેશન એટર્ની ગ્રેગ સિસ્કિન્ડ કહે છે, 'હું 30 વર્ષથી પ્રવાસીઓના કેસ લડતો રહ્યો છું. દસ્તાવેજ વગરના કોઈપણ પ્રવાસીને પોતાનો પક્ષ રજૂ કરવાની તક મળે છે, પરંતુ હવે ICEના દરોડા પછી લોકોને સીધા ડિટેન્શન સેન્ટરમાં ધકેલવામાં આવી રહ્યા છે.' તેમનું કહેવું છે કે અમેરિકામાં સંઘીય વ્યવસ્થાને કારણે દરેક રાજ્યમાં માનવાધિકારો સંબંધિત અલગ-અલગ કાયદા છે, પરંતુ ICE કોઈપણ રાજ્યમાં જઈને કાર્યવાહી કરી રહી છે.

# TMCના બળવાખોર 20 સાંસદો લોકસભામાં અલગ બેસશે

## ઉદ્ધવના 6 સાંસદોના શિંદે જૂથમાં જોડાવાને સ્પીકરની મંજૂરી, ચોમાસું સત્રમાં બદલાશે ચિત્ર

(એજન્સી) નવી દિલ્હી । તા. 19



મમતા બેનર્જીનો સાથ છોડનારા TMCના 20 બળવાખોર સાંસદોને લોકસભામાં અલગ બેસવાની મંજૂરી મળી ગઈ છે. 15 જૂને તૃણમૂલ કોંગ્રેસના 20 સાંસદોએ નેશનાલિસ્ટ સિટીઝન્સ પાર્ટી ઓફ ઈન્ડિયા (NCPI) સાથે વિલય કરી લીધો હતો.

બીજી તરફ લોકસભા સ્પીકર ઓમ બિરલાએ ઉદ્ધવ જૂથના 6 બળવાખોર સાંસદોને પણ માન્યતા આપી દીધી છે. 22 જૂને ઉદ્ધવનો સાથ છોડીને 6 સાંસદો શિંદે જૂથમાં સામેલ થઈ ગયા હતા. આ સાંસદો પણ હવે શિંદે જૂથ સાથે સંસદમાં બેસશે.

સંસદનું ચોમાસું સત્ર 20 જુલાઈથી શરૂ થઈને 13 ઓગસ્ટ સુધી ચાલશે. આ દરમિયાન 19 બેઠકો યોજાશે.

મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરેની શિવસેનામાં 22 જૂને ફરી બળવો થયો હતો. લોકસભાના કુલ 9માંથી 6 સાંસદો પાર્ટીથી અલગ થઈને ડેપ્યુટી સીએમ એકનાથ શિંદેની શિવસેનામાં સામેલ થઈ ગયા હતા. લોકસભામાં હવે શિંદેના સાંસદોની સંખ્યા 7થી વધીને 13 થઈ ગઈ છે. શિંદે સાથે તમામ 6 સાંસદોએ મુંબઈમાં પ્રેસ કોન્ફરન્સ કરીને તેની જાહેરાત કરી હતી. ડેપ્યુટી સીએમે કહ્યું, 'જ્યારે 2022માં અમે પાર્ટી અને ધનુષ-બાણ બચાવવા માટે વિદ્રોહ કર્યો હતો, ત્યારે 40 ધારાસભ્યો હતા અને હવે અમે છગ્ગો માર્યો છે.

8 જૂને ટીએમસીના લોકસભાના 28 સાંસદોમાંથી 20એ એનડીએ સરકારને સમર્થન આપવાનો નિર્ણય કર્યો હતો. સાંસદ અને ટીએમસીના પૂર્વ નેતા કાકોલી ઘોષ દસ્તીદારે કહ્યું હતું કે સાંસદોની સહીવાળો પત્ર લોકસભા સ્પીકર ઓમ બિરલાને મોકલી દેવામાં આવ્યો હતો.

# વાંગચુકને સફદરજંગથી શિફ્ટ કરવાની માંગ

## પત્નીની હાઈકોર્ટમાં અરજી, સોનમની X પર પોસ્ટ- 20 જુલાઈએ આઝાદીનું બીજું આંદોલન

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

સોનમ વાંગચુકે સોશિયલ મીડિયા પર લખ્યું કે 20 જુલાઈએ આઝાદીનું બીજું આંદોલન છે. પેપર લીક જેવા અન્યાયથી આઝાદી અને મારી ગેરકાયદેસર અટકાયત જેવા ડરથી આઝાદી.

તેમજ વાંગચુકની પત્ની ગીતાંજલિ આંગમોએ દિલ્હી હાઈકોર્ટમાં તેમને સફદરજંગ હોસ્પિટલમાંથી કોઈ ખાનગી હોસ્પિટલમાં ટ્રાન્સફર કરવાની માંગ કરી છે. આંગમોનું કહેવું છે કે તેમને સફદરજંગ હોસ્પિટલ પર ભરોસો નથી.

દિલ્હીની સફદરજંગ હોસ્પિટલમાં દાખલ સોનમ વાંગચુકના ઉપવાસ હજુ પણ ચાલુ છે. તેમણે ડ્રિપ, ઓઆરએસ અને દવા લેવાનો ઈનકાર કર્યો છે. વાંગચુક 28 જૂનથી NEET પેપર લીક કેસમાં જવાબદારી નક્કી કરવા અને શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગના સમર્થનમાં આમરણાંત ઉપવાસ પર છે.

શનિવારે સવારે દિલ્હી પોલીસે તેમને જંતર-મંતર પરથી ઉઠાવીને સફદરજંગ હોસ્પિટલ લઈ ગઈ હતી. ત્યારબાદ કોકરોચ જનતા પાર્ટી (CJP) ના સ્થાપક અભિજીત દીપકે જંતર-મંતર પર ઉપવાસ પર બેસી ગયા.

સૂત્રો અનુસાર, શુક્રવારે રાત્રે લગભગ 1:30 વાગ્યે દિલ્હી પોલીસ મુખ્યાલયમાંથી વાંગચુકને હોસ્પિટલ લઈ જવાના નિર્દેશ મળ્યા હતા. ત્યારબાદ મંદિર માર્ગ પોલીસ સ્ટેશનના અધિકારીઓએ રણનીતિ બનાવી અને કોઈ પણ ટકરાવ વગર એક મિનિટથી ઓછા સમયમાં તેમને એમ્બ્યુલન્સ સુધી પહોંચાડવાની રિહર્સલ કરી.

CJP એ 20 જુલાઈએ ચોમાસું સત્રના પહેલાં દિવસે સંસદ માર્ચની જાહેરાત કરી છે. CJP ના સ્થાપક દીપકે કહ્યું કે સંસદ માર્ચ કોઈપણ ભોગે થશે. વાંગચુકની પત્ની ગીતાંજલિએ દાવો કર્યો કે વાંગચુક પણ માર્ચમાં આવશે.



જોકે, પોલીસ સૂત્રો અનુસાર CJP એ માર્ચ માટે પરવાનગી માંગી નથી. હવે અરજી કરવામાં આવે તો પણ પરવાનગી મળવાની શક્યતા ઓછી છે. સત્ર દરમિયાન નવી દિલ્હી જિલ્લામાં, ખાસ કરીને સંસદ અને ઈન્ડિયા ગેટની આસપાસ BNS ની કલમ 163 લાગુ પડે છે. પરવાનગી વગર માર્ચ કરનારાઓને અટકાયતમાં લઈ શકાય છે.

તેમનીમાં ડિહાઈડ્રેશન, પોટેશિયમની ઉણપ અને અન્ય મેટાબોલિક ગડબડીઓના સંકેતો છે.


Nippon india Mutual Fund

Mutual Fund Investor Awareness Program

To increase awareness about Mutual Funds, we conduct Investor Awareness Programmes (IAPs) across the country. The schedule of upcoming IAPs is as mentioned below

| Date | Time | Location |
|---|---|---|
| 21 July, 2026 | 12:30 PM | Vadodara |

Venue: Spice Nation, Shisa Square, opp, Bhavans School, Makarpura Road, Vadodara-390011 Note -Only for Women
Name: Swati Shinde | Mobile : 9374767475

Nippon Life India Asset Management Limited | CIN : L65910MH1995PLC220793

Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.


# ઝેરી ઈન્જેક્શન આપીને બોયફ્રેન્ડે નર્સને મારી નાખી

મેરઠ : મેરઠમાં પતિને સાપ કરડાવીને હત્યા કરવાના કેસ પછી, હવે એક સ્ટાફ નર્સને ઝેરી ડ્રિપ લગાવીને હત્યા કરવાનો સનસનાટીભર્યો કિસ્સો સામે આવ્યો છે. પ્રેમિકા દ્વારા લગ્ન માટે દબાણ કરવાથી છુટકારો મેળવવા માટે વૉર્ડબૉય પ્રેમીએ તેના મિત્ર સાથે મળીને ષડયંત્ર રચ્યું. શનિવારે બપોરે લગભગ 2 વાગ્યે ગ્લુકોઝની ડ્રિપ ચઢાવવાના બહાને ઝેરી કેમિકલ લગાવી દીધું. હત્યાને આત્મહત્યા દર્શાવવા માટે આરોપી વૉર્ડબૉયે પોતે સુસાઈડ નોટ લખી. નર્સના ખિસ્સામાં સલ્ફાસની ગોળીઓ મૂકી દીધી. આ મામલો હાપુડની એમસીસી હોસ્પિટલનો છે. પોલીસે સીસીટીવી ફૂટેજ, મોબાઈલ રેકોર્ડ અને સુસાઈડ નોટ મેળવ્યા પછી મોડી રાત્રે આરોપી વૉર્ડબૉય અને તેના મિત્રની ધરપકડ કરી લીધી. ઘટનાસ્થળેથી મળેલા કેન્યુલા, સિરીંજ, મોબાઈલ ફોન, નકલી સુસાઈડ નોટ, નોટપેડ અને ઝેરી કેમિકલને ફોરેન્સિક તપાસ માટે મોકલી દેવામાં આવ્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર, નર્સના પતિનું એક વર્ષ પહેલા અવસાન થયું હતું. વૉર્ડબૉય સાથે લગભગ 8 મહિનાથી પ્રેમસંબંધ હતો. પ્રેમિકા સતત લગ્ન માટે દબાણ કરી રહી હતી.

### આમ આદમી પાર્ટી દ્વારા અમદાવાદ ખાતે હનુમાન ચાલીસા પાઠનું આયોજન

# હાઈ સિક્યુરિટી વચ્ચે કરોડો રૂપિયાની ચોરી કઈ રીતે થઈ શકે છે?: ઈસુદાન ગઢવી

**શરૂઆતથી જ એક અંદેશો હતો કે આ લોકો ચોરીઓ કરશે કારણ કે એ લોકોને ભગવાન રામના મંદિરમાં રસ ન હતો પરંતુ મંદિરમાં આવનાર દાનમાં રસ હતો**

**રામ મંદિરની ચોરીમાં મોટા માથાઓ પણ સંડોવાયેલા છે અને હવે SIT ના નામે કઈ રીતે ઢાંકપિછોડો થાય એનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે: ઈસુદાન ગઢવી**

**આવતીકાલથી આગામી 10 દિવસ સુધી AAP નેતાઓ તથા કાર્યકર્તાઓ પોતાના ઘરે, પોતાની સોસાયટીમાં હનુમાન ચાલીસાના પાઠ કરશે: ઈસુદાન ગઢવી**

**ભગવાન રામના મંદિરને લૂંટનારા પાપીઓને સજા થાય એ માટે તમામ લોકો હનુમાનજીને પ્રાર્થના કરશે: ઈસુદાન ગઢવી**





અમદાવાદ | અમદાવાદ ખાતે આમ આદમી પાર્ટી ગુજરાત પ્રદેશ કાર્યાલયમાં અયોધ્યાના શ્રી રામ મંદિરમાં થયેલી દાન ચોરીની ઘટનાને લઈને હનુમાન ચાલીસા પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રામભક્તોની આસ્થાને ઠેસ પહોંચાડનાર દોષિતોને કડકમાં કડક સજા મળે અને આવી ઘટનાઓ ફરી ક્યારેય ન બને તે માટે પ્રાર્થના કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ગુજરાતના સહ પ્રભારી પવન શર્મા, પ્રદેશ મંત્રી અનુપ શર્મા, પ્રદેશ પ્રવક્તા હિમાંશુ ઠક્કર સહિત મોટી સંખ્યામાં પાર્ટીના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ તમામ લોકોએ સાથે મળીને હનુમાન ચાલીસા અને સુંદરકાંડના પાઠ ગયા હતા.આ પ્રસંગે આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, અયોધ્યામાં ભગવાન રામના મંદિરમાં ચઢાવવામાં આવેલ દાનની ચોરી થઈ. શરૂઆતથી જ એક અંદેશો હતો કે આ લોકો ચોરીઓ કરશે કારણ કે એ લોકોને ભગવાન રામના મંદિરમાં રસ ન હતો પરંતુ મંદિરમાં આવનાર દાનમાં રસ હતો, અને એ હવે ખબર પડી ગઈ છે. શરૂઆતમાં જમીન લીધી અને એ 2 કરોડમાં લીધેલી જમીન 18 કરોડમાં વેચાઈ, ટ્રસ્ટીઓ માનીતા મુકાયા, અને હવે હાઈ સિક્યુરિટી વચ્ચે કરોડો રૂપિયાની ચોરી કઈ રીતે થઈ શકે છે? એનો મતલબ સ્પષ્ટ થયો કે આમાં મોટા માથાઓ પણ સંડોવાયેલા છે અને હવે SIT ના નામે કઈ રીતે ઢાંકપિછોડો થાય એનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. તો આજે આમ આદમી પાર્ટીના પ્રદેશ કાર્યાલયના ખાતે હનુમાન ચાલીસાના પાઠ અને સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું. કારણ કે હનુમાનજી એક એવા ભગવાન છે જે હંમેશા ભગવાન રામની સેવામાં તત્પર રહે છે, દરેક રામ ભક્તોને અમે પત્ર સંભળાવ્યો છે કે શું ઘટના ઘટી છે. અહીંયા તમામ રામ ભક્તોએ પત્રો પર સાઈન કરી છે.વધુમાં આમ આદમી પાર્ટીના નેતા ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, કરોડો સનાતનીઓ, કરોડો રામભક્તોએ જેમણે કરોડો રૂપિયાનું દાન આપ્યું હતું અને રામ મંદિરની ઉજવણી કરી હતી.

## રાજુલાના ગ્રામ્ય વિસ્તારમાં સગીરા પર ૧૬ વર્ષના કિશોર દ્વારા બે વાર દુષ્કર્મ: પોક્સો હેઠળ ગુનો દાખલ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અમરેલી, ૧૮ જુલાઈ ૨૦૨૬ અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી એક અત્યંત ચોંકાવનારી અને ગંભીર ઘટના સામે આવી છે. અહીં કુદરતી હાજતે ગયેલી એક સગીરાને બાવળની કાંટમાં લઈ જઈ એક ૧૬ વર્ષના સગીર વયના કિશોરે બે અલગ-અલગ પ્રસંગોએ બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હોવાની ફરિયાદ પોલીસ મથકે નોંધાઈ છે. આ ઘટનાને પગલે પોલીસે પોક્સો (POCSO) સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઘટનાની વિગતવાર માહિતી પોલીસ મથકે નોંધાયેલી સત્તાવાર ફરિયાદ અનુસાર, આ સમગ્ર મામલો નીચે મુજબ છે પ્રથમ બનાવ (૨૯ મે, ૨૦૨૬): સવારે આશરે ૧૦ વાગ્યે ભોગ બનનાર સગીરા પોતાના ઘરની બાજુમાં આવેલી બાવળની કાંટમાં કુદરતી હાજતે ગઈ હતી. તે સમયે આરોપી ૧૬ વર્ષનો કિશોર તેની પાછળ ગયો હતો. તેણે સગીરાનો હાથ પકડી, બાવળની કાંટમાં અંદર લઈ જઈ જમીન પર પછાડી દીધી હતી. સગીરાએ પોતે નાની હોવાનું કહી તેને છોડી દેવા આજીજી કરી હોવા છતાં, આરોપીએ તેની ઈચ્છા વિરુદ્ધ બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હતું.

બીજો બનાવ (૧ જુલાઈ, ૨૦૨૬): પ્રથમ ઘટના બાદ, ગત ૧ જુલાઈના રોજ સવારે ૧૦ વાગ્યે આરોપીએ ફરી એકવાર આ જ સગીરા સાથે બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હોવાનું ફરિયાદમાં જણાવ્યું છે.જાનથી મારી નાખવાની ધમકી અને પરિવારને જાણ બંને નરાધમ કૃત્યો આચર્યા બાદ આરોપી કિશોરે સગીરાને ધમકી આપી હતી કે જો આ સમગ્ર ઘટનાની જાણ તેણી કોઈને પણ કરશે, તો તેને જાનથી મારી નાખવામાં આવશે. આ ભયાનક ધમકીના કારણે સગીરા સખત ડરી ગઈ હતી અને લાંબા સમય સુધી મૌન રહી હતી. જો કે, આખરે પરિવારને આ સમગ્ર ઘટનાની જાણ થતાં પરિવાર સ્તબ્ધ થઈ ગયો હતો.પોલીસ કાર્યવાહી

ભોગ બનનાર સગીરાના ૭૦ વર્ષીય દાદાએ હિંમત દાખવીને આ મામલે પોલીસમાં વિધિવત ફરિયાદ નોંધાવી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ફરિયાદના આધારે પોલીસે ૧૬ વર્ષના સગીર વયના આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) તથા પોક્સો (POCSO) અધિનિયમની સંબંધિત કડક જોગવાઈઓ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી અને તપાસ શરૂ કરી દીધી છે.'માત્ર ૧૬ વર્ષના સગીર વયના કિશોર દ્વારા આ પ્રકારનું ઘૃણાસ્પદ કૃત્ય આચરવામાં આવ્યું હોવાની વાત વાયુવેગે પ્રસરતાં સમગ્ર રાજુલા પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે અને લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

# કરોડોના વિકાસકાર્યો છતાં પાયાની સુવિધાઓનો અભાવ:- મોન્સૂન ફેસ્ટિવલ પહેલા ટ્રાફિક વ્યવસ્થાને લઈ ઉઠ્યા સવાલો..





ડાંગ | ચોમાસાની ઋતુમાં ગુજરાતનું એકમાત્ર ગિરિમથક સાપુતારા કુદરતી સૌંદર્યથી ઝળહળી ઊઠ્યુ છે.વાદળોથી ઘેરાયેલા ડુંગરો, હરિયાળી અને ધોધમાર વરસાદની રમણીયતા માણવા દરરોજ હજારો પ્રવાસીઓ સાપુતારા પહોંચી રહ્યા છે.પરંતુ આ આનંદમય પ્રવાસન સ્થળ ટ્રાફિક જામ અને પાર્કિંગની ગંભીર સમસ્યાને કારણે પ્રવાસીઓ માટે મુશ્કેલીમાં ફેરવાઈ રહ્યો છે.સાપુતારામાં પ્રવેશતા જ મુખ્ય માર્ગો પર વાહનોની લાંબી કતારો જોવા મળે છે.કલાકો સુધી ટ્રાફિક જામ રહેતા પ્રવાસીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે.બીજી તરફ, પૂરતી પાર્કિંગ સુવિધાના અભાવે પ્રવાસીઓ વાહનો પાર્ક કરવા માટે લાંબા સમય સુધી ભટકતા રહે છે, જેના કારણે તેમની મુલાકાતનો આનંદ ફિક્કો પડી જાય છે.ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા સાપુતારાના સર્વાંગી વિકાસ માટે કરોડો રૂપિયાના વિકાસકાર્યો કરવામાં આવ્યા હોવાના દાવા કરવામાં આવે છે.તેમ છતાં જાહેર સ્થળો પર વધતા દબાણ, અપૂરતી પાર્કિંગ વ્યવસ્થા અને અસરકારક ટ્રાફિક મેનેજમેન્ટના અભાવે પાયાની સુવિધાઓનો અભાવ સ્પષ્ટપણે જોવા મળી રહ્યો છે.દર વર્ષે ચોમાસાની સિઝનમાં આ જ પ્રકારની સમસ્યાઓ ઊભી થાય છે,છતાં તેના કાયમી ઉકેલ માટે અસરકારક આયોજન થતું નથી.હાલમાં વીકએન્ડ દરમિયાન જ ટ્રાફિકની ગંભીર સ્થિતિ સર્જાઈ રહી છે. આગામી દિવસોમાં મોન્સૂન ફેસ્ટિવલ શરૂ થતાં પ્રવાસીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થવાની સંભાવના છે.આવી સ્થિતિમાં ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યા વધુ વિકરાળ બનશે તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.સ્થાનિકો અને પ્રવાસીઓ બંનેનું માનવું છે કે સાપુતારાને એક લોકપ્રિય પર્યટન સ્થળ તરીકે વધુ સુવ્યવસ્થિત બનાવવા માટે પાર્કિંગની વધારાની વ્યવસ્થા, ટ્રાફિક નિયંત્રણ માટે અસરકારક આયોજન અને માર્ગની સાઈડમાં તથા પાર્કિંગમાં થયેલ દબાણ દૂર કરવાની તાત્કાલિક જરૂરિયાત ઉભી થઈ છે. ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા સાપુતારાના સર્વાંગી વિકાસ માટે કરોડો રૂપિયાના વિકાસકાર્યો કરવામાં આવ્યા હોવાના દાવા કરવામાં આવે છે.તેમ છતાં જાહેર સ્થળો પર વધતા દબાણ, અપૂરતી પાર્કિંગ વ્યવસ્થા અને અસરકારક ટ્રાફિક મેનેજમેન્ટના અભાવે પાયાની સુવિધાઓનો અભાવ સ્પષ્ટપણે જોવા મળી રહ્યો છે.દર વર્ષે ચોમાસાની સિઝનમાં આ જ પ્રકારની સમસ્યાઓ ઊભી થાય છે, તેવામાં આવનાર દિવસોમાં વહીવટી તંત્ર આ બાબતે ગંભીરતા દાખવે તેવી પ્રવાસીઓમાં માંગ ઉઠી છે..

### AAPના યુવા નેતા પાયલ સાકરીયાએ જંતર મંતર જઈને સોનમ વાંગચૂકજી આંદોલનને આપ્યું સમર્થન

## જે રીતે સોનમ વાંગચૂકજીને ઢસેડીને લઈ જવામાં આવ્યા, એ આખા દેશ માટે એક શરમજનક ઘટના હતી: પાયલ સાકરીયા AAP

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ મહિલા પ્રમુખ પાયલ સાકરીયા પોતાની ટીમ સાથે આજે દિલ્હીના જંતર મંતર ખાતે પહોંચ્યા હતા. જંતર મંતર પર પાયલ સાકરીયાએ મીડિયા સમક્ષ પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે નીટનું પેપર વારંવાર લીક થઈ રહ્યું છે અને આ રીતે દેશમાં બીજા અનેક પેપર લીક થયા છે તો પછી પરીક્ષાનો શું મતલબ અને આ આખી વ્યવસ્થાનો શું મતલબ? દરેક જગ્યાએ ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે અને એ લોકો પોતાના લોકોના ફાયદા માટે કામ કરી રહ્યા છે. જેના કારણે આજે અહીંયા જંતર મંતર ખાતે ખૂબ જ મોટી સંખ્યામાં યુવાનો પ્રદર્શન કરી રહ્યા છે પરંતુ ખૂબ જ દુઃખની બાબત છે કે ભાજપાના નેતાઓને આ બાબતથી જરા પણ ફરક નથી પડી રહ્યો. એ લોકોને ખબર છે કે જ્યારે સમય ખતમ થશે ત્યારે પોલીસનો ઉપયોગ કરીને આ પ્રદર્શનની જગ્યાને ખાલી કરાવી દેવામાં આવશે અને ગમે તે રીતે આ વિરોધ પ્રદર્શનને બંધ કરાવી દેશે. પરંતુ હું એ તમામ લોકોને કહી દેવા માગું છું કે યુવાનોની આ ચિનગારીને તેઓ બુજાવી નહીં શકે.

વધુમાં આમ આદમી પાર્ટીના નેતા પાયલ સાકરીયાએ જણાવ્યું હતું કે, યુવાનોની જે માંગ છે એ માંગ યોગ્ય છે, જો તમારાથી વ્યવસ્થા નથી સંભાળાતી તો તમારે રાજીનામું આપી દેવું જોઈએ. અત્યાર સુધી તો ફક્ત શિક્ષણ મંત્રીના રાજીનામાની વાત થઈ રહી હતી પરંતુ જો આવું ચાલતું રહ્યું તો આખા દેશના યુવાનો નરેન્દ્ર મોદીનું પણ રાજીનામું લેવા માટે ધરણા પ્રદર્શન કરશે. હવે એટલું જ ઈચ્છીએ છીએ કે ઝડપથી આ વાતનું સમાધાન લાવવામાં આવે અને ઝડપથી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું લેવામાં આવે, જેથી ભવિષ્યમાં ફરીથી ક્યારેય પણ કોઈ પેપર લીક ન થાય અને આ શિક્ષા વિભાગની સાથે સાથે બીજા પણ જે વિભાગ છે, એ સારી રીતે કામ કરે. જે રીતે સોનમ વાંગચૂકજીને ઢસેડીને લઈ જવામાં આવ્યા એ જોઈને અમને ખૂબ જ દુઃખ થયું. આખો દેશ જોઈ રહ્યો છે કે એક ભણેલા ગણેલા ક્રાંતિકારી વ્યક્તિ આ દેશ માટે અને દેશના બાળકો માટે લડી રહ્યા છે એમની સાથે આ રીતે ખરાબ વ્યવહાર કરવામાં આવી રહ્યો છે. આ ભાજપ સરકાર બાળકો માટે કંઈ કરી શકી નથી, રોજગારી માટે કંઈ કરી શકી નથી અને બાળકોના ભવિષ્ય માટે પણ કંઈ કરી શકી નથી અને જે વ્યક્તિ યોગ્ય માંગ લઈને બેઠા છે એમને સન્માન પણ નથી આપી રહી. અહીંયા સોનમ વાંગચૂકજી સાથે જે પણ હરકત કરવામાં આવી એ આખા દેશ માટે એક શરમજનક ઘટના હતી.

## ગિરનાર યાત્રા માટે તા.૧૯ જુલાઈના ૯૦૦૯ યાત્રિકોએ ઓનલાઇન રજીસ્ટ્રેશન કર્યું

નરેન્દ્ર દવે જૂનાગઢ | જૂનાગઢ તા.૧૯ ગરવા ગિરનારની યાત્રાએ પધારતા ભાવિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પ્રાયોગિક ધોરણે ઓનલાઈન QR કોડ સ્કેન આધારિત IN /OUT Registration System અમલમાં મૂકવામાં આવી છે. તા.૧૯-૭-૨૦૨૬ના રોજ ૯૦૦૯ લોકોએ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યું છે. આમ, જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રાયોગિક ધોરણે શરૂ થયેલી ભાવિકો માટેની આ વ્યવસ્થાને સકારાત્મક પ્રતિસાદ સાંપડી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, સ્માર્ટફોન ન ધરાવતા યાત્રિકો ઓફલાઈન પણ રજીસ્ટ્રેશન કરી શકે છે. સાથે જ ગિરનારની યાત્રાએ પધારતા ભાવિકોએ કોઈપણ એક ઓળખ કાર્ડ સાથે રાખવા પણ અપીલ કરવામાં આવી છે. સ્થાનિક રહીશો અને પશુપાલકોમાં આ વિસ્તારમાં કાર્યરત ડેરી ઉદ્યોગો, સોલાર પ્લાન્ટ, જીએમડીસી અને ખનીજ કંપનીઓ પ્રત્યે ભારે નારાજગી જોવા મળી રહી છે. કરોડો રૂપિયાની આવક મેળવતા આ ઉદ્યોગો મૂંગા પશુઓની દયનીય હાલત પ્રત્યે આંખ આડા કાન કરી રહ્યા હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે. સરકારે જાહેર કરેલી સહાય પણ પૂરતી ન હોવાથી પશુપાલકોની મુશ્કેલીઓમાં વધારો થયો છે.

Unleashing Values

આઈઆરઈલે (ઈન્ડિયા) લિમિટેડ (IREL (India) Limited


અગાઉ ઈન્ડિયન રેર અર્થ્સ લિમિટેડ.
(ભારત સરકારનું ઉપક્રમ)
CIN: U15100MH1950G01008187 વેબસાઈટ: www.irel.co.in
ISO 9001: 2015, ISO 14001: 2015 અને ISO 45001: 2018 કંપની

સંદર્ભ: ADVT.NO.26-27/8 ટેન્ડર સૂચના તારીખ: 15.07.2026 IREL (ઈન્ડિયા) લિમિટેડ, ચાવરા નીચેની વસ્તુઓ/નોકરી વર્ણનો માટે બિડ આમંત્રિત કરે છે.

| કાર્ય નં (GeM) | કામ/મદ વિગત |
|---|---|
| GEM/2026/B/7788631 | ચાવરા ગામના કરિથુરા વિસ્તારના ખોદાયેલા ખાડાઓમાં HUP ટેલ્સ યાર્ડ/MSP ટેલ્સ યાર્ડથી ટેલ્સ રેતીનું યાંત્રિક લોડિંગ, પરિવહન અને સમતળીકરણ - 240000 ટન માટે |

બિદુર ટેન્ડર ફોર્મ વેબસાઈટ http://rel.co.in અથવા http://gem.gov.in પરથી ડાઉનલોડ કરી શકાય છે. ટેન્ડરનો કોઈપણ સુધારો વેબસાઈટ પર જ પોસ્ટ કરી શકાય છે.
બિડર http://irel.co.in અથવા http://gem.gov.in વેબસાઈટ પરથી ટેન્ડર દસ્તાવેજ ડાઉનલોડ કરી શકે છે. ઉપરોક્ત ટેન્ડરોમાં કોઈપણ શુદ્ધિપત્ર / વિસ્તરણ ફક્ત ઉપરોક્ત વેબસાઈટ્સ પર જ હોસ્ટ કરવામાં આવશે.
CBC48139/11/0009/2627 એસડી. હેડ, ચાવરા

# નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે નવા જલપાઈગુડી યાર્ડ ખાતે મલ્ટી-સેક્શન ડિજિટલ એક્સલ કાઉન્ટર શરૂ કરશે









માલીગાંવ, 19 જુલાઈ, 2026

નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વેએ કટિહાર ડિવિઝન હેઠળના નવા જલપાઈગુડી યાર્ડ ખાતે મલ્ટી-સેક્શન ડિજિટલ એક્સલ કાઉન્ટર (MSDAC) શરૂ કરીને રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના આધુનિકીકરણમાં વધુ એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કર્યું છે. આ કમિશનિંગ 26 થી 28 જુલાઈ, 2026 દરમિયાન થશે. આ અદ્યતન સિગ્નલિંગ સિસ્ટમ ટ્રેન શોધ ક્ષમતાઓમાં નોંધપાત્ર સુધારો કરશે, ઓપરેશનલ સલામતીને મજબૂત બનાવશે, વિશ્વસનીયતા વધારશે અને પ્રદેશના સૌથી વ્યસ્ત રેલ્વે યાર્ડમાંના એક પર સરળ ટ્રેન હિલચાલને સરળ બનાવશે. કમિશનિંગ કાર્યને સરળ બનાવવા માટે, કેટલીક ટ્રેન સેવાઓને અસ્થાયી રૂપે નિયંત્રિત કરવામાં આવશે, જેની વિગતો નીચે મુજબ છે:

રદ કરાયેલી ટ્રેનો:

ટ્રેન નં. ૫૫૭૪૯/૫૫૭૫૦ (ન્યૂ જલપાઈગુડી - હલ્દીબારી - ન્યૂ જલપાઈગુડી) પેસેન્જર ૨૮ જુલાઈ, ૨૦૨૬ ના રોજ રદ કરવામાં આવશે.

આંશિક રીતે રદ કરાયેલી ટ્રેનો:

ટ્રેન નં. ૨૨૩૦૧ (હાવડા - ન્યૂ જલપાઈગુડી) ૨૮ જુલાઈ, ૨૦૨૬ ના રોજ શરૂ થનારી વંદે ભારત એક્સપ્રેસ કિશનગંજ સુધી દોડશે. પરિણામે, કિશનગંજ અને ન્યૂ જલપાઈગુડી વચ્ચેની ટ્રેન સેવા રદ કરવામાં આવશે.

ટ્રેન નં. ૨૨૩૦૨ (ન્યૂ જલપાઈગુડી - હાવડા) ૨૮ જુલાઈ, ૨૦૨૬ ના રોજ શરૂ થનારી વંદે ભારત એક્સપ્રેસ કિશનગંજથી ઉપડશે. પરિણામે, ન્યૂ જલપાઈગુડી અને કિશનગંજ વચ્ચેની ટ્રેન સેવા રદ કરવામાં આવશે.

ટ્રેનોનું સમયપત્રક ફરીથી નક્કી કરવું:

૨૭ જુલાઈ, ૨૦૨૬ ના રોજ શરૂ થનારી ટ્રેન નં. ૧૪૦૩૭ (સિલચર - નવી દિલ્હી) એક્સપ્રેસ ૧૯:૧૦ કલાકને બદલે ૨૧:૧૦ કલાકે સિલચરથી ઉપડશે.

૨૮ જુલાઈ, ૨૦૨૬ ના રોજ શરૂ થનારી ટ્રેન નં. ૧૨૫૧૦ (ગુવાહાટી - એસએમવીટી બેંગલુરુ) એક્સપ્રેસ ૨૮ જુલાઈ, ૨૦૨૬ ના રોજ ગુવાહાટીથી ૦૬:૧૫ કલાકને બદલે ૦૭:૪૫ કલાકે ઉપડશે.

૨૮ જુલાઈ, ૨૦૨૬ ના રોજ શરૂ થનારી ટ્રેન નં. ૧૩૧૪૨ (ન્યૂ અલીપુરદુઆર - સીલદાહ) એક્સપ્રેસ ૨૮ જુલાઈ, ૨૦૨૬ ના રોજ શરૂ થનારી ટ્રેન નં. ૧૩૧૪૨ (ન્યૂ અલીપુરદુઆર - સીલદાહ) એક્સપ્રેસ ૧૧:૫૦ કલાકને બદલે ૧૨:૫૦ કલાકે ઉપડશે.

ટ્રેન ડાયવર્ઝન:

ટ્રેન નંબર 20504 અને 12424 (નવી દિલ્હી - દિબ્રુગઢ) રાજધાની એક્સપ્રેસ, ટ્રેન નંબર 20505 અને 12423 (દિબ્રુગઢ - નવી દિલ્હી) રાજધાની એક્સપ્રેસ, અને ટ્રેન નંબર 20501 (અગરતલા - આનંદ વિહાર ટર્મિનલ) તેજસ રાજધાની એક્સપ્રેસ, 27 જુલાઈ, 2026 ના રોજ શરૂ થનારી, અલુઆબારી રોડ - ઠાકુરગંજ - સિલિગુડી - ગુલમા થઈને ડાયવર્ઝન કરાયેલા રૂટ પર ચાલશે. ડાયવર્ઝન દરમિયાન, આ ટ્રેનો ન્યૂ જલપાઈગુડીને બાયપાસ કરશે અને સિલિગુડી જંક્શન પર કામચલાઉ થોભશે.

નિયમિત ટ્રેનો:

ટ્રેન નંબર 15631 (બાડમેર - ગુવાહાટી) એક્સપ્રેસ, 26 જુલાઈ, 2026 ના રોજ શરૂ થતી, નિર્ધારિત સમયથી લગભગ 60 મિનિટ માટે નિયંત્રણમુક્ત થઈ શકે છે.

આ ખાસ ટ્રેનોના સ્ટોપેજ અને સમયપત્રકની વિગતો IRCTC વેબસાઈટ પર ઉપલબ્ધ છે અને વિવિધ અખબારો અને સમાચાર અહેવાલોમાં પ્રકાશિત કરવામાં આવી છે. C. આ અંગે રેલવેના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પણ સૂચના આપવામાં આવી રહી છે. મુસાફરોને વિનંતી છે કે તેઓ તેમની મુસાફરી શરૂ કરતા પહેલા તેમની મુસાફરીની વિગતો તપાસે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### ખેડૂતોની ચાર ગણા વળતરની માંગ, પાવરગ્રીડ કામગીરી સામે વિરોધ

# સુરતમાં ખેડૂતોનો બળવો પાવરગ્રીડ સામે આક્રોશ

(એજન્સી) સુરત । તા. 19



સુરત જિલ્લામાં પાવરગ્રીડ લાઇન માટે ટાવર નાખવાની કામગીરી સામે ખેડૂતોનો આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે. ખાનગી કંપની દ્વારા ખેતીની જમીનોમાં ટાવર ઉભા કરવાની કામગીરીના વિરોધમાં આજે શનિવારે ૫૦૦થી વધુ ખેડૂતો સુરત કલેક્ટર કચેરી ખાતે એકઠા થયા હતા. ખેડૂતોએ સરકારના ૪ જુલાઈના પરિપત્રને અન્યાયી ગણાવી તેની કલેક્ટર કચેરીની બહાર જાહેરમાં હોળી કરીને પોતાનો ઉગ્ર રોષ વ્યક્ત કર્યો હતો. આ વિરોધ પ્રદર્શનમાં ઓલપાડ, માંગરોળ, કામરેજ, બારડોલી, મહુવા અને પલસાણા સહિતના તાલુકાઓના ખેડૂતો મોટી સંખ્યામાં જોડાયા હતા. "વળતર નહીં તો ટાવર નહીં" ના ગગનભેદી નારા સાથે ખેડૂતોએ આખો વિસ્તાર ગજવી મૂક્યો હતો. ખેડૂતોનું સ્પષ્ટ માનવું છે કે ખેતીની જમીનમાંથી પાવરગ્રીડના થાંભલા પસાર થવાથી જમીનની ફળદ્રુપતા ઘટે છે અને ભવિષ્યમાં તે જમીન બિનઉપજાઉ બની જવાની ભીતિ સેવાઈ રહી છે.

સરકાર દ્વારા ૪ જુલાઈના રોજ પાવરગ્રીડના ટાવર ઉભા કરવાના મુદ્દે વળતર અંગે એક પરિપત્ર બહાર પાડવામાં આવ્યો હતો. જોકે, ખેડૂત આગેવાનોનું કહેવું છે કે આ પરિપત્રમાં નક્કી કરાયેલું વળતર ખૂબ જ ઓછું છે અને તે ખેડૂતોના આર્થિક નુકસાનની સામે કંઈ જ નથી. પરિપત્રની શરતો ખેડૂતોના હિતમાં ન હોવાથી, રોષે ભરાયેલા ખેડૂતોએ આ પરિપત્રની નકલો સળગાવીને વિરોધ નોંધાવ્યો છે અને સરકારની આ નીતિને ફગાવી દીધી છે.

ખેડૂતોની માંગણીઓ અને આરપારની લડાઈ

ખેડૂતોએ પોતાની માંગણીઓ અંગે સ્પષ્ટ વલણ અપનાવ્યું છે. ખેડૂતોની મુખ્ય માંગણીઓ નીચે મુજબ છે:

૧. જમીનની હાલની બજાર કિંમત પ્રમાણે ચાર ગણું વળતર આપવામાં આવે.

૨. જમીન પરના ટાવર દીઠ વાર્ષિક ૫૦,૦૦૦ રૂપિયાનું ભાડું ચૂકવવામાં આવે.

૩. અથવા તો, ટાવર દીઠ ૨ કરોડ રૂપિયાનું વળતર ચૂકવવામાં આવે.

ખેડૂત આગેવાનોએ ચેતવણી આપી છે કે જ્યાં સુધી સરકાર આ માંગણીઓ નહીં સ્વીકારે, ત્યાં સુધી તેઓ કોઈપણ સંજોગોમાં ટાવર ઉભા કરવાની કામગીરી થવા દેશે નહીં. તેઓ આ લડાઈને હવે આરપારની લડાઈ ગણાવી રહ્યા છે.

સુરતની આ ઘટનાએ તંત્રની મુશ્કેલીમાં વધારો કર્યો છે. એક તરફ વિકાસના કામો માટે પાવરગ્રીડ લાઈન અનિવાર્ય છે, તો બીજી તરફ જમીન ગુમાવી રહેલા ખેડૂતોના હિતોનું રક્ષણ કરવું પણ સરકારની જવાબદારી છે. જોકે, ખેડૂતોના આક્રોશને જોતા લાગે છે કે આગામી સમયમાં આ મુદ્દો વધુ ઘેરો બનશે. ખેડૂતોએ અગાઉ પણ પોતાની જમીનો બચાવવા અને યોગ્ય વળતર માટે અવાજ ઉઠાવ્યો છે, પરંતુ આ વખતે તેમણે કડક વલણ અપનાવ્યું છે.

સુરત જિલ્લાના આ ખેડૂત આંદોલનને અન્ય વિસ્તારોમાંથી પણ સમર્થન મળી રહ્યું છે. સરકાર હવે આ વિવાદનો શું ઉકેલ લાવે છે અને શું ખેડૂતોની માંગણીઓ સામે ઝૂકે છે કે કેમ, તે જોવું આગામી દિવસોમાં અત્યંત મહત્વનું બની રહેશે. હાલ તો કલેક્ટર કચેરી બહાર થયેલા આ દેખાવે તંત્રને પણ વિચારતું કરી દીધું છે.

## વડોદરા ફાયર બ્રિગેડના વાહનોના ખર્ચમાં વધારો, ડ્રાઈવરોની બેદરકારી મુદ્દે એજન્સીને નોટિસ



વડોદરા | વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના ફાયર વિભાગમાં સરકારી વાહનોની જાળવણી અને વધતા જતાં મેન્ટેનન્સ ખર્ચનો મુદ્દો ફરી એકવાર વિવાદના વંટોળમાં છે. કોર્પોરેશને ફાયર વિભાગને ડ્રાઈવરો પૂરા પાડતી 'અલ્ટ્રા મોડલ એજન્સી'ને સખત નોટિસ પાઠવી છે, જેમાં ડ્રાઈવરોની બેદરકારીને કારણે વાહનોને થતા નુકસાન અને વધતા ખર્ચ માટે એજન્સીને જવાબદાર ઠેરવવામાં આવી છે. કોર્પોરેશનના સૂત્રોના જણાવ્યા અનુસાર, એજન્સી દ્વારા પૂરા પાડવામાં આવતા ડ્રાઈવરો એમ્બ્યુલન્સ અને ટેન્કર જેવા ઈમરજન્સી વાહનો ચલાવવામાં ગંભીર બેદરકારી દાખવી રહ્યા છે. ગિયર સિસ્ટમ, ક્લચ પ્લેટ અને બ્રેક લાઈનર જેવા વાહનોના મહત્વના ભાગો વારંવાર બગડી રહ્યા છે, જેના કારણે કોર્પોરેશનના ખજાના પર આર્થિક બોજ વધી રહ્યો છે. નોટિસમાં સ્પષ્ટતા માંગવામાં આવી છે કે ડ્રાઈવરોની ભરતી વખતે શું યોગ્ય એચએમવી (HMV) ટેસ્ટ લેવામાં આવ્યા હતા? વધુમાં, ડ્રાઈવરોની વારંવારની રજાઓના કારણે ઈમરજન્સી સેવાઓમાં પણ વિક્ષેપ પડી રહ્યો છે.

## વડોદરામાં ચેક બાઉન્સ કેસમાં વેપારીને એક વર્ષની કેદ, રૂ. 5.70 લાખનું વળતર ચૂકવવા પણ આદેશ

(એજન્સી) વડોદરા । તા. 19

વડોદરાની જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસની કોર્ટે એક મહત્વના ચુકાદામાં ચેક બાઉન્સના કેસમાં આરોપી વેપારીને દોષિત ઠેરવી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. રૂ. ૫.૭૦ લાખના ચેક બાઉન્સ કેસમાં કોર્ટે આરોપી મેહુલકુમાર વિનોદભાઈ દરજીને એક વર્ષની સાદી કેદની સજા ફટકારી છે. આ સાથે જ કોર્ટે આરોપીને ફરિયાદીને પૂરેપૂરી રકમ એટલે કે ૫.૭૦ લાખ રૂપિયા વળતર પેટે ચૂકવવાનો પણ આદેશ આપ્યો છે, જે ન્યાયિક પ્રક્રિયામાં વિશ્વાસ મજબૂત કરતો કિસ્સો બની રહ્યો છે.

ફરિયાદી અલીઅખબર ઓનાલી વોહરા, જેઓ સમા વિસ્તારમાં રહે છે, તેમણે આરોપી મેહુલ દરજી વિરુદ્ધ કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી. ફરિયાદ મુજબ, આરોપી મેહુલ દરજીએ પોતાના વ્યવસાયિક કામકાજ માટે અલગ-અલગ સમયે ફરિયાદી પાસેથી કુલ ૫.૭૦ લાખ રૂપિયા ઉછીના લીધા હતા. આ રકમ પરત કરવાના હેતુથી આરોપીએ જે ચેક આપ્યો હતો, તે જ્યારે બેંકમાં રજૂ કરવામાં આવ્યો ત્યારે તે અપૂરતા ભંડોળના કારણે બાઉન્સ થયો હતો.

ચેક બાઉન્સ થયા બાદ ફરિયાદીએ આરોપીને કાયદેસરની નોટિસ મોકલી હતી, છતાં આરોપીએ લેણી નીકળતી રકમ પરત કરવામાં કોઈ રસ દાખવ્યો ન હતો. આથી, વર્ષ ૨૦૨૦માં ફરિયાદીએ પોતાના વકીલ જે. એલ. સૈયદ દ્વારા કોર્ટમાં કલમ-૧૩૮ હેઠળ ફરિયાદ નોંધાવી હતી. છેલ્લા છ વર્ષથી ચાલી રહેલા આ કાયદાકીય જંગમાં અંતે કોર્ટે ફરિયાદીના પક્ષમાં ચુકાદો આપી ન્યાય તોળ્યો છે.

કોર્ટે પોતાના ચુકાદામાં સ્પષ્ટપણે નોંધ્યું હતું કે ફરિયાદી પક્ષ આરોપી વિરુદ્ધ કાયદેસર વસૂલપાત્ર દેવું સાબિત કરવામાં સંપૂર્ણપણે સફળ રહ્યો છે. બીજી તરફ, આરોપી પક્ષ કાયદાકીય ધારણાઓનું ખંડન કરવામાં નિષ્ફળ રહ્યો હતો. કલમ-૧૩૮ (નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ) ના કાયદા મુજબ ચેક બાઉન્સ થવો એ ગુનો છે અને આરોપી તેમાંથી પોતાની જવાબદારી ખંખેરી શક્યો નહીં.

## આજવા રોડ પર કોડીન કફ સિરપ સાથે મહિલા ઝડપાઈ, પોલીસે 94 બોટલો જપ્ત કરી

(એજન્સી) વડોદરા । તા. 19

વડોદરાના આજવા રોડ વિસ્તારમાં આવેલા દત્તનગર ખાતેથી એસ.ઓ.જી. (SOG) ની ટીમે નશાકારક કોડીન કફ સિરપનું વેચાણ કરતી એક મહિલાને રંગેહાથ ઝડપી પાડી છે. આ મામલે પોલીસે મહિલા વિરુદ્ધ નારકોટિક્સનો ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. શહેરના યુવાનોને નશાની ગર્તામાં ધકેલતા આ ગેરકાયદેસર વેપારના પર્દાફાશથી સ્થાનિક વિસ્તારમાં ખળભળાટ મચી ગયો છે.

### બાતમીના આધારે પોલીસે પાડી દરોડા

એસ.ઓ.જી.ના સ્ટાફને ગુપ્ત બાતમી મળી હતી કે દત્તનગરમાં રહેતી અમરતકૌર સતનામસિંગ સિકલીગર નામની મહિલા પોતાના ઘરમાં કોડીન કફ સિરપનો મોટો જથ્થો છુપાવીને તેનું ગેરકાયદેસર વેચાણ કરે છે. આ બાતમીના આધારે એ.એસ.આઈ. આસિફ ઈકબાલભાઈ અને અન્ય સ્ટાફની ટીમે મહિલાના મકાન પર દરોડા પાડ્યા હતા. તપાસ દરમિયાન પોલીસને સોફાની નજીક દીવાલ પાસે એક થેલો મળી આવ્યો હતો, જેમાંથી ૧૦૦ એમ.એલ.ની શિડ્યુલ એચ-૧ વાળી કોડીન કફ સિરપની કુલ ૯૪ બોટલો જપ્ત કરવામાં આવી હતી.

### બેચ નંબર ભૂંસી નાખવાનું કાવતરું

પોલીસ તપાસમાં એક ચોંકાવનારી બાબત સામે આવી હતી કે, તમામ બોટલો પરથી સ્પષ્ટ રીતે બેચ નંબર ઘસીને ભૂંસી નાખવામાં આવ્યા હતા. આ કામગીરીનો મુખ્ય ઉદ્દેશ્ય પોલીસ અને તપાસ એજન્સીઓને તે સિરપના મૂળ સપ્લાયર કે મેડિકલ સ્ટોર સુધી પહોંચતા અટકાવવાનો હતો. પોલીસે ઘટનાસ્થળે ફૂડ એન્ડ ડ્રગ્સ ડિપાર્ટમેન્ટના અધિકારીઓને બોલાવીને જપ્ત કરેલા જથ્થાની ખરાઈ કરાવી હતી, જેમાં તે નશાકારક કફ સિરપ હોવાનું સ્પષ્ટ થયું હતું.

## બુટલેગર જયસ્વાલ પરિવારની કરોડોની મિલકત જપ્ત, 75 કરોડની મિલકતની હરાજી

(એજન્સી) વડોદરા । તા. 19

ડભોઈ રોડ પર આવેલા રતનપુર ગામના કુખ્યાત જયસ્વાલ પરિવારની દારૂના કાળા કારોબાર દ્વારા ઉભી કરવામાં આવેલી કરોડો રૂપિયાની સામ્રાજ્ય પર હવે તંત્રનું બુલડોઝર ફરશે. ગેરકાયદેસર દારૂના ધંધા અને અન્ય ગુનાહિત પ્રવૃત્તિઓ દ્વારા એકત્રિત કરવામાં આવેલી ૭૫.૦૩ કરોડ રૂપિયાની જંગી મિલકતોને હવે સરકાર દ્વારા હરાજી કરીને જપ્ત કરવામાં આવશે. આ કાર્યવાહીથી વડોદરાના ગુનાહિત તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

### ગુજસીટોક હેઠળ કાર્યવાહી

જયસ્વાલ પરિવાર સામે 'ગુજસીટોક' (ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ) હેઠળ ગુનો દાખલ થયા બાદ પોલીસ દ્વારા આ સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે, આ પરિવારે દારૂના ગેરકાયદે વેપાર દ્વારા અઢળક નાણું કમાઈને આલીશાન મિલકતો વસાવી છે. જિલ્લા પોલીસની ટીમે વેલ્યુઅર્સની મદદ લઈને આ તમામ મિલકતોની બજાર કિંમત નક્કી કરી હતી, જેનો કુલ આંકડો ૭૫.૦૩ કરોડ રૂપિયા સુધી પહોંચ્યો છે.

આ તમામ મિલકતોની વિગતવાર યાદી તૈયાર કરીને મંજૂરી માટે ગાંધીનગર ખાતે ગૃહ વિભાગમાં મોકલી આપવામાં આવી હતી, જેને હવે લીલીઝંડી મળી ગઈ છે. હવે આ મિલકતોની હરાજી માટે 'અપસેટ વેલ્યુ' નક્કી કરવામાં આવશે. આ પ્રક્રિયાને પારદર્શક બનાવવા અને કાયદાકીય રીતે યોગ્ય મૂલ્ય મેળવવા માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (સી.એ.) ની નિમણૂંક પણ કરવામાં આવશે. ગૃહ વિભાગની અંતિમ મંજૂરી મળતાની સાથે જ હરાજીની પ્રક્રિયાનો આરંભ થશે. વડોદરા પોલીસની આ કાર્યવાહી એવા તત્વો માટે ચેતવણી સમાન છે જેઓ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરીને સમાજમાં અસ્થિરતા ફેલાવે છે. માત્ર જેલની સજા જ નહીં, પરંતુ ગુનાખોરી દ્વારા વસાવેલી સંપત્તિ પણ જપ્ત કરવામાં આવશે, તેવો કડક સંદેશ આ કેસ દ્વારા સરકાર અને પોલીસે આપ્યો છે.

## શેરખીમાં નશાના કારોબારનો SOG દ્વારા પર્દાફાશ, 5.41 લાખનો નશાનો જથ્થો જપ્ત



વડોદરા | વડોદરા નજીકના શેરખી ગામમાં નશાના કારોબાર સામે પોલીસે લાલ આંખ કરી છે. જિલ્લા એસઓજી (SOG) ની ટીમે શેરખી નાના ભાગમાં આવેલા ભાથીજી મંદિરવાળા ફળિયામાં દરોડો પાડી નશાના મોટા કારોબારનો પર્દાફાશ કર્યો છે. આ દરોડા દરમિયાન એક શખ્સની ધરપકડ કરવામાં આવી છે અને લાખો રૂપિયાનો પ્રતિબંધિત નશાનો જથ્થો કબજે કરવામાં આવ્યો છે. પોલીસને મળેલી ગુપ્ત માહિતીના આધારે, લાલજી ધુળાભાઈ રબારી નામના શખ્સના ઘરે તપાસ કરવામાં આવી હતી. આ તપાસમાં ઘરમાંથી ૨૧.૨૧૦ કિલો પોષડોડા, જેની કિંમત આશરે ૩.૧૮ લાખ રૂપિયા છે, તથા ૪૩૫ ગ્રામ અફીણ, જેની કિંમત ૨.૧૭ લાખ રૂપિયા છે, મળી આવ્યું હતું. પોલીસે નશાના આ જથ્થા ઉપરાંત મોબાઈલ ફોન અને વજનકાંટા સહિત કુલ ૫.૪૧ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે પકડાયેલો આરોપી આ પ્રતિબંધિત પદાર્થોનું છૂટક વેચાણ કરતો હતો. હાલ પોલીસ તે દિશામાં તપાસ કરી રહી છે કે નશાનો આ મોટો જથ્થો તેને ક્યાંથી મળતો હતો અને તે કોને વેચાણ કરતો હતો.

### ઉધના ગરનાળામાં પાણી ભરાયા

# સુરતમાં મેઘરાજાનું આગમન બે ઈંચ વરસાદ



(એજન્સી) સુરત । તા. 19

આજે વહેલી સવારથી જ સુરત શહેરમાં મેઘરાજાએ પોતાનું રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. આકાશમાં કાળા ડિબાંગ વાદળોના જમાવડા સાથે શરૂ થયેલી અનરાધાર મેઘમહેરને કારણે માત્ર થોડા જ કલાકોમાં શહેરના અનેક વિસ્તારો જળબંબાકાર થઈ ગયા છે. મોસમનો આશરે બે ઈંચ જેટલો વરસાદ ખાબકતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે, જેના કારણે સવારના સમયે કામધંધે નીકળતા નોકરિયાત વર્ગ અને વિદ્યાર્થીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો છે.

વરસાદના કારણે શહેરના સૌથી વ્યસ્ત ગણાતા ઉધના ગરનાળામાં ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા હતા. પાણીના ભરાવાને લીધે વાહનચાલકો માટે મુસાફરી કરવી જોખમી બની હતી. અનેક ટુ-વ્હીલર વાહનો પાણીમાં બંધ પડી જતા વાહનચાલકોએ ધક્કા મારવાની નોબત આવી હતી. ટ્રાફિક વ્યવસ્થા સંપૂર્ણપણે ખોરવાઈ જતા માર્ગો પર વાહનોની લાંબી કતારો જોવા મળી હતી. સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે દર વર્ષે ચોમાસામાં ઉધના ગરનાળાની આવી જ સ્થિતિ સર્જાય છે, તેમ છતાં તંત્ર દ્વારા પૂરતી કામગીરી કરવામાં આવતી નથી.

શહેરના નીચાણવાળા વિસ્તારો જેવા કે વરાછા, કતારગામ, અડાજણ અને લિંબાયતના કેટલાક ભાગોમાં રોડ પર પાણી ફરી વળ્યા હતા. સોસાયટીઓના પાર્કિંગમાં પાણી ઘૂસી જવાથી વાહનો પાણીમાં ગરકાવ થયા હતા. સવારના સમયે વરસાદનો વેગ એટલો તીવ્ર હતો કે ડ્રેનેજ સિસ્ટમ પણ પાણીનો નિકાલ કરવામાં વામણી સાબિત થઈ હતી. અનેક જગ્યાએ રસ્તાઓ પર ખાડાઓ પડી જતા વાહનચાલકોને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે.

દર વર્ષે ચોમાસા પૂર્વે પ્રિ-મોન્સૂન કામગીરીના લાંબા-લંબા દાવા કરનાર મ્યુનિસિપલ કોર્પોરેશનના તંત્રની આજના વરસાદે પોલ ખોલી નાખી છે. શહેરના મુખ્ય માર્ગો પર પાણી ભરાતા ડ્રેનેજ સફાઈના દાવાઓ સામે પણ પ્રશ્નાર્થ ચિહ્નો ઊભા થયા છે. વરસાદી પાણીના નિકાલ માટેની વ્યવસ્થા અપૂરતી હોવાનું સ્પષ્ટપણે જણાઈ રહ્યું છે. લોકોમાં વહીવટી તંત્રની આ બેદરકારી સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગની આગાહી મુજબ, હજુ પણ આવનારા કલાકોમાં સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં વરસાદનું જોર યથાવત્ રહેવાની શક્યતા છે. તંત્ર દ્વારા લોકોને અત્યંત જરૂરિયાત વગર બહાર ન નીકળવાની સલાહ આપવામાં આવી છે. મેયર અને મ્યુનિસિપલ કમિશનર દ્વારા પાણી નિકાલ માટેની ટીમ સતત મોનિટરિંગ કરી રહી હોવાના દાવા કરવામાં આવી રહ્યા છે, પરંતુ વાસ્તવિક સ્થિતિ સુધરતા હજુ સમય લાગશે તેમ જણાય છે.

### કચરા વર્ગીકરણમાં વહીવટી ખામી, લીલા-ભૂરા ડસ્ટબીન ગાયબ થયા

# વડોદરામાં કચરાના વર્ગીકરણના નિયમમાં બેદરકારી

(એજન્સી) વડોદરા । તા. 19



વડોદરા શહેરમાં સ્વચ્છતાના નિયમોના અમલીકરણને લઈને ગંભીર બેદરકારી સામે આવી છે. ભીનો અને સૂકો કચરો અલગ કરવા માટે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન (વીએમસી) દ્વારા વારંવાર સૂચનાઓ આપવામાં આવી રહી છે, તેમ છતાં નાગરિકો અને સફાઈ કર્મચારીઓ બંને સ્તરે અમલીકરણમાં મોટી ખામીઓ જોવા મળી રહી છે. એક તરફ નાગરિકો કચરો અલગ કરવામાં આળસ દાખવી રહ્યા છે, તો બીજી તરફ ડોર ટુ ડોર કલેક્શન કરતા કર્મચારીઓ જ આ બંને પ્રકારના કચરાને એક જ ગાડીમાં ભેગો કરી દેતા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

ભારત સરકારના પર્યાવરણ અને જલવાયુ પરિવર્તન મંત્રાલયના ગેઝેટ નોટિફિકેશન મુજબ, ૧ એપ્રિલ, ૨૦૨૬થી સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૨૬ અમલમાં છે. વીએમસી દ્વારા સ્પષ્ટ તાકીદ કરવામાં આવી છે કે દરેક નાગરિક, વેપારી, સંસ્થા અને ઉદ્યોગે કચરાનું ઉત્પત્તિ સ્થળે જ વર્ગીકરણ કરવું ફરજિયાત છે. ભીનો, સૂકો, સેનેટરી અને જોખમી કચરો અલગ કરીને જ ડોર ટુ ડોર સ્ટાફને સોંપવાનો રહેશે. નિયમનો ભંગ કરનાર સામે દંડાત્મક કાર્યવાહીની પણ જોગવાઈ છે, છતાં જમીની સ્તરે પરિસ્થિતિ કંઈક અલગ જ છે. શહેરમાં સ્વચ્છતા માટે કોર્પોરેશન દ્વારા મૂકવામાં આવેલા લીલા અને ભૂરા રંગના મોટા પ્લાસ્ટિક ડસ્ટબીન હવે મોટાભાગના વિસ્તારોમાંથી ગાયબ થઈ ગયા છે અથવા તો તૂટી ગયેલી હાલતમાં જોવા મળે છે. ડસ્ટબીનની સુવિધા ન હોવાથી નાગરિકો સંપૂર્ણપણે ડોર ટુ ડોર સંગ્રહ સેવા પર નિર્ભર છે. જો કોઈ કારણસર કચરાની ગાડી સમયસર ન આવે, તો લોકોને આખો દિવસ ઘરમાં કચરો ભરી રાખવાની મજબૂરી થાય છે. ખાસ કરીને સિનિયર સિટિઝનોએ આ અંગે રજૂઆત કરી છે કે જો કચરાપેટીઓની વ્યવસ્થા નહીં હોય તો લોકો ગમે ત્યાં કચરો ફેંકવા મજબૂર થશે, જેનાથી સ્વચ્છતા અભિયાન નિષ્ફળ જશે.

નવા નિયમો મુજબ, મોટા પ્રમાણમાં કચરો ઉત્પન્ન કરતા બલ્ક વેસ્ટ જનરેટર્સે પોતાના સ્તરે જ કચરાનું વ્યવસ્થાપન કરવું ફરજિયાત છે. જાહેર સ્થળોએ કચરો ફેંકવો એ પણ કાયદેસર ગુનો જાહેર કરવામાં આવ્યો છે. વીએમસીએ દંડ વસૂલવાની વાત તો કરી છે, પરંતુ આ દંડની પ્રક્રિયા માત્ર કાગળ પર જ રહે છે કે પછી તેનું યોગ્ય અમલીકરણ થાય છે, તે મોટો પ્રશ્ન છે. જ્યારે કોર્પોરેશનનો પોતાનો સ્ટાફ જ કચરાના વર્ગીકરણમાં ગંભીરતા ન દાખવતો હોય, ત્યારે નાગરિકો પાસેથી નિયમ પાલનની અપેક્ષા કેવી રીતે રાખી શકાય? કચરાનું વર્ગીકરણ ન થવાથી રિસાયક્લિંગની પ્રક્રિયા પર સીધી અસર પડી રહી છે. ભીનો કચરો સૂકા કચરા સાથે ભળી જવાથી બંને પ્રકારના કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવો અશક્ય બને છે. વડોદરાના નાગરિકો ઈચ્છે છે કે વહીવટીતંત્ર માત્ર દંડની ધમકી આપવાને બદલે પહેલા ડસ્ટબીનની પુરતી સુવિધા પૂરી પાડે અને સફાઈ કામદારોને પણ કચરો અલગ રાખવા અંગે તાલીમ આપે. સ્વચ્છતા જાળવવા માટે વહીવટી તંત્ર અને નાગરિકો વચ્ચે સંકલન હોવું ખૂબ જ અનિવાર્ય છે.

### બાળકોમાં ચાંદીપુરાના લક્ષણો જણાયા

## વડોદરામાં ચાંદીપુરા વાયરસના પાંચ શંકાસ્પદ કેસ

(એજન્સી) વડોદરા । તા. 19




વડોદરાની સયાજી અને ગોત્રી હોસ્પિટલમાં ચાંદીપુરા વાયરસના પાંચ શંકાસ્પદ કેસ નોંધાતા આરોગ્ય તંત્રમાં દોડધામ મચી ગઈ છે. આ તમામ બાળ દર્દીઓમાં ચાંદીપુરા વાયરસના પ્રાથમિક લક્ષણો જોવા મળ્યા છે, જેને લઈને તબીબી ટીમો દ્વારા તાત્કાલિક સારવાર શરૂ કરી દેવામાં આવી છે. સયાજી હોસ્પિટલમાં હાલમાં પંચમહાલ જિલ્લાના ત્રણ બાળકો સારવાર હેઠળ છે. આ ત્રણ બાળકોમાં ચાંદીપુરા વાયરસના લક્ષણો સ્પષ્ટપણે જોવા મળતા તબીબો એલર્ટ મોડ પર છે. આ પૈકી સાડા ત્રણ વર્ષના એક બાળકની તબિયત ગંભીર હોવાથી તેને હાલ વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યો છે. તબીબી નિષ્ણાતો બાળકની સ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે.

બીજી તરફ ગોત્રી હોસ્પિટલમાં પણ બે શંકાસ્પદ બાળકો સારવાર લઈ રહ્યા છે. જેમાં ભાયલી વિસ્તારનો ત્રણ વર્ષનો બાળક અને રાજપીપળાનો બે વર્ષનો બાળક સામેલ છે. હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા અનુસાર, બંને બાળકોને તબીબી નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યા છે અને તેમની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. આ તમામ પાંચેય બાળકોના નમૂનાઓ તપાસ માટે લેબમાં મોકલવામાં આવ્યા છે અને હાલ તેના રિપોર્ટની પ્રતીક્ષા કરવામાં આવી રહી છે. રિપોર્ટ આવ્યા બાદ જ આ કેસ સત્તાવાર રીતે ચાંદીપુરા વાયરસના છે કે અન્ય કોઈ બીમારીના, તે અંગે સ્પષ્ટતા થશે. આરોગ્ય વિભાગ દ્વારા વાયરસના ફેલાવાને રોકવા અને તકેદારી રાખવા માટે ખાસ સૂચનાઓ આપવામાં આવી છે.

### દારૂની પરમિટ ન હોવાથી પોલીસની લાલ આંખ

## વડોદરામાં નશેબાજ કાર ચાલકે થાંભલા સાથે કાર અથડાવી

(એજન્સી) વડોદરા । તા. 19

વડોદરાના પાણીગેટ વિસ્તારમાં ગઈકાલે મોડી રાત્રે એક નશેબાજ કાર ચાલકે ભારે અફરાતફરી મચાવી હતી. શાક માર્કેટ પાસે અતિશય નશાની હાલતમાં કાર ચલાવી રહેલા એક યુવાને સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતા કાર સીધી વીજળીના થાંભલા સાથે અથડાઈ હતી. સદનસીબે આ અકસ્માતમાં કોઈ મોટી જાનહાનિ ટળી હતી, પરંતુ કારનો આગળનો ભાગ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો. ઘટનાની જાણ થતા જ પેટ્રોલિંગ કરી રહેલી પાણીગેટ પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી. પાણીગેટ શાક માર્કેટ અને એકતાનગર પાસેના માર્ગ પર આ અકસ્માત સર્જાતા સ્થાનિક લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. અકસ્માતની તીવ્રતા એટલી હતી કે થાંભલો પણ નમી ગયો હતો. પોલીસે સ્થળ પર પહોંચી તપાસ કરતા કારચાલક ચિરાગ નટવરભાઈ પટેલ (રહે. શિવાય સ્કાય, વાઘોડિયા રોડ) નશાની હાલતમાં હોવાનું જણાઈ આવ્યું હતું. પૂછપરછ દરમિયાન તેણે શહેરના અલગ અલગ વિસ્તારોમાં ખરીદી કર્યા બાદ દારૂ પીધો હોવાની કબૂલાત કરી હતી.

પોલીસે જ્યારે ચિરાગ પાસે દારૂ પીવાની કાયદેસરની પરમિટ માંગી, ત્યારે તે રજૂ કરી શક્યો ન હતો. ગુજરાતમાં દારૂબંધીના કડક કાયદાઓ હોવા છતાં, કોઈ પણ પ્રકારની પરમિટ વગર દારૂ પીવો અને ત્યારબાદ નશામાં વાહન ચલાવવું તે ગંભીર ગુનો છે. પોલીસે ચિરાગ પટેલ વિરુદ્ધ દારૂ પીને કાર ચલાવવા બદલ અને જાહેર માર્ગ પર અકસ્માત સર્જીને લોકોના જીવ જોખમમાં મૂકવા બદલ કાયદેસરનો ગુનો દાખલ કર્યો છે.

વડોદરા શહેરમાં નશાની હાલતમાં વાહન ચલાવવાની ઘટનાઓ દિન-પ્રતિદિન વધી રહી છે. આ પ્રકારના બેજવાબદાર કાર ચાલકોને કારણે માર્ગ પર ચાલતા નિર્દોષ નાગરિકોનો જીવ જોખમમાં મુકાય છે. પાણીગેટ પોલીસની આ કાર્યવાહી બાદ હવે વાહનચાલકોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમારી જાતને એવી પ્રવૃત્તિઓમાં મશગુલ રાખો જે તમને તમારૂં મગજ શાંત રાખવામાં મદદરૂપ થાય. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. માત્ર સ્પષ્ટ સમજદારીથી તમે તમારી પત્નીને લાગણીશીલ ટેકો આપી શકશો.

**વૃષભ : બ. વ. ઉ.**

આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું પરિસ્થિતિ અંકુશમાં રાખવા માટે તમારા ભાઈને મદદ કરો.વિવાદને કારણ વગર વધારશો નહીં એના કરતાં શાંતિપૂર્વક તેને ઉકેલવાનો પ્રયાસ કરજો.

**મિથુન : ક. છ. ઘ.**

તમારા વિચારોને કેટલાક હકારાત્મક વિચારોમાં વાળો કેમ કે તમે ભયના ડરામણા દૈત્ય સામે લડી રહ્યા છો, અન્યથા તમે આ કટ્ટર દૈત્યના નિષ્ક્રિય તથા આસાન ભોગ બની જશો. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે.

**કર્ક : ડ. હ.**

સફળતા હાથવેંતમાં હોવા છતાં શક્તિનો ક્ષય થતો લાગશે. ઉતાવળા નિર્ણય લેતા નહીં- ખાસ કરીને ત્યારે તમે મહત્વના આર્થિક સોદા પાર પાડવાના હો. તમને પરિવારના સભ્યો સાથે કેટલીક મુશ્કેલીઓ હશે પણ તેને તમારા મગજની શાંતિ હણવા ન દો.

**સિંહ : મ. ટ.**

તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. જો તમારે જીવન સુગમ રીતે ચલાવવું હોય તો તમારે ધન ના આવાગમન પર ધ્યાન આપવું જોઈએ સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે.

**કન્યા : પ. ઠ. ણ.**

ધ્યાન રાહત લાવશે. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે. તમારા સામાજિક જીવનની ઉપેક્ષા કરતા નહીં. તમારા વ્યસ્ત સમયપત્રકમાંથી થોડો સમય કાઢી તમારા પરિવાર સાથે પાર્ટીમાં હાજરી આપજો.

**તુલા : ર. ત.**

નિરાશાવાદી અભિગમ ટાળવો જોઈએ કારણ કે તે તમારી શક્યતાઓને ન માત્ર ન્યૂનતમ કરશે બલ્કે તમારા શરીરની સંવાદિતામાં પણ ખલેલ પહોંચાડશે. ખર્ચ વધશે પણ આવકમાં થતો વધારો તમારા ખર્ચને પહોંચી વળશે.

**વૃશ્ચિક : ન. ય.**

તમારા ઉત્સાહને વધારવા માટે તમારા મગજમાં ઉજ્જવળ તથા ગરિમાયુક્ત ચિત્ર ઊભું કરો. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો. પત્ની સાથે સંબંધો સુમેળભર્યા બનાવવા માટે સારો દિવસ. પરિવારમાંના બંને જણ તેમના સંબંધમાં પ્રેમ અને વિશ્વાસ પ્રત્યે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ હોવા જોઈએ.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

ભય તમારી ખુશીને હાનિ પહોંચાડી શકે છે. તમારે એ સમજવાની જરૂર છે કે એ તમારા જ વિચારો અને કલ્પનાનું ઉત્પાદન છે. તે સ્વયંસ્ફૂરિતાને મારી નાખે છે-જીવનના આનંદને નુકસાન કરે છે અને આપણી કાર્યક્ષમતાન પંગુ બનાવે છે.

**મકર : ખ. જ.**

ભોજનનો સ્વાદ જેમ તેમાંના નમકને આભારી છે-એમ કેટલીક તકલીફો પણ જરૂરી છે, તો જ ખુશીનું ખરૂં મૂલ્ય સમજાશે. આ રાશિ ના વેપારીઓ ને આજે પોતાના ઘર ના તે સભ્યો થી દૂર રહેવું જોઈએ જે લોકો ઉધારી પૈસા માંગે તો છે પણ પાછા નથી આપતા જેનાથી તમારા જીવનસાથી નવેસરથી તમારા પ્રેમમાં પડશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. તમે તેજસ્વી નવા વિચારો સાથે સામે આવશો, એ વિચારો તમને આર્થિક લાભ આપવશે. અન્યો સાથે વાદ-વિવાદ તથા બોલાચાલી અને તેમનામાં અકારણ ભૂલો શોધવાનું ટાળો. આજે તમે ડેટ પર જવાના હો તો,વિવાદાસ્પદ મુદ્દા ઊભા કરવાનું ટાળો.

**મીન : દ. ચ. ઝ. થ.**

ભૂતકાળનો ખરાબ નિર્ણય આજે હતાશા તથા માનસિક અશાંતિ તરફ દોરી જશે-તમે જાણે રઝળી પડ્યા હો એવું લાગશે અને આગળ શું કરવું તેની દ્વિધામાં પડી જશો- અન્યો પાસેથી મદદ લો. નાણાંપ્રવાહમાં વધારો મહત્વની ખરીદી કરવી તમારી માટે આસાન બનાવશે.

**વાયરસ**

## જામનગરમાં ચાંદીપુરાના શંકાસ્પદ કેસ અને એક બાળકના મૃત્યુ બાદ આરોગ્ય તંત્ર એલર્ટ

જામનગર : જામનગરમાં ચાંદીપુરા વાયરસના 2 શંકાસ્પદ કેસ સામે આવ્યા છે, જેમાં 1 બાળકનું મૃત્યુ થયું છે. ખોડીયાર કોલોની અને દિગ્જામ સર્કલ નજીકથી કેસ નોંધાતા આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યું છે. મહાનગરપાલિકા દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં ફોગિંગ, જંતુનાશક દવાનો છંટકાવ અને ઘર-ઘર સર્વે શરૂ કરાયો છે. સેન્ડ ફ્લાય પર નિયંત્રણ મેળવી બાળકોના આરોગ્યની સઘન તપાસ કરાઈ રહી છે.જામનગર શહેરમાં ચાંદીપુરા વાયરસના બે શંકાસ્પદ કેસ સામે આવતાં અને એક બાળક નું મૃત્યુ નિપજતાં આરોગ્ય તંત્ર તાત્કાલિક હરકતમાં આવ્યું છે. શહેરના ખોડીયાર કોલોની અને દિગ્જામ સર્કલ નજીકના વિસ્તારોમાંથી આ શંકાસ્પદ કેસ નોંધાતા આરોગ્ય વિભાગ અને જામનગર મહાનગરપાલિકાની ટીમોએ સાવચેતીના પગલાં તેજ કર્યા છે.પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જામનગર મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં ફોગિંગ તેમજ જંતુનાશક દવાનો છંટકાવ શરૂ કરવામાં આવ્યો છે. ચાંદીપુરા વાયરસ ફેલાવવામાં સંભવિત ભૂમિકા ભજવતી સેન્ડ ફ્લાય (રેતી માખી) પર નિયંત્રણ મેળવવાના હેતુથી આ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.આરોગ્ય વિભાગ દ્વારા અસરગ્રસ્ત વિસ્તારના નાના બાળકોના આરોગ્યની સઘન તપાસ, ઘર-ઘર સર્વે અને સતત મોનીટરીંગ પણ શરૂ કરવામાં આવ્યું છે. કોઈ નવા શંકાસ્પદ દર્દી સામે આવે તો તાત્કાલિક સારવાર મળી રહે તે માટે જરૂરી વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે.ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ કેસ સામે આવ્યા બાદ અસરગ્રસ્ત વિસ્તારોમાં નાના બાળકો ધરાવતા પરિવારોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. તબીબોએ વાલીઓને બાળકોને માખી અને મચ્છરથી સુરક્ષિત રાખવા, ઘરની આસપાસ સ્વચ્છતા જાળવવા તેમજ તાવ, ઊલટી, બેભાન થવા અથવા અન્ય ગંભીર લક્ષણો જણાય તો વિલંબ કર્યા વગર નજીકની હોસ્પિટલનો સંપર્ક કરવા અપીલ કરી છે.

**અન્ય આરોપીઓ સાથે સરખામણીનો લાભ આપી શકાય નહીં**

# જામનગરના કોર્પોરેટરની હત્યાના પ્રયાસ કેસમાં પૂર્વ વિપક્ષી નેતાની જામીન અરજી નામંજૂર

(એજન્સી) જામનગર | તા.19



જામનગરમાં વોર્ડ નં. 12ના કોર્પોરેટર અસલમ ખીલજી પર જીવલેણ હુમલાના કેસમાં પૂર્વ વિપક્ષી નેતા અને કોર્પોરેટર અલ્તાફ ખફીની જામીન અરજી સેશન્સ કોર્ટે નામંજૂર કરી છે. ડિસેમ્બર-2025માં થયેલા આ હુમલામાં અલ્તાફ ખફી મુખ્ય સૂત્રધાર હોવાનું જણાવી કોર્ટે ગુનાની ગંભીરતા અને તેમની ભૂમિકાને ધ્યાને લીધી હતી. સરકારી વકીલ રાજેશભાઈ વશિયરની દલીલો બાદ કોર્ટે જામીન આપવાનો ઈનકાર કર્યો.જામનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. 12ના કોર્પોરેટર અસલમ ખીલજી પર થયેલા જીવલેણ હુમલા અને હત્યાના પ્રયાસના કેસમાં પૂર્વ વિપક્ષી નેતા તથા કોર્પોરેટર અલ્તાફ ખફીની જામીન અરજી સેશન્સ કોર્ટે નામંજૂર કરી છે. અદાલતે ગુનાની ગંભીરતા અને અરજદારની ભૂમિકાને ધ્યાનમાં રાખી જામીન આપવાનો ઈનકાર કર્યો હતો.ડિસેમ્બર-૨૦૨૫માં કોંગ્રેસ છોડીને આમ આદમી પાર્ટીમાં જોડાયેલા કોર્પોરેટર અસલમ ખીલજી પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. આ કેસમાં અન્ય ચાર આરોપીઓ સાથે પૂર્વ વિપક્ષી નેતા અને કોર્પોરેટર અલ્તાફ ખફીની ધરપકડ કરવામાં આવી હતી.

જેલમાં રહેલા અલ્તાફ ખફીએ સેશન્સ કોર્ટમાં કરેલી જામીન અરજીમાં રજૂઆત કરી હતી કે કેસમાં ચાર્જશીટ દાખલ થઈ ગઈ છે, પોતાનો કોઈ સક્રિય રોલ નથી, રાજકીય દ્વેષથી ફરિયાદ નોંધાઈ છે તેમજ આ જ કેસના બે આરોપીઓને હાઈકોર્ટ દ્વારા જામીન મળ્યા હોવાથી સરખામણી (પેરિટી)ના આધારે તેમને પણ જામીન મળવા જોઈએ.

જોકે સરકારી વકીલ રાજેશભાઈ વશિયરે જામીન અરજીનો વિરોધ કરતાં દલીલ કરી હતી કે અરજદાર ગંભીર ગુનાના મુખ્ય સૂત્રધાર છે, લાંબા સમય સુધી નાસતા ફરતા રહ્યા હતા અને તેમની સામે ગુજસીટોક હેઠળનો ગુનો પણ નોંધાયેલો છે. તેથી અન્ય આરોપીઓ સાથે સરખામણીનો લાભ આપી શકાય નહીં અને જામીન મંજૂર થઈ શકે નહીં.

બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ સેશન્સ કોર્ટે ગુનાની ગંભીરતા અને અરજદારની ભૂમિકાને ધ્યાનમાં રાખીને પૂર્વ વિપક્ષી નેતા તથા કોર્પોરેટર અલ્તાફ ખફીની જામીન અરજી નામંજૂર કરવાનો હુકમ કર્યો છે.

## મૂળ ભુજના સૌમ્ય બુધ્ધભટ્ટીની ગૌરવપૂર્ણ સિદ્ધિ: ગિફ્ટ સિટીમાં BDO સાથે UPSC પ્રિલિમ પાસ

| મહેશ એલ. સોની | નખત્રાણા

મૂળ ભુજ, કચ્છના અને હાલ અમદાવાદના રાણીપ ખાતે રહેતા યુવાન સૌમ્ય અમિતકુમાર બુધ્ધભટ્ટીએ શૈક્ષણિક, વ્યાવસાયિક અને સ્પર્ધાત્મક પરીક્ષાના ક્ષેત્રે ઉત્કૃષ્ટ સિદ્ધિ મેળવી છે.સૌમ્યએ Political Science વિષય સાથે અનુસ્નાતક (MA)ની પદવી મેળવી છે. હાલ



તેઓ દેશના અગ્રણી ગિફ્ટ સિટી, ગાંધીનગર ખાતે બિઝનેસ ડેવલપમેન્ટ ઓફિસર તરીકે મહત્વની જવાબદારી નિભાવી રહ્યા છે.કોર્પોરેટ કારકિર્દીની સાથે તેઓ દેશસેવાના ઉમદા લક્ષ્યને સાકાર કરવા UPSC સિવિલ સર્વિસ પરીક્ષાની તૈયારી પણ કરી રહ્યા છે. તેમની સત મહેનત અને શિસ્તના પરિણામે તેમણે UPSCની પ્રિલિમિનરી પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી છે. હાલ તેઓ આગામી મેન્સ અને વ્યક્તિત્વ કસોટીની તૈયારીમાં વ્યસ્ત છે.ભુજની ધરતીમાંથી નીકળીને શિક્ષણ, નોકરી અને સ્પર્ધાત્મક પરીક્ષા એમ ત્રણેય ક્ષેત્રે સંતુલન જાળવીને સફળતા મેળવવી એ સૌમ્યની લગન અને પરિશ્રમનું ઉત્તમ ઉદાહરણ છે. તેમની આ સિદ્ધિથી પરિવારજનો, મિત્રો અને સમગ્ર કચ્છ સમાજમાં આનંદ અને ગૌરવની લાગણી છે.

## સિક્કાના પરિણીત રિક્ષાચાલક સામે યુવતીનું અપહરણ કર્યાની અરજી, યુવતીને કોર્ટ સમક્ષ રજૂ કરવા સમન્સ

જામનગર : જામનગર તાલુકાના સિક્કા ગામની યુવતીનું અપહરણ કર્યાના આક્ષેપ સાથે તેના પિતાએ પરિણીત રિક્ષાચાલક સામે અદાલતનો દરવાજો ખખડાવતાં કોર્ટે યુવતીને કબજેથી મુક્ત કરાવી અદાલત સમક્ષ રજૂ કરવા તથા પ્રતિવાદીને હાજર થવા માટે સમન્સ ઈસ્યૂ કરવાનો હુકમ કર્યો છે.કોર્ટમાં રજૂ કરાયેલી અરજી મુજબ, જામનગર તાલુકાના સિક્કા ગામે રહેતા આસામીની 20 વર્ષીય પુત્રીનુ સિક્કા ગામમાં રહેતો નદીમ મુસ્તફા પીરજાદા, જે પરિણીત છે અને તેને નવ માસનું એક સંતાન પણ હોવાનું જણાવાયું છે, તે તા. 14 જુલાઈ, ૨૦૨૬ના રોજ બપોરના સમયે લગ્નની લાલચ આપીને અપહરણ કરી લઈ ગયો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.આ અંગે યુવતીના પિતા એ તા. 15 જુલાઈ, 2026ના રોજ જામનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ યુવતીનો પત્તો ન લાગતા તેમણે જામનગરની અદાલતમાં



ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (બી.એન.એસ.એસ.)ની કલમ 100 હેઠળ અરજી દાખલ કરી યુવતીને કબજેથી મુક્ત કરાવી અદાલત સમક્ષ રજૂ કરવાની માંગ કરી હતી.અરજીની સુનાવણી બાદ જામનગરના જુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ એમ. જી. પરમારે પ્રતિવાદી નદીમ મુસ્તફા પીરજાદાને અદાલત સમક્ષ હાજર થવા માટે સમન્સ ઈસ્યૂ કરવાનો હુકમ કર્યો છે.અરજદાર તરફથી એડવોકેટ અશરફ જાડેજા તથા નિલય ઠાકરે રજૂઆત કરી હતી.

## સુરેન્દ્રનગર: મોટા કેરાળામાં કરોડોનું ખનીજ કૌભાંડ, પથ્થર ચોરી મામલે 12 શખસોને નોટિસ

સુરેન્દ્રનગર : સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકામાં ગેરકાયદે ખનન પ્રવૃત્તિ આચરતા ભૂમાફિયાઓ સામે તંત્ર દ્વારા અત્યાર સુધીની સૌથી મોટી કડક કાર્યવાહી કરવામાં આવી છે. સાયલાના મોટા કેરાળા ગામેથી મોટા પાયે ગેરકાયદે રીતે પથ્થરની ચોરી થઈ હોવાનો પર્દાફાશ થયા બાદ, ખનીજ વિભાગ દ્વારા આ ગુનામાં સંડોવાયેલા 12 જેટલા લોકોને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે.તંત્રની તપાસ દરમિયાન સામે આવ્યું છે કે, મોટા કેરાળા ગામની સીમમાંથી ગેરકાયદે ખનન કરીને અંદાજે 127.40 કરોડ રૂપિયાની કિંમતના પથ્થરની ચોરી કરવામાં આવી છે. આટલી મોટી રકમની ખનીજ ચોરી સામે આવતા જ સમગ્ર પંથકમાં અને ખનીજ માફિયાઓમાં ભારે ખળભળાટ મચી ગયો છે. આ મામલે કડક વલણ અપનાવતા ખનીજ કચેરી દ્વારા નોટિસ મેળવનાર તમામ 12 લોકોને આગામી 22મી જુલાઈના રોજ સુરેન્દ્રનગર ખનીજ કચેરી ખાતે જરૂરી તમામ આધાર-પુરાવાઓ અને દસ્તાવેજો સાથે રૂબરૂ હાજર રહેવા માટે કડક આદેશ કરવામાં આવ્યો છે.આ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ સાયલા પોલીસની સતર્કતાને કારણે થયો હતો. સાયલા પોલીસની ટીમ દ્વારા ગત 20મી જૂનના રોજ મોટા કેરાળા ગામે આવેલા સર્વે નંબર 275 પૈકીની જમીનમાં ઓચિંતો દરોડો પાડવામાં આવ્યો હતો.

**તપાસ અને રિમાન્ડની કાર્યવાહી ચાલુ**

## જામનગરના રાજપૂત યુવાનની હત્યા નિપજાવવાના પ્રકરણમાં બે દંપતી સહિત 7 આરોપીઓ ઝડપાયા

જામનગર : જામનગરના ગોકુલનગર વિસ્તારમાં ગાળો બોલવાની શંકાથી થયેલા ઝઘડાએ હત્યાનું સ્વરૂપ લીધું. 17 જુલાઈની રાત્રે જેઠવા બંધુઓ પર છરી અને તલવાર વડે હુમલો થતાં પ્રદીપસિંહ જેઠવા (ઉ.વ. 27)નું સારવાર દરમિયાન મૃત્યુ થયું. પોલીસે બે દંપતી સહિત 7 આરોપીઓની ધરપકડ કરી, જેમાં સોનુબા અને ગુમાનસિંહ જાડેજા મુખ્ય છે. વધુ તપાસ અને રિમાન્ડની કાર્યવાહી ચાલુ છે.જામનગર શહેરના ગોકુલનગર વિસ્તારમાં ગાળો બોલવાની શંકાને લઈને થયેલા ઝઘડાએ હત્યાનું રૂપ ધારણ કર્યું હતું. ત્રણ જેઠવા બંધુઓ પર છરી અને તલવાર ધોકા વડે મારામારીથી હુમલો કરવામાં આવતાં પ્રદીપસિંહ જશાજી જેઠવાનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવમાં પોલીસે બે દંપતી સહિત કુલ સાત આરોપીઓની ધરપકડ કરી રિમાન્ડ મેળવવાની કાર્યવાહી હાથ ધરી છે.પોલીસના જણાવ્યા મુજબ ગોકુલનગર શેરી નં. 11, ગિરિરાજ પાન પાસે રહેતા બાબુ ઉર્ફે રણજીતસિંહ જશાજી જેઠવા (ઉ.વ. 30) ગત તા. 17 જુલાઈની રાત્રે પોતાના વિસ્તારમાં હતા ત્યારે કેટલાક લોકો અંદરોઅંદર અપશબ્દો બોલી રહ્યા હતા. તે દરમિયાન વિસ્તારમાં રહેતા સોનુબા ગુમાનસિંહ જાડેજાને શંકા ગઈ હતી કે જેઠવા ભાઈઓ તેમના



આંગણે ગાળો બોલી રહ્યા છે.

આ શંકાને લઈને સોનુબા ગુમાનસિંહ જાડેજા, ગુમાનસિંહ જાડેજા, પ્રદીપસિંહ ગુમાનસિંહ જાડેજા, જયલો રાઠોડ, દિવ્યરાજસિંહ વાઘેલા, જોષનાબા તથા તેમના પતિ સહિતના લોકો જેઠવા પરિવારના ઘરે પહોંચી ઝઘડો કરવા લાગ્યા હતા. બોલાચાલી ઉગ્ર બનતાં ગુમાનસિંહ જાડેજાએ પોતાની પાસે રહેલી છરી વડે પ્રદીપસિંહ જશાજી જેઠવા (ઉ.વ. 27) પર જીવલેણ હુમલો કર્યો હતો. દરમિયાન બાબુ ઉર્ફે રણજીતસિંહ અને તેમના અન્ય ભાઈ મયુરસિંહને પણ માર મારવામાં આવ્યો હતો.ગંભીર રીતે ઘાયલ પ્રદીપસિંહને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, પરંતુ સારવાર દરમિયાન તેમનું મોત નિપજતાં સમગ્ર બનાવ હત્યામાં પલ્ટાયો હતો. બનાવ અંગે પોલીસ ફરિયાદ નોંધાયા બાદ પી.આઈ. એન. બી. ડાભીના માર્ગદર્શન હેઠળ પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કરી બે દંપતી સહિત સાતેય આરોપીઓની ધરપકડ કરી છે. હાલમાં આરોપીઓના રિમાન્ડ મેળવવા માટેની તજવીજ હાથ ધરવામાં આવી રહી છે.

**નખત્રાણાના આણંદપર(યક્ષ)ની દીકરીની અનોખી સિદ્ધિ**

## જે શાળામાં ભણી ત્યાં જ શિક્ષિકા બની, વેસ્ટ પૂંઠામાંથી સર્જ્યું અદભુત "કાર્ડબોર્ડ ક્રાફ્ટ"

| મહેશ એલ. સોની | નખત્રાણા

નખત્રાણા તાલુકાના આણંદપર(યક્ષ)ની એક દીકરીએ પોતાની મહેનત, લગન અને અડગ સંકલ્પથી સમગ્ર વિસ્તારનું ગૌરવ વધાર્યું છે. જે સરકારી પ્રાથમિક શાળામાં તેમણે અભ્યાસ કર્યો, આજે તે જ શાળામાં "વિદ્યા સહાયક" તરીકે કાયમી શિક્ષિકા બનીને સેવા આપી રહી છે. આ પ્રતિભાશાળી દીકરી છે અનિતા રમેશભાઈ સોની. તેઓ જાણીતા પત્રકાર શ્રી રમેશભાઈ સોનીના સુપુત્રી છે. નાના ગામ અને સરકારી શાળાની મર્યાદાઓને તેમણે ક્યારેય પોતાની પ્રગતિમાં આડે આવવા દીધી નહીં. શિક્ષણની સાથે કળા અને સર્જનાત્મકતામાં પણ તેમણે આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે.બાળપણથી જ ચિત્રકામ, પેઈન્ટિંગ અને હસ્તકલામાં વિશેષ રસ ધરાવતી અનિતાબેને શૈક્ષણિક કાર્યની સાથે પોતાની કલાત્મક પ્રતિભાને પણ સતત નીખારી છે. તેમની "Best Out of Waste"ની કળા આજે સૌનું ધ્યાન આકર્ષી રહી છે.તાજેતરમાં તેમણે



નકામા પૂંઠામાંથી અદભુત કાર્ડબોર્ડ ક્રાફ્ટ તૈયાર કર્યું છે. જેમાં સિંહ, જિરાફ, દીપડો, હાથી, વાંદરો, ઘેટું અને સર્વ શિક્ષા અભિયાનના લોગો જેવા વન્યજીવોના ચિત્રો પહેલા હાથથી દોર્યા, ત્યારબાદ ઝીણવટપૂર્વક કટીંગ કરી દરેક પ્રાણીના કુદરતી રંગોને અનુરૂપ આબેહૂબ રંગો પૂર્યા. પરિણામે દરેક કૃતિ જાણે જીવંત હોય તેવી લાગે છે. આ પ્રકારના કાર્યમાં કલાકોની મહેનત, એકાગ્રતા, સૂક્ષ્મ નિરીક્ષણ અને અવિરત પરિશ્રમની જરૂર પડે છે. અનિતાબેને સાબિત કર્યું કે "પ્રતિભા માટે મોંઘા સાધનો નહીં, દૃઢ સંકલ્પ જરૂરી છે."તેમની આ કૃતિઓ શાળાના બાળકો માટે આકર્ષણનું કેન્દ્ર બની છે. શિક્ષણને પુસ્તકો પૂરતું સીમિત ન રાખતા કલા સાથે જોડીને બાળકોમાં સર્જનાત્મકતા વિકસે, પર્યાવરણ પ્રત્યે જાગૃતિ આવે અને વેસ્ટ સામગ્રીનો સદુપયોગ કરવાની ભાવના કેળવાય તેવો સુંદર સંદેશ તેમણે આપ્યો છે.તેમની આ અનોખી કામગીરીને શાળા પરિવાર, શિક્ષણ વિભાગ અને વિવિધ સામાજિક મંચો પરથી સત અભિનંદન મળી રહ્યા છે. શિક્ષકો, વાલીઓ અને ગ્રામજનો તેમની પ્રતિભાને બિરદાવી રહ્યા છે. ખોંભડી ગામના અગ્રણી શ્રી નારણભાઈ સોનીએ પણ હર્ષ વ્યક્ત કરી અનિતાબેનને ભવિષ્યની સફર માટે શુભેચ્છાઓ પાઠવી હતી.ઉલ્લેખનીય છે કે રમેશભાઈ સોનીની ત્રણેય દીકરીઓ અનિતા, ટ્વિંકલ અને રિયા કળા અને સર્જનાત્મકતામાં રુચિ ધરાવે છે.

## 'ફ્રેન્ડ્સ ઓફ કેટલ' સ્લોગન સાથે મ. પાલિકા સંચાલિત ગૌશાળામા શ્રી સીમરન ભરતભાઈ ડોડીયાના જન્મ દિવસ નિમિતે રૂ.૧,૧૦૦/- નું દાન

| નરેન્દ્ર દવે | જૂનાગઢ

જૂનાગઢ, મહાનગરપાલિકા, જૂનાગઢ શહેરને સ્વચ્છ રાખવા તેમજ રખડતા-ભટકતા અને જાહેર માર્ગો ઉપર અડચણરૂપ થતા ગૌવંશને અટકાવવા માટે પ્રયત્નશીલ છે. જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા શહેરમાંથી રખડતા ભટકતા ગૌવંશને પકડી મહાનગરપાલિકા સંચાલિત ગૌશાળામાં રાખવામાં આવે છે, જ્યાં હાલ ૪૮૬ ગૌવંશ આશ્રય લઈ રહ્યા છે. તારીખ ૧૯/૦૭/૨૦૨૬ ના રોજ મહાનગર સેવા સદનના ચીફ સર્વેયરશ્રી ભરતભાઈ ડોડીયા ની સુપુત્રી શ્રી સીમરન ભરતભાઈ ડોડીયાના જન્મ દિવસ નિમિતે રૂ ૧૧૦૦/- નું દાન મહાનગરપાલિકાની ગૌશાળામાં આપવામાં આવેલ છે.

## મહાનગરપાલિકા, જૂનાગઢ દ્વારા સફાઈ અભિયાન, ૨૦૦૦ વૃક્ષોનું મિયાવાકી પ્લાન્ટેશન અને રેઈન વોટર હાર્વેસ્ટિંગ કામગીરીની સમીક્ષા કરવામાં આવેલ

| નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.19.

મહાનગરપાલિકા, જૂનાગઢ દ્વારા શહેરમાં સ્વચ્છતા, પર્યાવરણ જતન અને જળ સંચયને વેગ આપતી વિવિધ સરાહનીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. જેમાં સફાઈ ઝુંબેશ, પ્લાસ્ટિક મુક્ત અભિયાન, મિયાવાકી પદ્ધતિથી વૃક્ષારોપણ અને "કેચ ધ રેઈન" મિશન અંતર્ગત મહત્વપૂર્ણ કાર્યક્રમો યોજાયા હતા. "સફાઈ અપનાવો, બીમારી ભગાવો" કેમ્પેન: ગટર સફાઈ અને પ્લાસ્ટિક દંડ,મહાનગરપાલિકા દ્વારા આયોજિત સ્વચ્છતા ઝુંબેશ અંતર્ગત વોર્ડ નં. ૫ માં ઝાંઝરડા ચોકડી પાસે સઘન સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અંતર્ગત મુખ્ય માર્ગો પર આવેલા ગટરના મેઈન હોલ તેમજ આસપાસના વોકળાની વ્યવસ્થિત સફાઈ કરવામાં આવી હતી.હિલદારી ટીમને સાથે રાખીને નાગરિકો માં કચરાના સેગ્રીગેશન (ભીનો અને સૂકો કચરાનું અલગીકરણ) અંગે અને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા માટે પેમ્ફલેટ વિતરણ કરી જાગૃતિ લાવવામાં આવી હતી, સાથે જ ઝાંઝરડા ચોકડી પાસેની દુકાનોમાં પ્લાસ્ટિક અંગે સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરીને નિયમભંગ બદલ રૂ.૧,૦૦૦/- નો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો.તેમજ સિંગલ યુઝ પ્લાસ્ટિક ઉપયોગ કરતા વેપારીઓ પાસેથી સિંગલ યુઝ પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ. પર્યાવરણની જાળવણી: મિયાવાકી પદ્ધતિથી ૨,૦૦૦ વૃક્ષોનું વાવેતર અને નિ:શુલ્ક રોપા વિતરણ, શહેરને ગ્રીન અને ક્લીન બનાવવાના સંકલ્પ સાથે બાયપાસ રોડ પર આવેલા શિવમ પાર્ક પાસે મહાનગરપાલિકા હસ્તકના રિઝર્વ પ્લોટ માં આધુનિક ૨,૦૦૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતુ.

**વિવિધ સંસ્થાઓ ના હોદેદારો ની કાર્યકરણી બેઠક યોજાઈ**

# નખત્રાણા તાલુકાના લોહાણા સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન કરાશે

| મહેશ એલ. સોની | નખત્રાણા

શ્રી અખિલ કચ્છ રઘુવંશી સોશ્યલ ગ્રુપ ના પ્રમુખશ્રી રાજેશભાઈ પલણ ના અધ્યક્ષ સ્થાને તથા શ્રી નખત્રાણા તાલુકા રઘુવંશી સોશ્યલ ગ્રુપ ના પ્રમુખશ્રી વિગ્નેશભાઈ દૈયા ના માર્ગદર્શન હેઠળ શ્રી સાંઈ જલારામ મંદિર ખાતે રઘુવંશી લોહાણા સમાજ ના તેજસ્વી તારલાઓનું વિશેષ સન્માન કરવા માટે આગામી સમયમાં સરસ્વતી સન્માન નું ભવ્ય કાર્યક્રમ યોજવાના આયોજન ના ભાગ રૂપે આજે રઘુવંશી લોહાણા સમાજ ની વિવિધ સંસ્થાઓ ના કારોબારી હોદેદારો ની વિશેષ મીટીંગ યોજાઈ હતી.

શ્રી નખત્રાણા શહેર રઘુવંશી સોશ્યલ ગ્રુપ ના પ્રમુખ શ્રી ભાવિનભાઈ પલણે સૌનું શાબ્દિક સ્વાગત કરતા આગામી ઓગસ્ટ માસ માં યોજાનાર સરસ્વતી સન્માનની રૂપરેખા વર્ણવી હતી.આજની મીટીંગ માં ખાસ ઉપસ્થિત રહેલા શ્રી અખિલ કચ્છ રઘુવંશી સોશ્યલ ગ્રુપ ના મીડિયા સેલ ના ઈન્ચાર્જ શ્રી મેહુલભાઈ દાવડા એ



સૂચવ્યું હતું કે સરસ્વતી સન્માન રવિવારે સાંજના ભાગે થાય તો વિધાર્થીઓ અને વાલીઓ સાથે વેપારીભાઈઓ પણ મોટી સંખ્યામાં જોડાઈ શકે.

શ્રી નખત્રાણા તાલુકા રઘુવંશી સોશ્યલ ગ્રુપ ના પ્રમુખશ્રી વિગ્નેશભાઈ દૈયા એ સરસ્વતી સન્માન માં વિધાર્થીઓ ઉપરાંત છેલ્લા એક વર્ષ દરમ્યાન વિશેષ પદવી કે મેડલ મેળવનાર તથા સરકારી નોકરી મેળવનાર તમામ જ્ઞાતિજનોનું સન્માન કરવા સૂચવ્યું હતું. જે વાતને હાજર સૌએ વધાવી લીધી હતી.શ્રી નખત્રાણા શહેર રઘુવંશી સોશ્યલ ગ્રુપ મહિલા પાંખના પ્રમુખ શ્રી જાગૃતિબેન પલણે કાર્યક્રમ યાદગાર બની રહે તે માટે તાલુકાભર ના તમામ લોકો મોટી સંખ્યામાં હાજર રહે તથા ગ્રામ્ય વિસ્તારના લોકો સમયસર ઘેર પહોંચી શકે માટે કાર્યક્રમ સમય મર્યાદામાં પૂર્ણ થાય તેના ઉપર ભાર મૂક્યું હતું. તાલુકા યુવા પાંખ ના પ્રમુખ શ્રી રવિભાઈ સચદે તથા મહામંત્રી શ્રી શિવભાઈ રાજદે, ચેતનભાઈ બારૂ એ ટૂંક સમયમાં જ યોજાનાર સરસ્વતી સન્માન કાર્યક્રમની પૂર્વ તૈયારીઓ માં યુવા ટીમના કાર્યકરોને જોડાવા ની સ્વૈચ્છીક જવાબદારીઓ સ્વીકારી લીધી હતી. શહેર યુવા પાંખ ના મહામંત્રીશ્રી રાજદિપભાઈ મજેઠીયા, શહેર મહિલા પાંખ ના મહામંત્રી આનંદીબેન પલણ, નિમિષાબેન અનમ સહિતના હોદેદારો ચર્ચામાં ભાગ લઈ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા.તાલુકા મહિલા પાંખ ના પ્રમુખશ્રી હેતલબેન ઠકકર આભારવિધિ કરતા જણાવ્યું હતું કે તમામ હોદેદારો પોતાના કામ ધંધા માંથી સમય કાઢી સમાજ કાર્ય માટે કાયમ હાજર રહી સમાજ સેવા નું ઉત્તમ કાર્ય કરો છો.

**સાયન્સ એન્ડ ટેક્નોલોજી,વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ**

## ગાંધીનગર ખાતે અર્જુનભાઈ મોઢવાડિયાના હસ્તે 'રોબોફેસ્ટ ગુજરાત 6.0' નો ભવ્ય શુભારંભ

| નરેન્દ્ર દવે | જૂનાગઢ

ગુજરાત સરકારે રાજ્યમાં ઈનોવેશન (નવીનતા) અને ઉભરતી ટેકનોલોજીની ઈકોસિસ્ટમને વધુ સુદ્રઢ બનાવવાની દિશામાં આજે એક મોટું કદમ ઉઠાવ્યું છે. ગાંધીનગર ખાતે આજે 'રોબોફેસ્ટ ગુજરાત 6.0' નું ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ ઔપચારિક કાર્યક્રમ દરમિયાન રાજ્યભરમાં ડ્રોન ટેકનોલોજીની તાલીમનો વ્યાપ વધારવા અને ટેકનોલોજી ટ્રાન્સફરને વેગ આપવાના ઉદ્દેશ્યથી બે વ્યૂહાત્મક સમજૂતી કરારો (MoUs) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.આ ઉદ્ઘાટન સમારોહમાં ગુજરાત સરકારના માનનીય વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના સચિવ શ્રીમતી પી. ભારતી (IAS) અને ગુજકોસ્ટના ડાયરેક્ટર જનરલ શ્રી દિગ્વિજયસિંહ જાડેજા (IAS) એ પણ કાર્યક્રમની શોભા વધારી હતી. આ સમારોહમાં દેશભરમાંથી આશરે 150 જેટલા શિક્ષણવિદો, ઉદ્યોગ જગતના અગ્રણીઓ, વિદ્યાર્થીઓ અને મીડિયાના પ્રતિનિધિઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.આ લોન્ચ પ્રોગ્રામની એક મુખ્ય વિશેષતા ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (GUJCOST) અને રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (RRU), ગાંધીનગર વચ્ચે રાજ્યવ્યાપી ડ્રોન લેબોરેટરી નેટવર્કની સ્થાપના માટે સમજૂતી કરાર (MoU) પર થયેલા હસ્તાક્ષર હતી.

## પોલિમર સબસ્ટ્રેટ શીટ્સ માટે આરબીઆઈએ મંગાવ્યા બિડ

# ભારતમાં હવે જલ્દી આવશે પ્લાસ્ટિક કરન્સી નોટની નવી લહેર

## સિક્યુરિટી અને ટકાઉપણાને પ્રાધાન્ય આપવાની નવી વ્યૂહરચના

(એજન્સી) મુંબઈ | તા 19



દેશના નાણાકીય માળખામાં એક મોટો અને ક્રાંતિકારી બદલાવ આવવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) હવે ભારતીય ચલણમાં પ્લાસ્ટિક કરન્સી લાવવા માટે સક્રિય બની છે. આ દિશામાં બેન્કે વિધિવત કાર્યવાહીનો પ્રારંભ કરી દીધો છે, જેના ભાગરૂપે સિક્યુરિટીની વિશિષ્ટતાઓ ધરાવતી પોલિમર સબસ્ટ્રેટ શીટ્સ મેળવવા માટે ઈરાદા પત્ર (બિડ્સ) આમંત્રિત કરવામાં આવ્યા છે.

છેલ્લા એક દાયકાથી ભારતમાં ચલણી નોટો ખાસ પ્રકારના કાગળ પર છાપવામાં આવે છે. પરંતુ હવે રિઝર્વ બેન્કે લાંબા ગાળાના આયોજનના ભાગરૂપે પ્લાસ્ટિક કરન્સી નોટો બહાર પાડવાનો નિર્ણય કર્યો છે. મીડિયા અહેવાલો અનુસાર, આ નોટો કાગળની સરખામણીએ વધુ ટકાઉ હોય છે અને લાંબા સમય સુધી સુરક્ષિત રહે છે. વિશ્વના આશરે ૬૦ જેટલા દેશો અત્યારે પોલિમર નોટોનો સફળતાપૂર્વક ઉપયોગ કરી રહ્યા છે, જેમાં ઓસ્ટ્રેલિયા સૌથી પહેલું છે જેણે ૧૯૮૮માં આ ટેકનોલોજી અપનાવી હતી.આરબીઆઈના કરન્સી પ્રિન્ટિંગ વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા બિડિંગ દસ્તાવેજો મુજબ, ઉત્પાદકો માટે કડક માપદંડો નક્કી કરવામાં આવ્યા છે. જે પણ સંસ્થાઓ આ બિડમાં ભાગ લેવા માંગે છે, તેમની પાસે ઓછામાં ઓછા ત્રણ વર્ષ સુધી કોઈ પણ દેશની કેન્દ્રીય બેન્કને પોલિમર સબસ્ટ્રેટ શીટ્સ પૂરી પાડવાનો અનુભવ હોવો આવશ્યક છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય ચલણી નોટોનું આયુષ્ય વધારવાનો અને તેની જાળવણી પાછળ થતા ખર્ચને ઘટાડવાનો છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, પેપર કરન્સી નોટોના પ્રિન્ટિંગ પાછળ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ ૬૩૭૨.૮૦ કરોડ રૂપિયાનો જંગી ખર્ચ થયો હતો. તે જ ગાળામાં આશરે ૨૩.૮૦ અબજ ખરાબ થઈ ગયેલી બેન્ક નોટોનો નિકાલ કરવામાં આવ્યો હતો, જેમાં સૌથી વધુ સંખ્યા ૫૦૦ રૂપિયાના મૂલ્યની નોટોની હતી. ૩૧ માર્ચ ૨૦૨૬ના અંતે ભારતમાં ચલણમાં રહેલી કુલ કરન્સીનો આંકડો ૪૧.૪૭ ટ્રિલિયન રૂપિયાને વટાવી ગયો છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૫માં ૩૨.૨૪ ટ્રિલિયન હતો. વધતી જતી આ માંગ અને નોટોના વપરાશને જોતા પોલિમર નોટો અત્યંત ફાયદાકારક સાબિત થઈ શકે છે.

આ નવી પોલિમર નોટો માત્ર મજબૂત જ નહીં, પરંતુ તે અત્યાધુનિક સિક્યુરિટી ફીચર્સથી સજ્જ હશે, જેથી નકલી નોટોનું જોખમ ઘટશે. આ ઉપરાંત, આ નોટો ATM મશીનમાંથી પણ સરળતાથી નીકળી શકશે, જે ગ્રાહકો માટે વ્યવહારમાં સુગમતા લાવશે. આરબીઆઈની આ કવાયત માત્ર ટેકનોલોજીકલ અપગ્રેડેશન નથી, પરંતુ દેશની અર્થવ્યવસ્થાને વધુ સુદ્રઢ અને આધુનિક બનાવવાનું એક મહત્વનું કદમ માનવામાં આવે છે. આગામી સમયમાં આ પ્લાસ્ટિક કરન્સી સામાન્ય નાગરિકોના ખિસ્સા સુધી પહોંચે તેવી પૂરેપૂરી શક્યતા છે.

### સ્પોર્ટ્સ ઈકોનોમી આગામી દાયકામાં લગભગ બમણી થઈને વિકસશે

નવી દિલ્હી: વૈશ્વિક રમતગમતની અર્થવ્યવસ્થા આવનારા એક દાયકામાં અભૂતપૂર્વ વૃદ્ધિ સાધવા માટે સજ્જ છે. મેકિન્સેના તાજેતરના એક સંશોધન અહેવાલ મુજબ, આગામી દસ વર્ષમાં સ્પોર્ટ્સ ઈકોનોમી હાલના ૧૯૫ અબજ ડોલરથી વધીને ૩૨૦ અબજ ડોલર સુધી પહોંચવાની ધારણા છે. આ આર્થિક વૃદ્ધિમાં લેટિન અમેરિકી પ્રશંસકો સૌથી મહત્વના 'ગ્રોથ એન્જિન' તરીકે ઉભરી રહ્યા છે, જે કુલ વૃદ્ધિના લગભગ એક તૃતીયાંશ હિસ્સા માટે જવાબદાર હશે. અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે લેટિન પ્રશંસકો રમતગમતને માત્ર એક રમત તરીકે નહીં, પરંતુ પરિવાર, સમુદાય અને સાંસ્કૃતિક જોડાણના માધ્યમ તરીકે જુએ છે. તેઓ રમતો પાછળ વધુ ખર્ચ કરે છે અને સ્પોર્ટ્સ ઈવેન્ટ્સમાં સક્રિયપણે ભાગ લે છે. વિશ્વ કપ જેવી મોટી આંતરરાષ્ટ્રીય ઘટનાઓ દરમિયાન તેમનો પ્રભાવ સ્પષ્ટપણે જોવા મળે છે. સ્પોર્ટ્સ હવે એક એવી જગ્યા બની રહી છે જ્યાં ઓળખ અને સમુદાય એકબીજા સાથે જોડાય છે, જે બ્રાન્ડ્સ અને રમતગમત સંસ્થાઓ માટે વ્યવસાયિક તકો ખોલે છે.નિષ્ણાતો ચેતવણી આપે છે કે લેટિન ગ્રાહકોને એક સમાન માનવાની ભૂલ ન કરવી જોઈએ. તેમની પસંદગીઓ ભૌગોલિક રીતે અલગ છે; દાખલા તરીકે, કેરેબિયન દેશોમાં બેઝબોલની લોકપ્રિયતા વધુ છે, જ્યારે દક્ષિણ અમેરિકામાં ફૂટબોલનો દબદબો છે.

## News Brief

### ભારતીય બંદર ક્ષેત્રમાં કન્ટેનર ટ્રાફિક ૭ થી ૯ ટકા વધશે



નવી દિલ્હી: ભારતના બંદર (પોર્ટ) ક્ષેત્રમાં આગામી સમયમાં એક નોંધપાત્ર અને વિભિન્ન વિકાસનો તબક્કો જોવા મળી રહ્યો છે. મોતીલાલ ઓસવાલ ફાઈનાન્શિયલ સર્વિસીસના એક તાજેતરના સંશોધન અહેવાલ મુજબ, કન્ટેનર ટ્રાફિક ભારતીય બંદરો માટે વૃદ્ધિનું મુખ્ય એન્જિન સાબિત થઈ રહ્યું છે. નાણાકીય વર્ષ ૨૦૨૬ થી ૨૦૨૮ દરમિયાન કન્ટેનર વોલ્યુમમાં ૭ થી ૯ ટકાના સરેરાશ વાર્ષિક વૃદ્ધિ દર (CAGR) સાથે વધારો થવાની ધારણા છે. દેશમાં વધતો જતો વપરાશ, સાનુકૂળ આર્થિક સ્થિતિ અને કન્ટેનરાઈઝેશનનો વ્યાપક સ્વીકાર આ વૃદ્ધિ પાછળના મુખ્ય કારણો છે. અહેવાલ મુજબ, ખાનગી ક્ષેત્રના ખેલાડીઓ આ તકનો સૌથી વધુ લાભ ઉઠાવવા માટે તૈયાર છે. ઉદ્યોગના સરેરાશ વિકાસ દર કરતા એપીએસઈઝેડ (APSEZ) અને જેએસડબલ્યુ ઈન્ફ્રા (JSWINFRA) જેવી કંપનીઓ ૨ થી ૩ ગણી ઝડપથી વિકાસ કરવાની ક્ષમતા ધરાવે છે.

### ભારતીય બેન્કિંગ ક્ષેત્રમાં ટ્રેડ અને એનબીએફસી ધિરાણની ગતિ તેજ

નવી દિલ્હી: ભારતના બેન્કિંગ અને નાણાકીય ક્ષેત્રમાં ટ્રેડ (વેપાર) અને એનબીએફસી (નોન-બેન્કિંગ ફાઈનાન્શિયલ કંપનીઓ) ધિરાણ સૌથી ઝડપથી વિકસતા ક્ષેત્રો તરીકે ઉભરી આવ્યા છે. આશિકા ઈન્સ્ટિટ્યુશનલ ઈક્વિટીઝના તાજેતરના અહેવાલ મુજબ, આર્થિક પ્રવૃત્તિઓના ઔપચારિકીકરણ અને નાણાકીય પહોંચમાં વધારો થવાને કારણે આ સેગમેન્ટ્સમાં ધિરાણની માંગ અને પુરવઠા બંનેમાં મોટો ઉછાળો જોવા મળી રહ્યો છે. દેશમાં ટ્રેડ અને એનબીએફસી ક્ષેત્રનું સંયુક્ત બાકી ધિરાણ નાણાકીય વર્ષ ૨૦૧૮ના ૯.૭ ટ્રિલિયન રૂપિયાથી વધીને મે ૨૦૨૬ સુધીમાં ૩૪.૫ ટ્રિલિયન રૂપિયા સુધી પહોંચી ગયું છે. ખાસ કરીને જથ્થાબંધ અને છૂટક વેપાર માટેનું ધિરાણ નાણાકીય વર્ષ ૨૦૧૮ના ૪.૭ ટ્રિલિયન રૂપિયાથી વધીને નાણાકીય વર્ષ ૨૦૨૬માં ૧૩.૮ ટ્રિલિયન રૂપિયા થયું છે, જે વાર્ષિક ધોરણે આશરે ૧૪.૫ ટકાનો વૃદ્ધિ દર દર્શાવે છે.અહેવાલમાં આ સતત વૃદ્ધિ પાછળ જીએસટી (GST) નો વ્યાપક અમલ, ડિજિટલ પેમેન્ટ સિસ્ટમનો ઉપયોગ અને કેશ-ફ્લો આધારિત અન્ડરરાઈટિંગને મુખ્ય કારણ ગણાવ્યું છે. આ પગલાંને કારણે બેન્કોને નાના વ્યવસાયોના રોકડ પ્રવાહની સ્પષ્ટ વિગતો મળી રહે છે, જેથી જે ગ્રાહકોને પહેલાં ઔપચારિક ધિરાણ મેળવવામાં મુશ્કેલી પડતી હતી, તેમને હવે સરળતાથી લોન મળી રહી છે. આ ઉપરાંત, એનબીએફસીને અપાતું બેન્ક ધિરાણ પણ ૨૦૧૮ના ૫ ટ્રિલિયન રૂપિયાથી વધીને ૨૦૨૬માં ૨૦.૭ ટ્રિલિયન રૂપિયા થઈ ગયું છે

### ઈ-પાન કાર્ડના નામે ચાલતી ફેક ઈમેઈલની છેતરપિંડીથી સાવધાન




નવી દિલ્હી: આજકાલ ડિજિટલ યુગમાં સાયબર ગુનેગારો નવા નવા નુસખા અપનાવીને સામાન્ય નાગરિકોને ઠગી રહ્યા છે. હાલમાં જ ઈ-પાન (e-PAN) કાર્ડ ડાઉનલોડ કરવાના નામે એક નકલી ઈમેઈલ વાયરલ થઈ રહ્યો છે, જેને લઈને સરકારના પીઆઈબી (PIB) ફેક્ટ ચેક એકમે નાગરિકોને ગંભીર ચેતવણી આપી છે. આ ઈમેઈલ સંપૂર્ણપણે બનાવટી છે અને નાગરિકોને તેની સાથે કોઈ પણ પ્રકારની પ્રતિક્રિયા ન આપવા સલાહ આપવામાં આવી છે. પીઆઈબી ફેક્ટ ચેકે 'એક્સ' (સોશિયલ મીડિયા પ્લેટફોર્મ) પર એક પોસ્ટ મૂકીને સ્પષ્ટ કર્યું છે કે ઈ-પાન કાર્ડ ડાઉનલોડ કરવા માટે આવતા ઈમેઈલ ફેક છે. સાયબર ઠગો "ડાઉનલોડ ઈ-પાન કાર્ડ ઓનલાઈન: એ સ્ટેપ-બાય-સ્ટેપ ગાઈડ" જેવી વિષય વસ્તુ સાથેના ઈમેઈલ મોકલે છે, જેમાં લોકોને આકર્ષક લિંક્સ પર ક્લિક કરવા અને અંગત વિગતો શેર કરવા માટે મજબૂર કરવામાં આવે છે. આ ઈમેઈલમાં પાન કાર્ડને આવકવેરા વિભાગ દ્વારા જારી કરવામાં આવતું સૌથી મહત્વનું દસ્તાવેજ ગણાવીને લોકોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

#### અમેરિકન બજારમાં ૧.૪ અબજ ડોલરની તક ઝડપવા કવાયત

### એલેમ્બિક અને નાટકોને ઓલાપારિબ ટેબ્લેટ માટે મળી મંજૂરી

નવી દિલ્હી: ભારતીય ફાર્માસ્યુટિકલ ક્ષેત્ર માટે એક મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. એલેમ્બિક ફાર્માસ્યુટિકલ્સની ભાગીદાર કંપની નાટકો ફાર્માને અમેરિકન ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (યુએસએફડીએ) તરફથી ઓલાપારિબ ટેબ્લેટ્સના ૧૦૦ એમજી અને ૧૫૦ એમજી વર્ઝન માટે કામચલાઉ મંજૂરી પ્રાપ્ત થઈ છે. આ દવા એસ્ટ્રાઝેનેકાની લિનપાર્ઝા ટેબ્લેટ્સની જેનરિક સમકક્ષ છે. આ વ્યૂહાત્મક ભાગીદારી હેઠળ, નાટકો ફાર્મા આ ટેબ્લેટ્સનું ઉત્પાદન કરશે, જ્યારે એલેમ્બિક ફાર્માસ્યુટિકલ્સ અમેરિકાના બજારમાં તેનું વિતરણ કરશે. કંપની દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ અનુસાર, માર્ચ ૨૦૨૬ના અંત સુધીના ૧૨ મહિનામાં આ દવાનું માર્કેટ આશરે ૧.૪ અબજ ડોલરનું રહ્યું છે. આ મંજૂરી એલેમ્બિક માટે અમેરિકન જેનરિક માર્કેટમાં પોતાની સ્થિતિ મજબૂત બનાવવાની અને મોટા માર્કેટ કેપ્ચર કરવાની એક મોટી તક તરીકે જોવામાં આવે છે. ઓલાપારિબ એ એક પ્રકારનું 'પીએઆરપી' ઈનહિબિટર છે, જેનો ઉપયોગ કેન્સરની સારવારમાં કરવામાં આવે છે. આ મંજૂરી એલેમ્બિકની યુએસએફડીએ એપ્રુવલની કુલ સંખ્યાને ૨૪૪ સુધી પહોંચાડે છે, જેમાં ૨૨૪ ફાઈનલ અને ૨૦ કામચલાઉ મંજૂરીઓનો સમાવેશ થાય છે. જોકે, આ પ્રોડક્ટના કોમર્શિયલ લોન્ચિંગનો સમયગાળો હાલમાં ચાલી રહેલી કાનૂની કાર્યવાહી (પેરાગ્રાફ ૪ લિટીગેશન)ને આધીન રહેશે. મંજૂરી એક મહત્વનો નિયમનકારી માઈલસ્ટોન છે.

#### ગુજરાત ૫૯.૬ના સ્કોર સાથે સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે

### રોકાણ માટે દેશના સર્વશ્રેષ્ઠ રાજ્ય તરીકે ગુજરાતનું પ્રભુત્વ

અમદાવાદ: ભારત સરકારના નીતિ આયોગ દ્વારા બહાર પાડવામાં આવેલા દેશના પ્રથમ 'ઈન્વેસ્ટમેન્ટ ફ્રેન્ડલી ઈન્ડેક્સ'માં ગુજરાતે મેદાન મારી લીધું છે. ૩૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની કરવામાં આવેલી આ મહત્વપૂર્ણ સમીક્ષામાં, ગુજરાતે ૫૬.૬નો સ્કોર મેળવીને મોટા રાજ્યોની શ્રેણીમાં ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ સફળતા ગુજરાતની ઉદ્યોગલક્ષી નીતિઓ અને રોકાણકારો માટે ઊભા કરવામાં આવેલા શ્રેષ્ઠ માળખાગત વાતાવરણ પર મહોર મારે છે. નીતિ આયોગ દ્વારા આ ઈન્ડેક્સ તૈયાર કરવા માટે આઠ સ્તંભોમાં ફેલાયેલા ૮૪ અલગ-અલગ સૂચકાંકોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં માળખાગત સુવિધા, વ્યવસાયિક વાતાવરણ, સંસાધનો, સરકારી નીતિ, નિયમનકારી સરળતા, નાણાકીય સ્વાસ્થ્ય, સંસ્થાકીય વાતાવરણ અને પર્યાવરણીય સ્થિતિસ્થાપકતાનો સમાવેશ થાય છે. આ મૂલ્યાંકનમાં ગોવા, ગુજરાત, મહારાષ્ટ્ર, ઓડિશા અને તમિલનાડુ એ પાંચ રાજ્યો છે જેમણે ૫૦થી વધુ સ્કોર મેળવીને 'ટોચનું પ્રદર્શન કરનાર' રાજ્યો તરીકે સ્થાન મેળવ્યું છે.૧૭ મોટા રાજ્યોની સ્પર્ધામાં ગુજરાતે મહારાષ્ટ્ર અને તમિલનાડુ જેવા અન્ય ઔદ્યોગિક રાજ્યોને આશરે ત્રણ પોઈન્ટના તફાવતથી પાછળ છોડી દીધા છે. ઓડિશા પણ ૫૨.૪ના સ્કોર સાથે ટોચના ચાર રાજ્યોમાં સામેલ થયું છે. અન્ય શ્રેણીઓમાં જોતા, પહાડી અને ઉત્તરપૂર્વીય રાજ્યોમાં ઉત્તરાખંડ ૪૭.૫ના સ્કોર સાથે આગળ છે, જ્યારે શહેરી રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ગોવા ૫૩.૧ના સ્કોર સાથે મોખરે રહ્યું છે. દેશના ૧૫ રાજ્યોએ ૪૫ થી ૫૦ની વચ્ચે અને આઠ રાજ્યોએ ૪૦થી ઓછો સ્કોર નોંધાવ્યો છે.નીતિ આયોગના ઉચ્ચ અધિકારીઓના મતે, આ કવાયત કોઈ સામાન્ય રેન્કિંગ નથી, પરંતુ રાજ્યોને સુધારા માટે માર્ગદર્શન આપતી એક બ્લુપ્રિન્ટ છે. તેનો મુખ્ય હેતુ એ જાણવાનો છે કે કયું રાજ્ય કયા ક્ષેત્રમાં સારું પ્રદર્શન કરી રહ્યું છે અને ક્યાં સુધારાની જરૂર છે. આ ડેટાના આધારે રાજ્યો ભવિષ્યમાં રોકાણ આકર્ષવા માટે પોતાની નીતિઓમાં ફેરફાર કરી શકશે.ગુજરાતની આ સિદ્ધિ રાજ્યમાં નવી કંપનીઓ અને રોકાણકારો માટે આકર્ષણનું કેન્દ્ર બની રહેશે. રાજ્ય સરકારે આર્થિક વિકાસના જે લક્ષ્યાંકો નિર્ધારિત કર્યા છે, તેમાં આ ઈન્ડેક્સ એક સકારાત્મક સંકેત છે. વ્યવસાયિક વાતાવરણ અને સરકારી નીતિઓમાં સરળતાને લીધે ગુજરાત સતત દેશના અન્ય રાજ્યો માટે ઉદાહરણ બની રહ્યું છે.

### આઈડીબીઆઈ બેન્કનો પ્રથમ ત્રિમાસિક નફો ૫ ટકા વધીને ૨૧૧૫ કરોડ થયો

નવી દિલ્હી: આઈડીબીઆઈ બેન્કે નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ ત્રિમાસિક ગાળા (Q1) માટે મજબૂત નાણાકીય પરિણામો જાહેર કર્યા છે. બેન્કનો નેટ પ્રોફિટ વાર્ષિક ધોરણે ૫ ટકા વધીને ૨,૧૧૫ કરોડ રૂપિયા નોંધાયો છે, જે પાછલા વર્ષના સમાન ગાળામાં ૨,૦૦૭ કરોડ રૂપિયા હતો. આ વૃદ્ધિ પાછળ નેટ ઈન્ટરેસ્ટ ઈન્કમમાં થયેલો ૧૦ ટકાનો વધારો અને લોન વિતરણમાં રહેલી મજબૂત ગતિ મુખ્ય કારણો છે. બેન્કની નેટ ઈન્ટરેસ્ટ ઈન્કમ (NII) વાર્ષિક ધોરણે ૩,૧૬૬ કરોડ રૂપિયાથી વધીને ૩,૪૮૬ કરોડ રૂપિયા થઈ છે. બેન્કનો કુલ બિઝનેસ વાર્ષિક ધોરણે ૧૫ ટકા વધીને ૫,૮૪,૭૨૫ કરોડ રૂપિયા સુધી પહોંચ્યો છે. ડિપોઝિટમાં ૧૦ ટકાનો વધારો થવાની સાથે નેટ એડવાન્સિસમાં ૨૨ ટકાનો મજબૂત ઉછાળો જોવા મળ્યો છે, જે ૨,૫૮,૯૬૮ કરોડ રૂપિયા નોંધાયો છે. આ આંકડા દર્શાવે છે કે બેન્ક લોન ગ્રોથની ગતિ જાળવી રાખવામાં સફળ રહી છે. આઈડીબીઆઈ બેન્કે એસેટ ક્વોલિટીમાં પણ નોંધપાત્ર સુધારો કર્યો છે. ગ્રોસ એનપીએ (GNPA) વાર્ષિક ધોરણે ૬૩ બેસિસ પોઈન્ટ ઘટીને ૨.૩૦ ટકા થઈ છે.

#### ભારતીય ટેક્સટાઇલ ક્ષેત્ર હવે બહુવર્ષીય તેજીમાં પ્રવેશ્યું

### ભારતીય ટેક્સટાઇલ ક્ષેત્ર હવે બહુવર્ષીય સંરચનાત્મક તેજી તરફ અગ્રેસર

નવી દિલ્હી: ભારતના કાપડ ઉદ્યોગ માટે એક નવો યુગ શરૂ થઈ રહ્યો છે. ૩૬૦ વન કેપિટલના તાજેતરના અહેવાલ મુજબ, ભારતનું ટેક્સટાઈલ ક્ષેત્ર બહુવર્ષીય સંરચનાત્મક તેજી (સ્ટ્રક્ચરલ અપસાઈકલ) માં પ્રવેશ કરી રહ્યું છે. વૈશ્વિક બ્રાન્ડ્સ હવે ચીન પરની નિર્ભરતા ઘટાડીને 'ચીન પ્લસ વન' રણનીતિ અપનાવી રહી છે, જેનો સીધો લાભ ભારતને મળી શકે છે. જોકે, આ તકને કાયમી નિકાસ અને બજારહિસ્સામાં પરિવર્તિત કરવા માટે ઉત્પાદન ક્ષમતા, ટેકનોલોજી અને સ્પર્ધાત્મકતામાં સુધારો કરવો અનિવાર્ય છે.વૈશ્વિક સ્તરે સપ્લાય ચેઈનમાં વિવિધતા લાવવાની જરૂરિયાત વચ્ચે ભારત માટે એક મોટું દ્વાર ખુલ્યું છે. પરંતુ અહેવાલ ચેતવણી આપે છે કે માત્ર વેપાર નીતિઓ અથવા કરાર પૂરતા નથી. પાછલા દાયકાઓમાં ભારત આ પ્રકારની તકોનો સંપૂર્ણ લાભ લેવામાં પાછું પડ્યું છે. હવે પ્રશ્ન એ નથી કે તક છે કે નહીં, પરંતુ એ છે કે શું ભારતીય ઉત્પાદકો મોટા પાયે ઉત્પાદન, ચોકસાઈ, સમયસર ડિલિવરી અને ટેકનિકલ ક્ષમતા વિકસાવી શકશે? વૈશ્વિક એપેરલ (કપડાં) વેપારમાં ભારતનો હિસ્સો લાંબા સમયથી ૩ ટકાની આસપાસ સ્થિર છે. તેની સરખામણીમાં બાંગ્લાદેશનો હિસ્સો ૯-૧૦ ટકા અને વિયેતનામનો હિસ્સો ૬-૭ ટકા સુધી પહોંચી ગયો છે. ભારત માટે હવે સ્પર્ધાત્મક પડકાર માત્ર મજૂરી ખર્ચનો નથી, પરંતુ સમગ્ર ઈકોસિસ્ટમનો છે. ખરીદદારો હવે લોજિસ્ટિક્સ, પાલન (કમ્પ્લાયન્સ), ટકાઉપણું (સસ્ટેનેબિલિટી) અને સપ્લાય-ચેઈન સ્થિતિસ્થાપકતાના આધારે સપ્લાયરની પસંદગી કરે છે.ભારત માટે ગાર્મેન્ટિંગ સેગમેન્ટ સૌથી મોટું માળખાકીય અંતર ધરાવે છે, પરંતુ તે જ સૌથી મોટી તક પણ છે. ભારતમાં ઉત્પાદન હજુ પણ વિભાજિત અને નાના પાયે છે, જે મોટા વૈશ્વિક ઓર્ડર પૂરા કરવામાં અવરોધરૂપ બને છે. ભવિષ્યની સ્પર્ધાત્મકતા માત્ર વેતન દરો પર નહીં, પરંતુ પ્રતિ કામદાર આઉટપુટ, ફેક્ટરી એક્ઝિક્યુશન અને ઓટોમેશન પર નિર્ભર રહેશે.

### યસ બેન્કનો પ્રથમ ત્રિમાસિક નફો 34 ટકા ઉછળીને ૧૦૭૧ કરોડ થયો

નવી દિલ્હી: યસ બેન્કે નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ ત્રિમાસિક ગાળા (Q1) માટે અત્યંત મજબૂત નાણાકીય પરિણામો જાહેર કર્યા છે. બેન્કનો ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૩૩.૭ ટકાના ઉછાળા સાથે ૧,૦૭૧ કરોડ રૂપિયા નોંધાયો છે. આ વૃદ્ધિ મુખ્યત્વે ઉચ્ચ કોર અર્નિંગ્સ, સુધારેલા માર્જિન અને સ્થિર એસેટ ક્વોલિટીને આભારી છે.બેન્કની નેટ ઈન્ટરેસ્ટ ઈન્કમ (NII) વાર્ષિક ધોરણે ૧૭.૫ ટકા વધીને ૨,૭૮૬ કરોડ રૂપિયા થઈ છે, જે ગત વર્ષે ૨,૩૭૧ કરોડ રૂપિયા હતી. બેન્કનું ઓપરેટિંગ પ્રોફિટ પણ ૨૫.૫ ટકાના વધારા સાથે ૧,૭૦૪ કરોડ રૂપિયા પર પહોંચ્યું છે. નેટ ઈન્ટરેસ્ટ માર્જિન (NIM) સુધરીને ૨.૭ ટકા પર પહોંચ્યું છે, જેમાં ડિપોઝિટના ઘટતા ખર્ચે મહત્વની ભૂમિકા ભજવી છે.યસ બેન્કના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ વિનય એમ. ટોન્સેના જણાવ્યા અનુસાર, આ પરિણામો બેન્કની મજબૂત ફ્રેન્ચાઈઝીનું પ્રમાણ છે. બેન્કના એડવાન્સિસ ૧૮.૩ ટકા વધીને ૨.૮૫ લાખ કરોડ રૂપિયા અને ડિપોઝિટ ૧૪.૩ ટકા વધીને ૩.૧૫ લાખ કરોડ રૂપિયા થઈ છે.

#### મેમરી ચિપના વધતા ભાવને લીધે ભારતમાં સ્માર્ટફોન ૧૫% મોંઘા થયા

### ભારતમાં સ્માર્ટફોન માર્કેટમાં છેલ્લા છ વર્ષનો સૌથી મોટો ઘટાડો

અમદાવાદ: ભારતના સ્માર્ટફોન બજાર માટે ચાલુ વર્ષનું એપ્રિલ-જૂન ક્વાર્ટર અત્યંત પડકારજનક સાબિત થયું છે. તાજેતરના આંકડાઓ મુજબ, ભારતીય સ્માર્ટફોન શિપમેન્ટમાં વાર્ષિક ધોરણે ૧૦ ટકાનો મોટો ઘટાડો નોંધાયો છે, જે છેલ્લા છ વર્ષમાં જોવા મળેલી સૌથી મોટી નરમાઈ છે. દેશના ગ્રાહકો, જેઓ નવી ટેકનોલોજી અપનાવવા માટે ઉત્સુક રહે છે, તેઓ હાલમાં કિંમતોમાં થયેલા વધારાને કારણે ખરીદીથી દૂર થઈ રહ્યા છે.આ મંદી પાછળનું સૌથી મોટું કારણ વૈશ્વિક સ્તરે મેમરી ચિપના ભાવમાં થયેલો તીવ્ર ઉછાળો છે. DRAM અને NAND મેમરીના ભાવમાં થયેલા સતત વધારાને કારણે હેન્ડસેટ ઉત્પાદકો (ઓરિજિનલ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરર) ને ભારે આર્થિક બોજો વેઠવો પડ્યો છે. આ વધારાનો સીધો બોજ ઉત્પાદકોએ ગ્રાહકો પર નાખ્યો છે. ક્વાર્ટરના અંત સુધીમાં સ્માર્ટફોનની સરેરાશ કિંમતમાં આશરે ૧૫ ટકાનો વધારો થયો છે, જે ગ્રાહકોની ખરીદ શક્તિ પર એક મોટો ફટકો છે.બજારમાં આવેલી આ નબળાઈ માસ-માર્કેટ અથવા તો સામાન્ય ગ્રાહકો માટેના લોકપ્રિય બજેટ સેગમેન્ટમાં સૌથી વધુ જોવા મળી છે. ખાસ કરીને રૂ. ૧૫,૦૦૦થી ઓછી કિંમતના સ્માર્ટફોનના શિપમેન્ટમાં વાર્ષિક ધોરણે ૪૫ ટકાનો તોતિંગ ઘટાડો નોંધાયો છે. એક સમય હતો જ્યારે આ સેગમેન્ટમાં 'બિલ ઓફ મટિરિયલ્સ'માં



મેમરીનો હિસ્સો ૨૦ ટકાથી ઓછો હતો, જે હવે વધીને ૪૫ ટકાથી પણ વધુ થઈ ગયો છે. આ ફેરફારને કારણે અમુક લોકપ્રિય મોડલ્સની કિંમત તેમની મૂળ લોન્ચ કિંમત કરતા પણ બમણી થઈ ગઈ છે.આ ઘટાડો જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરમાં શરૂ થયેલી મંદીનો જ વિસ્તૃત ભાગ છે, જેમાં તે સમયે ૩ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. અગાઉની મંદીનું કારણ ઈન્વેન્ટરીનું એડજસ્ટમેન્ટ અથવા લોકો દ્વારા જૂના ફોન બદલવામાં વિલંબ હોઈ શકે તેમ હતું, પરંતુ હાલની સ્થિતિ સંપૂર્ણપણે સપ્લાય ચેઈન અને કમ્પોનન્ટ ખર્ચના વધારાને આભારી છે. તમામ અગ્રણી કંપનીઓએ ચાલુ ક્વાર્ટરમાં એક કરતાં વધુ વખત ભાવ વધારો કરવાની ફરજ પડી હતી.

#### ઈરાનની ધમકીથી ભારતીય ક્રૂડ ઓઈલ સપ્લાય પર જોખમ

### લાલ સમુદ્રમાં તણાવ વધતા ભારતની ઉર્જા સુરક્ષા જોખમમાં

અમદાવાદ: પશ્ચિમ એશિયામાં વધતા તણાવને કારણે ભારતની ઉર્જા સુરક્ષા સામે ગંભીર પડકારો ઊભા થયા છે. લાલ સમુદ્રમાં શિપિંગ વ્યવહારમાં વિક્ષેપ પાડવાની ઈરાનની તાજેતરની ધમકીએ ભારત માટે ચિંતા વધારી દીધી છે. આ ઘટનાક્રમ સીધી રીતે ભારતના સૌથી મોટા તેલ સપ્લાયર્સમાંના એક એવા સાઉદી અરેબિયાથી આવતા ક્રૂડ ઓઈલના પુરવઠાને પ્રભાવિત કરી શકે છે. ઈરાને યમનના હુથી આંદોલનકારીઓને એવી ચેતવણી આપી છે કે જો અમેરિકા દ્વારા ઈરાનના પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર હુમલો કરવામાં આવે, તો તેમણે લાલ સમુદ્ર અને એડનના અખાતને જોડતા મહત્વપૂર્ણ એવા બાબ-અલ-મંડેબ સ્ટ્રેટને બ્લોક કરી દેવા જોઈએ. હોર્મુઝ સ્ટ્રેટમાં પહેલેથી જ તણાવ છે ત્યારે આ નવો ખતરો ભારત માટે મુસીબત બની શકે છે. સાઉદી અરેબિયા પોતાની પૂર્વ-પશ્ચિમ પાઈપલાઈન દ્વારા લાલ સમુદ્રના બંદરો સુધી મોટા પાયે ક્રૂડ ઓઈલનું પરિવહન કરે છે.



જૂન મહિનામાં જ ભારતની કુલ ક્રૂડ આયાતમાં સાઉદી અરેબિયાનો હિસ્સો ૭ ટકાથી વધુ હતો.ઉર્જા વિશ્લેષકોના મતે, આ માર્ગ અવરોધાતા વૈશ્વિક સ્તરે તેલના પુરવઠા સાંકળ પર ગંભીર અસર પડી શકે છે. ચિંતાજનક બાબત એ છે કે ભારતીય રિફાઈનર્સ પાસે અત્યારે ફક્ત ૨૦ દિવસનો જ કાર્યકારી કે વાણિજ્યિક સંગ્રહ ઉપલબ્ધ છે. જો પુરવઠામાં લાંબો સમય વિક્ષેપ રહે, તો ભારતે ગંભીર સ્થિતિનો સામનો કરવો પડી શકે છે, જેના કારણે સ્થાનિક સ્તરે માંગને નિયંત્રિત કરવી પડે તેવી શક્યતા પણ નકારી શકાતી નથી.

પશ્ચિમ એશિયાની આ કટોકટીને પગલે ભારતીય રિફાઈનરીઓએ પહેલેથી જ વૈકલ્પિક રસ્તાઓ અપનાવવાનું શરૂ કર્યું છે. ભારત હવે રશિયા, બ્રાઝિલ, વેનેઝુએલા, અંગોલા અને યુનાઈટેડ સ્ટેટ્સ જેવા દેશોમાંથી આયાત વધારી રહ્યું છે. જૂન મહિનામાં ભારતની રશિયન ક્રૂડ ઓઈલ આયાત રેકોર્ડ ૨.૫૮ મિલિયન બેરલ પ્રતિ દિવસ સુધી પહોંચી હતી, જે દેશની કુલ આયાતના અડધાથી વધુ હિસ્સો ધરાવે છે. આ ઉપરાંત સંયુક્ત આરબ અમીરાત અને વેનેઝુએલા પણ મુખ્ય સપ્લાયર તરીકે ભૂમિકા ભજવી રહ્યા છે.માત્ર કાચું તેલ જ નહીં, પરંતુ લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ (એલપીજી) નો પુરવઠો પણ આ સંકટમાં જોખમમાં હોઈ શકે છે. નિષ્ણાતોના મતે, બાબ-અલ-મંડેબ સ્ટ્રેટમાં શિપિંગ ખોરવાતા ભારતને તેના ક્રૂડ ઓઈલ સ્ત્રોતોમાં વધુ વૈવિધ્યીકરણ કરવાની અને અનામત ભંડાર વધારવાની ફરજ પડી શકે છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, અષાઢ સુદ - 07

# સીમાંકન બીલ મામલે એનસીપી પછી ડીએમકેએ પણ રાગ બદલ્યો

લોકસભામાં બેઠકો વધારવા અને મહિલા અનામત માટે સરકાર બંધારણ સુધારણા બીલ લાવશે. DMK સહિત દક્ષિણના રાજ્યોના હિતોને નુકસાન ન થાય તો તેઓ સરકારને સમર્થન આપવા તૈયાર છે. NDA સંસદીય પક્ષની બેઠકનું નામ 'મંગલ મિલન' રખાયું. વાંગચૂકને દિલ્હીની સફદરગંજ હોસ્પિટલમાં દાખલ કરાયા, હવે તેમના પત્ની આંદોલનની આગેવાની સંભાળશે.લોકસભામાં બેઠકો વધારવા અને મહિલા અનામત કાયદો લાગુ કરવા માટે સરકાર બંધારણ સુધારણા બીલ પાસ કરાવવા માંગે છે. આ માટે સરકારને બેતૃતિયાંશ બહુમતીની જરૂર છે. આ દિશામાં સરકાર સફળ થતી હોય એમ લાગી રહ્યું છે. લોકસભામાં ડીએમકેના ૨૪ સાંસદો છે. ડીએમકેએ પૂર્વશરત રાખતા કહ્યું છે કે જો સરકારના નવા સિમાંકનથી તામિલનાડુ અને બીજા દક્ષિણના રાજ્યોના હીતોને નુકસાન નહીં થાય તો તેઓ વાતચીત માટે તૈયાર છે. ડીએમકેના એક સિનિયર નેતાએ કહ્યું હતું કે સરકારે દરેક રાજ્ય વિશેની માહિતી આપવી જોઈએ. દક્ષિણના રાજ્યોને નુકસાન થવું નહીં જોઈએ. જો અમને આ બાબતે ગેરંટી આપવામાં આવે તો અમારો નિર્ણય બદલીશું. થોડા દિવસો પહેલા એનસીપી (શરદ પવાર)ના નેતા સુપ્રિયા સુલેએ પણ લગભગ આ પ્રકારની જ વાત કરી હતી.શેક્સપીયરએ ભલે એમ કહ્યું હોય કે નામમાં શું બળ્યું છે, આપણા રાજકારણીઓ આ વાત સાથે સંમત થતા નથી. રસ્તાઓ અને સ્ટેડિયમોથી માંડીને પૂલો સુધીના નામ બાબતે આપણે ત્યાં વિવાદ થતો રહે છે. એનડીએને કારણે કેટલાક નાના પક્ષો પણ હમણા સત્તાનો આનંદ લઈ રહ્યા છે. અંદરખાને કેટલોક વિરોધ હોવા છતાં નાના પક્ષો ભાજપની વાત ચૂપચાપ માની લે છે. હવે ભાજપના એક નેતાના કહેવાથી એનડીએ સંસદીય પક્ષની બેઠકનું નામ 'મંગલ મિલન' રાખવામાં આવ્યું છે. જોકે સત્તાના સ્વાર્થએ એનડીએના નેતાઓ મળે છે ત્યારે એમની દ્રષ્ટિએ તો બધુ મંગળ જ મંગળ હોય છે. દર મંગળવારે એનડીએના સંસદીય દળની બેઠક મળે છે. ૨૧મી જુલાઈએ સવારે ૯:૩૦ વાગ્યે સંસદ ભવનમાં જ્યારે બેઠક મળશે ત્યારે વડાપ્રધાન મોદી બેઠકને સંબોધન કરવાના છે.૨૦ દિવસથી ભૂખ હડતાલ પર બેઠેલા વાંગચૂકને દિલ્હીની પોલીસે એક છૂપુ ઓપરેશન કરીને હોસ્પિટલ સફદરગંજમાં દાખલ કર્યા છે.બે દિવસ પહેલા દિલ્હીના તત્કાલીન પોલીસ કમિશનર સતિશ ગોલચાને હટાવીને અનુરાગ કુમારને ગોઠવવામાં આવ્યા ત્યારે જ લાગતું હતું કે સરકાર હવે જંતર મંતર ખાતે એક્શન લેશે. જુના પોલીસ કમિશનરની કાર્યવાહીથી હોમ ડીપાર્ટમેન્ટ ખુશ નહોતું. નવા કમિશનરે આવતાની સાથે જ સપાટો બોલાવ્યો.હાઈકોર્ટની સૂચનાને નામે સોનમ વાંગચૂકને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. હવે આંદોલન નેતા વીહીન થઈ નહી જાય એ માટે સોનમ વાંગચૂકના પત્ની ગીતાંજલી અંગમો મેદાનમાં ઉતર્યા છે. ગીતાંજલીએ સોશ્યલ મીડિયા એક્સ પર લખ્યું છે કે, 'મહેરબાની કરીને સોનમ વાંગચૂકને મોઢા મારફતે કે નસથી કોઈ પણ પ્રકારનો ખોરાક આપવામાં આવે નહીં. એમના જીવને જોખમ છે. હવે મોરચાની આગેવાની હું લઈશ.'રાષ્ટ્રીય લઘુમતી આયોગના પ્રમુખ તરીકે હરજીત સિંહ ગ્રેવાલની પસંદગી થઈ છે. ગ્રેવાલ પંજાબ ભાજપના સિનિયર નેતા છે અને રાજ્યમાં તેઓ લઘુમતી કમીટીના સભ્ય પણ છે. ગ્રેવાલને લઘુમતી આયોગની જવાબદારી સોપવા પાછળ ભાજપનું રાજકારણ છે.પંજાબ વિધાનસભાની ચૂંટણી નજીક છે ત્યારે શીખ સમુદાયને પોતાના તરફ કરવા માટે ભાજપે શીખ સમુદાયની વ્યક્તિની પસંદગી લઘુમતી આયોગમાં કરી છે. અત્યાર સુધી પંજાબમાં ભાજપની ઈમેજ હિન્દુ પક્ષ તરીકેની રહી છે.પંજાબમાં કદી ભાજપનો પાયો મજબૂત થઈ શક્યો નથી. આજ કારણે ભાજપે રવનીત સિંહ બીટ્ટુને મહત્ત્વ આપ્યું તો કેપ્ટન અમરિંદર સિંહનો સાથ પણ લીધો હતો. નરેન્દ્ર મોદી જ્યારે પંજાબના પ્રવાસે હતા એ જ વખતે ગ્રેવાલનું નામ જાહેર કરવામાં આવ્યું હતું.ઉત્તર પ્રદેશ ભાજપના પ્રદેશ ઉપપ્રમુખ અને કૌસાંબીની ચાઈલ વિધાનસભાના ધારાસભ્ય પૂજા પાલ સપા પ્રમુખ અખિલેશ યાદવ પર બરાબરના બગડયા છે.પૂજા પાલે અતિક અહમદ અને મુખ્તાર અંસારીનો ઉલ્લેખ કરીને અખિલેશ યાદવને ઘેર્યા હતા. હવે ફરીથી સોશ્યલ મીડિયા મારફતે એમણે સપાએમણે સોશ્યલ મીડિયા એક્સ પર લખ્યું છે કે, 'અખિલેશ યાદવજી તમે આજે કઈ રીતે પછાતો અને મહિલાઓની વાત કરી રહ્યા છો? હું પછાત પાલ સમાજમાંથી છું. હું એક મહિલા છું અને તમારા પક્ષમાંથી ધારાસભ્ય પણ રહી હતી.

## વલસાડ LCBએ નેશનલ હાઈવે પરથી દારૂ ઝડપ્યો

# વેગનઆર કારમાંથી ₹2.59 લાખનો જથ્થો, ખેડાનો બુટલેગર જેલભેગો

(એજન્સી) વલસાડ | તા.19

વલસાડ LCBએ નેશનલ હાઈવે નંબર-48 પરથી એક મારૂતિ વેગનઆર કારમાંથી 2.59 લાખનો વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે આ મામલે ખેડા જિલ્લાના એક આરોપીની ધરપકડ કરી છે, જ્યારે દારૂ ભરાવનાર દમણના અને મંગાવનાર કરજણના બે બુટલેગરને વોન્ટેડ જાહેર કર્યા છે.



વલસાડ જિલ્લામાં પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ નેસ્તનાબૂદ કરવા માટે SP યુવરાજસિંહ જાડેજા દ્વારા ખાસ સૂચના આપવામાં આવી હતી. આ સૂચનાના આધારે LCBના પોલીસ ઈન્સ્પેક્ટર એ.યુ. રોઝના માર્ગદર્શન હેઠળ LCBની ટીમ વલસાડ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી.

પેટ્રોલિંગ દરમિયાન ઘનશ્યામસિંહ બળવંતસિંહને બાતમી મળી હતી કે, મુંબઈથી સુરત તરફ જતા સર્વિસ રોડ પર એક સિલ્વર કલરની વેગનઆર કારમાં દારૂનો જથ્થો લઈ જવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે નેશનલ હાઈવે-48 પર આવેલા સુગર ફેક્ટરી ઓવરબ્રિજના ઉતરતા છેડે સર્વિસ રોડ પર વોચ ગોઠવી હતી.

પોલીસે શંકાસ્પદ વેગનઆર કાર (નંબર: GJ-15-AD-0781) આવતા જ તેને કોર્ડન કરીને અટકાવી હતી. કારની તલાશી લેતા તેમાંથી ગુપ્ત રીતે છુપાવેલો ભારતીય બનાવટનો વિદેશી દારૂ, જેમાં વ્હીસ્કી, બીઅર અને વોડકાની કુલ 654 નંગ બોટલો (કુલ 165.960 લીટર) મળી આવી હતી. આ દારૂના જથ્થાની કિંમત 2,59,050/- આંકવામાં આવી છે.

# સત દેવીદાસ... અમર દેવીદાસ... સેવા, સમરસતા અને લોક આસ્થાનું જીવંત પ્રતીક એટલે અષાઢી બીજ મેળો.. પરબધામ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ જિલ્લાના ભેસાણ તાલુકામાં આવેલું પરબધામ ચાર સદીથી વધુ સમયથી સેવા, સમરસતા, કરુણા અને સંતપરંપરા ના મૂલ્યોને જીવંત રાખતું આસ્થાનું અનોખું કેન્દ્ર છે. અષાઢી બીજના પવિત્ર દિવસે અહીં યોજાતો મહોત્સવ આજે સૌરાષ્ટ્રના સૌથી મોટા સ્વયંભૂ લોકમેળા તરીકે ઓળખાય છે, જ્યાં લાખો શ્રદ્ધાળુઓ ભક્તિ, સત્સંગ અને માનવસેવાના પાવન સંગમનો અનુભવ કરવા ઉમટી પડે છે. વર્ષ ૨૦૨૬નો અષાઢી બીજ મહોત્સવ પણ ભક્તિ અને સેવાભાવના અભૂતપૂર્વ માહોલ વચ્ચે સફળતાપૂર્વક સંપન્ન થયો, જેમાં લાખોની સંખ્યામાં ભાવિકોએ મહાપ્રસાદ ગ્રહણ કરીને ધન્યતા અનુભવી. લોકપરંપરા અનુસાર અષાઢી બીજના પવિત્ર દિવસે પૂજનીય સંતશ્રી દેવીદાસબાપુ અને અમરમાંએ ચેતન સમાધિ લીધી હતી. તેમની સ્મૃતિમાં શરૂ થયેલો આ મહોત્સવ આજે ગુજરાત ની સંતપરંપરાની ગૌરવશાળી ઓળખ બની ગયો છે. 'સત દેવીદાસ... અમર દેવીદાસ...'ના જયઘોષ સાથે ઉજવાતો આ મેળો ભક્તિ કરતાં પણ વધુ માનવસેવાના સંદેશને જીવંત રાખે છે.

પરબધામની ઓળખનું મૂળ માનવસેવામાં સમાયેલું છે. સમાજ દ્વારા તિરસ્કૃત અને રક્તપિત્ત જેવા અસાધ્ય રોગોથી પીડાતા લોકોને આશ્રય, સારવાર, ભોજન અને સન્માન આપવાનું કાર્ય સંત પરંપરાએ પોતાના જીવનધર્મ તરીકે સ્વીકાર્યું હતું. ગામેગામ ઝોળી ફેરવી અન્ન એકત્રિત કરીને જરૂરિયાતમંદોની સેવા કરાતી હતી. કરુણા અને સમર્પણથી શરૂ થયેલી આ પરંપરા આજે પણ એ જ ભાવના સાથે અવિરત ધબકે છે.શ્રી કરશનદાસ બાપુના માર્ગદર્શન હેઠળ પરબધામમાં દરરોજ હજારો ભાવિકો માટે નિઃશુલ્ક ભોજન અને રહેવાની વ્યવસ્થા કરવામાં આવે છે. નાત , જાત, ધર્મ કે આર્થિક સ્થિતિના કોઈપણ ભેદભાવ વિના સૌનું સમાન સન્માન સાથે અહીં સ્વાગત કરવામાં આવે છે. 'માનવ સેવા એ જ નારાયણ સેવા'ના આદર્શને અહીં રોજિંદા જીવનમાં સાકાર કરવામાં આવે છે. સંસ્થાના અગ્રણીશ્રી કેતન બાપુની દેખરેખ અને પૂજ્ય મહંત ગુરુદેવશ્રી કરશનદાસ બાપુના માર્ગદર્શન હેઠળ અન્નદાન, ગૌસેવા, આધ્યાત્મિક જાગૃતિ, શિક્ષણ, સંસ્કાર અને માનવ કલ્યાણના અનેક પ્રકલ્પો સતત કાર્યરત છે.અષાઢી બીજ મહોત્સવ દરમિયાન અંદાજે સાતથી આઠ લાખ જેટલા શ્રદ્ધાળુઓ પરબધામ આવે છે, અહીં અહિં માનવ મેળો ભરાય છે તેમાં ભજન, ભોજન અને સંતવાણી, સત્સંગ, સમૂહ પ્રાર્થના, આરતીના કાર્યક્રમોમાં જોડાઈ ભાવિકો આધ્યાત્મિક શાંતિનો અનુભવ કરે છે.

# જૂનાગઢ ખાતે વિભાગીય નાયબ નિયામકશ્રી ના અધ્યક્ષસ્થાને ICDSની ત્રિમાસિક સમીક્ષા બેઠક યોજાઈ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ જિલ્લા પંચાયતની આઈ.સી.ડી.એસ. શાખા અને મહાનગરપાલિકા જૂનાગઢના સંયુક્ત ઉપક્રમે એક મહત્વપૂર્ણ ત્રિમાસિક સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટ ઝોનના વિભાગીય નાયબ નિયામકશ્રી અંકુર વૈધના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ બેઠકમાં જિલ્લાના પ્રોગ્રામ ઓફિસરશ્રી,બાળવિકાસ યોજના અધિકારીશ્રીઓ (CDPO), મુખ્ય સેવિકાશ્રીઓ તેમજ બ્લોક સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. જૂનાગઢ મહાનગરપાલિકાના પંડિત દીનદયાળ ઉપાધ્યાય સભાખંડ ખાતે આયોજિત આ બેઠક દરમિયાન આઈ.સી. ડી.એસ. શાખા હેઠળ ચાલતી વિવિધ કલ્યાણકારી યોજનાઓની ભૌતિક અને નાણાકીય પ્રગતિની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવી હતી અને નિયત સમય મર્યાદામાં નિર્ધારિત લક્ષ્યાંકો પ્રાપ્ત કરવા માટે જરૂરી દિશા-નિર્દેશો આપવામાં આવ્યા હતા.આ બેઠકમાં ખાસ કરીને આંગણવાડી કેન્દ્રોમાં પૂરક પોષણ અને લાભાર્થીઓની ફેસ રેકગ્નિશન સિસ્ટમ (FRS) દ્વારા ઓનલાઈન હાજરી પૂરવાની કામગીરી પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. જૂન-૨૦૨૬ના અંતિત પૂરક પોષણ વિતરણ માં ઓછી પ્રગતિ દર્શાવતા ઘટકોને તાત્કાલિક જરૂરી સુધારોઓ કરવા સૂચના આપવામાં આવી હતી. આ ઉપરાંત, પૂર્ણા યોજના અંતર્ગત કિશોરીઓને અપાતા ટીએચઆર (THR) નું બાળ વિકાસ યોજના અધિકારીઓ દ્વારા ક્રોસ વેરિફિકેશન કરવા તેમજ તાલુકા આરોગ્ય અધિકારી સાથે સંકલન સાધીને કિશોરીઓ માટે હેલ્થ ચેકઅપ, હિમોગ્લોબિન તપાસ, બોડી માસ ઈન્ડેક્સ (BMI) ટેસ્ટિંગ અને એનીમિયા મુક્ત કેમ્પનું વ્યાપક આયોજન કરવા સૂચના આપવામાં આવી હતી. આંગણવાડીઓના માળખાકીય સુવિધા ઓની પણ સમીક્ષા કરવામાં આવી હતી. તે સંદર્ભમાં હાલમાં ભાડે ચાલતા કેન્દ્રો માટે ગ્રામ્ય કે શહેરી સ્તરે વહીવટી અને સ્થાનિક પદાધિકારીઓ સાથે સંકલન સાધીને જમીન સંપાદનની પ્રક્રિયા ઝડપી બનાવવી જરૂરી છે. બાકી રહેતા કેન્દ્રોના વર્ક ઓર્ડર અને તાંત્રિક મંજૂરીઓ સત્વરે પૂર્ણ કરવા તેમજ જર્જરિત થઈ ગયેલા આંગણવાડી કેન્દ્રોના ડિમોલેશનની કામગીરી સત્વરે પૂર્ણ કરવા માટે તાકિદ કરવામાં આવી હતી. તેની સાથે જ આંગણવાડી વિઝીટ ટ્રેકર અને પોષણ ટ્રેકર પોર્ટલ પર દરેક કોમ્પોનન્ટની ઓનલાઈન એન્ટ્રી સુનિશ્ચિત કરવા જણાવાયું હતું. ઉપરાંત ઓછી પ્રગતિ ધરાવતા ઘટકોની આગામી માસમાં પુનઃ સમીક્ષા જરૂરી પગલાં લેવા પણ સૂચના આપવામાં આવી હતી. બેઠકના અંતિમ તબક્કામાં વહીવટી પ્રક્રિયાઓને વેગ આપવા માટે ગ્રેજ્યુઈટી હેઠળના બાકી કેસોનું પ્રિ-ઓડિટ કરાવીને સત્વરે ચૂકવણું પૂર્ણ કરવા સૂચના અપાઈ હતી.

# કેશોદમાં ૧૮૧ અભયમ ટીમના કુશળ કાઉન્સિલિંગ દ્વારા પતિ પત્ની ને સુખદ જીવન જીવવાની નવી રાહ દેખાડી

નરેન્દ્ર દવે જૂનાગઢ

માળીયા હાટીના તાલુકાના એક ગ્રામ્ય વિસ્તારમાં ઘરેલુ હિંસાથી પીડિત મહિલાની મદદ માટે તેમના ભાઈ દ્વારા ૧૮૧ ટીમની મદદ માંગી હતી . ત્યારે કેશોદ ૧૮૧ ટીમને કોલ મળતાની સાથે તુરંત સ્થળ પર પહોંચી હતી. સ્થળ પર કાઉન્સેલિગ કરતા મહિલાએ જણાવ્યું હતું કે પાંચ વર્ષથી પતિ દ્વારા વારંવાર શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો અને મહિલાના ચારીત્ર પર ખોટી શંકા કરી મારકુટ કરતો હતો મહિલાએ સમાજના આગેવાન દ્વારા સમજાવવાના પ્રયત્ન કરેલ હોય પરંતુ પતિ સમજવા તૈયાર ન હોય તેથી મહિલાના ભાઈએ તેમના બહેનનું ઘર તુટતુ બચાવવા અભયમનો સહારો લીધો હતો.

૧૮૧ કાઉન્સેલર ડાયબેન માવદીયા અને કોન્સ્ટેબલ કાજલબેન રામ દ્વારા વડીલો ની હાજરીમાં બન્ને પક્ષોને કાયદાકીય માહિતી આપી બાળકનાં ભવિષ્ય વિષે અંગે સમજણ આપી બને પક્ષોના ભવિષ્ય અંગે વધુ સક્ષમ બનવા સમજણ આપી હતી ત્યારે પતિને પોતાની ભૂલ સમજાતા ભૂલ સ્વીકારી હતી અને ભવિષ્યમાં મહિલા પર શારીરિક અને માનસિક ત્રાસ નહીં આપે તેવી બાંહેધરી સાથે સમાધાન કરી સુખદ જીવનની શરૂઆત કરવા સહમત થયા હતા.

આમ કેશોદ ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈન દ્વારા વધુ એક પરિવારના સમસ્યાઓનું નિવારણ કરી પતિ પત્નીના પરિવારને જોડવાની સરાહનીય કામગીરી કરી હતી .

# પીએમ રાહત યોજના અંતર્ગત જૂનાગઢ સિવિલ હોસ્પિટલની રાજ્યકક્ષાએ શ્રેષ્ઠ કામગીરી

નરેન્દ્ર દવે જૂનાગઢ

માર્ગ અકસ્માત થયાના એક કલાકમાં ઈજાગ્રસ્ત વ્યક્તિને જો તાત્કાલિક સારવાર મળે તો તે વ્યક્તિની બચવાની સંભાવના ખૂબ જ વધી જાય છે. સરકારશ્રીની માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્ત લોકોને ગોલ્ડન અવર માં જરૂરી સારવાર તાત્કાલિક મળી રહે તે માટેની 'PM RAHAT' એટલે કે પ્રધાનમંત્રી રોડ એકસીડન્ટ વિક્ટિમ હોસ્પિટલાઈઝેશન એન્ડ ટ્રીટમેન્ટ યોજના અંતર્ગત જુનાગઢ સિવિલ હોસ્પિટલે રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ કામગીરી કરેલ છે.

તથા માર્ચ 2026 થી અત્યાર સુધીમાં કુલ 233 દર્દીઓએ આ યોજના અંતર્ગત નિ:શુલ્ક ગુણવત્તા સભર સારવાર મેળવેલ છે. પીએમ રાહત યોજના અંતર્ગત માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્ત વ્યક્તિને રૂપિયા બે લાખ સુધીની સારવાર એક અઠવાડિયા સુધી નિ:શુલ્ક મળવાપાત્ર છે.

વધુમાં જણાવવાનું કે માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્ત લોકોને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે જે કોઈપણ વ્યક્તિ ઈજાગ્રસ્ત દર્દીને તાત્કાલિક હોસ્પિટલ સુધી પહોંચાડે તેઓને 'રાહવીર યોજના' અંતર્ગત સરકારશ્રીની ગાઈડલાઈન્સ અનુસાર રૂપિયા 25,000 સુધીનો પુરસ્કાર અને પ્રમાણપત્ર પણ મળવા પાત્ર છે. તો વધુને વધુ લોકોને નમ્ર વિનંતી કે માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્ત વ્યક્તિઓને તાત્કાલિક નજીકની હોસ્પિટલ ખાતે સારવાર અર્થે પહોંચાડવા અને તેના બદલામાં આપને રાહ વીર યોજના અંતર્ગત પુરસ્કાર અને પ્રમાણપત્ર પણ મળી શકે છે.

## ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા નખત્રાણાના આચાર્ય ડૉ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી વેદશાસ્ત્ર પારંગત પંડિત પુરસ્કારથી સન્માનિત

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલ)

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા સંસ્કૃત ભાષા અને વૈદિક સંસ્કૃતિના સંવર્ધન માટે દર વર્ષે વૈદિક વિદ્વાનોનું સન્માન કરવામાં આવે છે. વર્ષ 2025 માટેના પ્રતિષ્ઠિત વેદશાસ્ત્ર પારંગત પંડિત પુરસ્કાર માટે નખત્રાણાના આચાર્ય ડૉ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીની પસંદગી થતાં સમગ્ર કચ્છમાં આનંદ અને ગૌરવની લાગણી પ્રસરી છે. ડૉ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ બાળપણથી



જ સામવેદના અભ્યાસમાં પોતાનું જીવન સમર્પિત કર્યું છે. તેમણે સાત વર્ષ સુધી ગુરુકુલમાં રહી સામવેદનો સઘન અભ્યાસ પૂર્ણ કર્યો હતો. ત્યારબાદ સંસ્કૃત સાહિત્યમાં ઉચ્ચ અભ્યાસ કરીને પીએચ.ડી.ની ઉપાધિ પ્રાપ્ત કરી અને હાલ નખત્રાણામાં આચાર્ય તરીકે સેવા આપી રહ્યા છે. સામવેદના સંરક્ષણ, વૈદિક પરંપરાના જતન અને સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસાર માટે તેમના નોંધપાત્ર યોગદાનને માન આપી ગુજરાત સરકાર દ્વારા તેમને વર્ષ 2025નો વેદશાસ્ત્ર પારંગત પંડિત પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે. ગુજરાત યુનિવર્સિટીના હોલમાં યોજાયેલા સંસ્કૃત મહોત્સવ દરમિયાન રાજ્યના શિક્ષણમંત્રી પ્રફુલ્લભાઈ પાનસેરિયા, ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ડૉ. ભારતીબહેન શેલત તથા મહામંત્રી જયરાજસિંહ જાડેજાના હસ્તે ડૉ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનું સન્માન કરવામાં આવ્યું હતું.

# નખત્રાણા તાલુકાના નેત્રા અને મથલ ગામે અદાણી ફાઉન્ડેશન દ્વારા મેડિકલ કેમ્પ યોજાયો

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના નેત્રા અને મથલ ગામે અદાણી ફાઉન્ડેશનના સહયોગથી નિઃશુલ્ક મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પ દરમિયાન બંને ગામના કુલ 195 જેટલા દર્દીઓએ આરોગ્ય તપાસ, તબીબી પરામર્શ અને જરૂરી દવાઓનો લાભ લીધો હતો.



અદાણી ફાઉન્ડેશનના કોઓર્ડિનેટર કિશન પટેલે માહિતી આપતાં જણાવ્યું હતું કે ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા લોકોને તેમના ગામ નજીક જ ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થાય તે માટે ફાઉન્ડેશન દ્વારા નિયમિતપણે આવા આરોગ્ય કેમ્પોનું આયોજન કરવામાં આવે છે. કેમ્પમાં અનુભવી તબીબોની ટીમ દ્વારા વિવિધ રોગોની તપાસ કરી દર્દીઓને જરૂરી દવાઓનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ આરોગ્ય અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ગામલોકોએ મોટી સંખ્યામાં કેમ્પનો લાભ લઈ અદાણી ફાઉન્ડેશન અને તબીબી ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો તથા ભવિષ્યમાં પણ આવા આરોગ્યલક્ષી કાર્યક્રમો સતત યોજાય તેવી આશા વ્યક્ત કરી હતી.

# અમરેલીમાં કોહવાયેલી હાલતમાં સિંહનો મૃતદેહ મળ્યો

(એજન્સી) અમરેલી | તા.19

અમરેલી જિલ્લાના ધારી ગીર પૂર્વ ડિવિઝન હેઠળની ખાંભા-તુલસીશ્યામ રેન્જના રબારીકા રાઉન્ડ વિસ્તારમાં પથ્થરમાળા રેવન્યુ વિસ્તારમાંથી કોહવાયેલી હાલતમાં એક સિંહનો મૃતદેહ મળી આવ્યો છે. સ્થાનિક માલધારીએ મૃતદેહ જોતા વનવિભાગને જાણ કરી હતી, ત્યાર બાદ વનવિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી.

વનવિભાગ દ્વારા સિંહના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું છે. ધારી ગીર પૂર્વના ડીસીએફ વિકાસ યાદવના જણાવ્યા અનુસાર, મૃત સિંહની ઉંમર આશરે 15 વર્ષ હતી અને તેનું મોત વૃદ્ધાવસ્થાના કારણે કુદરતી રીતે થયું છે.

ઉલ્લેખનિય છે કે, છેલ્લા બે મહિનામાં અમરેલી જિલ્લામાં કુલ 6 સિંહના મોત નોંધાયા છે.

# પાલનપુરમાં ગવર્નમેન્ટ ચિલ્ડ્રન હોમ ખાતે મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીની અધ્યક્ષતામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

માહિતી બ્યુરો, પાલનપુર

રાજ્યના વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ તથા વાહન વ્યવહાર રાજ્યમંત્રી શ્રી પ્રવીણભાઈ માળીની અધ્યક્ષતામાં પાલનપુર સ્થિત ગવર્નમેન્ટ ચિલ્ડ્રન હોમ ખાતે, હનુમાન ટેકરી સ્થિત સ્વસ્તિક સ્કૂલ સામે 'એક પેડ માં કે નામ 3.0' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ અવસરે રાજ્યમંત્રીશ્રીએ વૃક્ષારોપણ કરી પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો હતો તેમજ હરિયાળું અને સ્વચ્છ ગુજરાતના નિર્માણ માટે સૌને વધુમાં વધુ વૃક્ષો વાવવા અને તેનું જતન કરવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે રાજ્યમંત્રીશ્રી પ્રવીણભાઈ માળીએ જણાવ્યું હતું કે, હરિયાળું ગુજરાતના નિર્માણ માટે જનભાગીદારી અનિવાર્ય છે. દરેક નાગરિકે પોતાના પરિવારજનોના નામે ઓછામાં ઓછું એક વૃક્ષ વાવી તેની સંભાળ રાખવાનો સંકલ્પ લેવો જોઈએ. 'એક પેડ માં કે નામ 3.0' અભિયાન માત્ર વૃક્ષારોપણ પૂરતું મર્યાદિત નથી, પરંતુ પ્રકૃતિ પ્રત્યેની જવાબદારી, સંવેદના અને ભાવનાત્મક જોડાણનું પ્રતિક છે. વધુમાં વધુ વૃક્ષોનું વાવેતર કરીને પર્યાવરણનું સંતુલન જાળવવા, જૈવ વૈવિધ્યનું સંરક્ષણ કરવા અને ભાવિ પેઢીને હરિયાળું તથા સ્વચ્છ પર્યાવરણ પ્રદાન કરવાના રાજ્ય સરકારના સંકલ્પને આ અભિયાન વધુ મજબૂત બનાવશે.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી વસંતભાઈ પુરોહિત, પાલનપુરના ધારાસભ્ય શ્રી અનિકેત ઠાકર, સ્થાનિક આગેવાનો, વિવિધ વિભાગોના અધિકારીઓ, સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ તથા મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# ડો. અદિતિ ભંડારીનું સન્માન : નારગોલ ભંડારી સમાજે તેમનું સન્માન કર્યું

(એજન્સી) ઉમરગામ | તા.19

ડો. અદિતિ મુકેશભાઈ ભંડારીએ એમ.બી.બી.એસ.ની ડિગ્રી મેળવી ભીલાડ સામુહિક આરોગ્ય કેન્દ્ર (CHC) ખાતે મેડિકલ ઓફિસર તરીકે સરકારી સેવામાં જોડાયા છે. આ સિદ્ધિ બદલ નારગોલ ભંડારી સમાજ દ્વારા જગદંબાધામ ખાતે યોજાયેલી સામાન્ય સભામાં તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

સમાજના પ્રમુખ યતીનભાઈ ભંડારીની અધ્યક્ષતામાં આયોજિત કાર્યક્રમમાં સમાજના વડીલો, હોદ્દેદારો અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ડો. અદિતિને ફૂલહાર, શાલ અને સ્મૃતિચિહ્ન અર્પણ કરીને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. તેમના માતા-પિતા મુકેશભાઈ ભંડારી અને પરિવારજનોનું પણ સન્માન કરાયું હતું.

અમદાવાદની બી.જે. મેડિકલ કોલેજમાંથી એમ.બી.બી.એસ. ની ડિગ્રી પ્રાપ્ત કર્યા બાદ ડો. અદિતિ ભંડારીને ભીલાડ CHC ખાતે મેડિકલ ઓફિસર તરીકે નિમણૂક મળી હતી. આ નિમણૂકથી સમગ્ર ભંડારી સમાજ અને નારગોલ ગામમાં ખુશીની લાગણી પ્રસરી છે.

આ પ્રસંગે સમાજના પ્રમુખ યતીનભાઈ ભંડારીએ જણાવ્યું હતું કે, "ડો. અદિતિએ માત્ર પોતાના પરિવારનું જ નહીં, પરંતુ સમગ્ર સમાજ અને ગામનું ગૌરવ વધાર્યું છે. તેમની નિષ્ઠાપૂર્વકની તબીબી સેવાઓથી અનેક દર્દીઓને લાભ મળશે તેવી અમને આશા છે."

સન્માનનો સ્વીકાર કરતાં ડો. અદિતિ ભંડારીએ પોતાની સફળતાનો શ્રેય માતા-પિતા, પરિવાર અને સમાજના સહકારને આપ્યો હતો. તેમણે તબીબ તરીકે નિષ્ઠા અને સેવાભાવથી લોકોની સેવા કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

# વાપી કોલ સેન્ટરનો માસ્ટરમાઈન્ડ હરિયાણાથી ઝડપાયો

## SOGએ 1000થી વધુ IP એડ્રેસ ટ્રેસ કરી સફળતા મેળવી, વાઈ-ફાઈ કોલિંગથી ગેંગ વિદેશીઓને ગિફ્ટકાર્ડના નામે છેતરતી

(એજન્સી) વાપી | તા.19

વાપીના ડુંગરા વિસ્તારમાં 11 જૂનના રોજ ઝડપાયેલા હાઈટેક ઈન્ટરનેશનલ ગેરકાયદેસર કોલ સેન્ટર કેસમાં વલસાડ એસઓજી (SOG) ટીમે મોટી સફળતા મેળવી છે. આ સમગ્ર કૌભાંડના મુખ્ય સૂત્રધાર, ગિફ્ટ કાર્ડ રીડીમ કરનાર અને ગેરકાયદેસર સર્વર ઉપલબ્ધ કરાવનાર આરોપી યુવરાજ સુરેન્દ્રકુમાર સલુજા (ઉંમર 33)ને પોલીસે હરિયાણાના રોહતકથી ઝડપી પાડ્યો છે. આરોપી સુધી પહોંચવા માટે પોલીસે 1000થી વધુ IP એડ્રેસનું ટેકનિકલ વિશ્લેષણ કરી જટિલ તપાસ હાથ ધરી હતી.



પોલીસના જણાવ્યા અનુસાર, પ્રાથમિક તપાસમાં માત્ર એક ચાઈનીઝ એપ્લિકેશનનો વર્ચ્યુઅલ નંબર જ ઉપલબ્ધ હતો. વિદેશી કંપનીઓ તરફથી જરૂરી માહિતી ન મળવા છતાં એસઓજી ટીમે IPDR ડેટા, વર્ચ્યુઅલ નંબર અને વેબસાઈટ્સના ટેકનિકલ એનાલિસિસના આધારે આરોપીનું લોકેશન રોહતક ટ્રેસ કર્યું હતું. ત્યારબાદ એસઓજી ટીમ હરિયાણા પહોંચી આરોપીની ધરપકડ કરી લાવ્યા બાદ કાયદેસરની કાર્યવાહી કરી વાપી જીઆઈડીસી (GIDC) પોલીસને સોંપ્યો હતો.

તપાસમાં બહાર આવ્યું છે કે, આ ગેંગ માત્ર વાઈ-ફાઈ કોલિંગ દ્વારા વિદેશી નાગરિકોનો સંપર્ક કરી ગિફ્ટ કાર્ડના નામે છેતરપિંડી કરતી હતી. ગિફ્ટ કાર્ડ રીડીમ કરાવવાની અને સર્વર પ્રોવાઈડ કરવાની મુખ્ય ભૂમિકા યુવરાજ સલુજાની હતી. આરોપીએ અન્ય વ્યક્તિઓના નામે મેળવેલા બોગસ કોન્ટેક્ટ નંબરનો ઉપયોગ કર્યો હોવાનું પણ સામે આવ્યું છે.

ડીવાયએસપી (DySP) એ.કે. વર્માએ નાગરિકોને અપીલ કરી છે કે, રહેણાંક વિસ્તારમાં રાત્રિના સમયે શંકાસ્પદ રીતે ચાલતા કોલ સેન્ટર કે અજાણી અવરજવર નજરે પડે તો તાત્કાલિક પોલીસને જાણ કરવી. આ સમગ્ર ઓપરેશનમાં પીઆઈ (PI) ડી.ડી. પરમાર, પીએસઆઈ (PSI) એસ.આર. સુસલાદે, આઈટી એક્સપર્ટ પ્રિતેશકુમાર પટેલ તેમજ એસઓજી અને એલસીબી (LCB)ની ટેકનિકલ ટીમે મહત્વની ભૂમિકા ભજવી હતી.

# ONGCમાંથી કોપર કેબલ ચોરીનો ભેદ ઉકેલાયો : વાગરા પોલીસે ચોરીનો 4 આરોપીની ધરપકડ કરીને મુદ્દામાલ જપ્ત કર્યો

(એજન્સી) વાગરા | તા.19

વાગરા પોલીસે ગુનાખોરી નાબૂદ કરવાના અભિયાન હેઠળ મોટી સફળતા મેળવી છે. ગંધાર સ્થિત ONGCના PTYS કેમ્પસમાંથી કોપર કેબલની ચોરી કરતી ટોળકીના ચાર સભ્યોને પોલીસે ઝડપી પાડ્યા છે. આ કાર્યવાહીથી ગુનેગારોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે મુલેર ચોકડી ખાતે વોચ ગોઠવવામાં આવી હતી. આ દરમિયાન મોટરસાયકલ નંબર GJ-16-DB-3061 પર શંકાસ્પદ હાલતમાં પસાર થઈ રહેલા સંજયભાઈ રમેશભાઈ ગોહિલ અને પરેશભાઈ અરવિંદભાઈ વસાવાને રોકવામાં આવ્યા હતા. તેમની પાસેથી તપાસ કરતા એક થેલીમાંથી આશરે 30 કિલો કોપર વાયર મળી આવ્યો હતો.

કડક પૂછપરછમાં બંને આરોપીઓએ કબૂલાત કરી હતી કે, તેઓએ પોતાના અન્ય બે સાથીદાર પ્રકાશભાઈ રમેશભાઈ પરમાર અને રિતેશભાઈ ઠાકોરભાઈ ગોહિલ સાથે મળીને ONGC કેમ્પસ નજીકથી કોપર કેબલની ચોરી કરી હતી. પકડાઈ જવાની બીકે તેઓએ કેબલનું બહારનું આવરણ કાઢી કોપરના તાર ઝાડીઓમાં સંતાડી દીધા હતા અને વેચવા નીકળ્યા ત્યારે પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. પોલીસે અન્ય બે સાગરીતોને પણ દબોચી લીધા હતા.

પોલીસે આરોપીઓ પાસેથી આશરે 15 હજાર રૂપિયાનો 30 કિલો કોપર વાયર તેમજ 40 હજાર રૂપિયાની મોટરસાયકલ મળી કુલ 55 હજાર રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે. ચારેય આરોપીઓની અટકાયત કરી તેમની સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

# અંકલેશ્વરની નોબારિયા શાળામાં વિદ્યાર્થીઓએ તગારા ઉંચક્યા

## વાલીઓ અને સ્થાનિકોમાં ભારે રોષ, શિક્ષણ સમિતિએ તપાસના આદેશ આપ્યા

(એજન્સી) અંકલેશ્વર | તા.19

અંકલેશ્વરની નોબારીયા સરકારી શાળામાં વિદ્યાર્થીઓ પાસે મજૂરી સમકક્ષ કામ કરાવવામાં આવ્યું હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. આ વીડિયોમાં વિદ્યાર્થીઓ સિમેન્ટ અને રેતીના તગારા ઉંચકાવતા તેમજ પાવડા વડે કામ કરતા જોવા મળે છે.



આ ઘટનાને પગલે શિક્ષણ વ્યવસ્થા સામે સવાલો ઉભા થયા છે. વાલીઓ અને સ્થાનિકોમાં આ મામલે રોષ જોવા મળી રહ્યો છે.

સમગ્ર મામલે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિએ તપાસના આદેશ આપ્યા છે. સમિતિના ચેરમેન ગણેશ અગ્રવાલે જણાવ્યું હતું કે ઘટનાની નિષ્પક્ષ તપાસ કરવામાં આવશે.

તેમણે ઉમેર્યું હતું કે, જો તપાસમાં કોઈ શિક્ષકની બેદરકારી કે જવાબદારી સામે આવશે, તો તેમની સામે નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

# ATSએ પકડેલા 5 આતંકીઓમાંથી 2નું ભરૂચ કનેક્શન સામે આવ્યું

## બંને યુવાનો ભરૂચની દારુલ ઉલૂમ માટલીવાલા મદ્રેસા સાથે સંકળાયેલા

(એજન્સી) ભરૂચ | તા.19

ગુજરાત ATS દ્વારા જૈશ-એ-મોહમ્મદ સાથે સંકળાયેલા દેશવિરોધી કાવતરાના કેસમાં વધુ પાંચ આરોપીઓની ધરપકડ કરી હતી. આ તપાસમાં ભરૂચનું કનેક્શન સામે આવ્યું છે, જ્યાં દારુલ ઉલૂમ માટલીવાલા મદ્રેસામાં અભ્યાસ કરતા બે યુવાનોની સંડોવણી બહાર આવતા તેમની અટકાયત કરવામાં આવી છે.

એટીએસ દ્વારા યુએપીએ (UAPA) હેઠળ નોંધાયેલા ગુનાની તપાસમાં જાણવા મળ્યું છે કે, પ્રતિબંધિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદની વિચારધારાનો પ્રચાર-પ્રસાર કરીને યુવાનોને પ્રેરિત કરવાનો પ્રયાસ થઈ રહ્યો હતો. ATS દ્વારા વધુ પાંચ આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યાં હતા. જેમાં મોહમ્મદ ઐયુબ સુણસરા ઉર્ફે મોહમ્મદ ખળી (ઉંમર 20) અને મોહમદ હસન હનીફ કરડીયા ઉર્ફે હસન હૈદરપુરી (ઉંમર 20), નામના બન્ને આરોપીઓ ભરૂચની દારુલ ઉલૂમ માટલીવાલા મદ્રેસા સાથે સંકળાયેલા છે.

એટીએસના જણાવ્યા અનુસાર, આરોપીઓ પાસેથી જૈશ-એ-મોહમ્મદના ઝંડા, આતંકવાદી



મસૂદ અઝહર સંબંધિત સાહિત્ય, જેહાદી પુસ્તકો, પ્રિન્ટેડ દસ્તાવેજો અને IED બોમ્બ બનાવવા માટે ઉપયોગી સામગ્રી મળી આવી છે. આરોપીઓએ વિસ્ફોટક બનાવવાની પદ્ધતિઓનો અભ્યાસ કર્યો હતો અને અન્ય લોકોને પણ જેહાદી વિચારધારાથી પ્રેરિત કરવાનો પ્રયાસ કર્યો હોવાનું સામે આવ્યું છે.

આ કેસમાં ગુજરાત એટીએસ દ્વારા ટેકનિકલ સર્વેલન્સ, ગુપ્ત માહિતી અને વિવિધ જિલ્લાની પોલીસ સાથે સંકલન કરીને મહત્વપૂર્ણ કામગીરી કરવામાં આવી છે. તપાસ એજન્સીઓ આતંકવાદી નેટવર્ક ઊભું કરવાના પ્રયાસને સમયસર નિષ્ફળ બનાવવામાં સફળ રહી છે.

ભરૂચ જિલ્લામાં પણ તપાસ એજન્સીઓ દ્વારા સતર્કતા રાખવામાં આવી રહી છે. સુરક્ષા એજન્સીઓ માને છે કે, દેશવિરોધી પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી અને સમયસર ગુપ્ત માહિતી મળવાથી આવા કાવતરાઓને નિષ્ફળ બનાવવામાં પોલીસ તંત્રની સક્રિય કામગીરી મહત્વપૂર્ણ સાબિત થઈ રહી છે.

# અમરેલીમાં મંત્રીએ પાંચ ગામોમાં નવા નીરને વધાવ્યાં

(એજન્સી) અમરેલી | તા.19

અમરેલી જિલ્લામાં ચાલુ ચોમાસાની સીઝનમાં થયેલા સારા વરસાદના પગલે સ્થાનિક જળાશયો અને ગ્રામીણ તળાવોમાં વિપુલ પ્રમાણમાં નવા નીરની આવક થઈ છે. આ અવસરે કાયદો અને ઊર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરિયાના હસ્તે ગાવડકા, ખીજડિયા, રંગપુર, વડેરા અને નાના ભંડારિયા મુકામે નવા નીરના વધામણાનો કાર્યક્રમ યોજાયો હતો. રાજ્ય સરકારના સુજલામ સુફલામ જળસંચય અભિયાનને પ્રકૃતિનો સાથ મળતા સમગ્ર પંથકના ગ્રામજનો અને ખેડૂતોમાં આનંદની લાગણી વ્યાપી છે.

અમરેલી જિલ્લાના જળ સ્ત્રોતોને પુનઃજીવિત કરવા માટે ઉનાળાની ઋતુ દરમિયાન વ્યાપક આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે અમરેલી, વડિયા અને કુંકાવાવ તાલુકાના અંદાજે 115 જેટલા ગામોમાં જળસંચયના કામો યુદ્ધના ધોરણે પૂર્ણ કરાયા હતા. જિલ્લામાં જળસંગ્રહની ક્ષમતા વધારવા માટે ઉનાળા દરમિયાન 130 જેટલા વિશાળ હીટાચી મશીનો તૈનાત કરીને, પ્રતિ ગામ સરેરાશ 600 કલાક સુધી તળાવો ઊંડા ઉતારવાની ભગીરથ કામગીરી કરવામાં આવી હતી.

ચોમાસા અગાઉ વૈજ્ઞાનિક ઢબે તળાવો ઊંડા થવાના કારણે અને તેમાં પૂરતા પ્રમાણમાં પાણીનો ભરાવો થવાથી આગામી સમયમાં સમગ્ર વિસ્તારના ભૂગર્ભ જળ સ્તર નોંધપાત્ર રીતે ઊંચા આવશે. કુવા અને બોરવેલના તળ ઊંડા જવાની સમસ્યા અટકશે, જેથી ગ્રામીણ વિસ્તારોમાં ઉનાળા દરમિયાન વર્તાતી પીવાના પાણીની તંગી ભૂતકાળ બનશે. આ જળક્રાંતિ લાંબા ગાળે જમીનની ભેજ સંગ્રહ શક્તિ વધારવામાં પણ અત્યંત મહત્વપૂર્ણ સાબિત થશે.

# ધારીનાગોપાલગ્રામ, મોરઝરમાં વરસાદી ઝાપટાં પડ્યા



(એજન્સી) અમરેલી | તા.19

ધારી તાલુકાના ગોપાલગ્રામ અને મોરઝર સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં અચાનક વરસાદી ઝાપટાં પડ્યા હતા.

આ વરસાદને કારણે છેલ્લા કેટલાક દિવસોથી પ્રવર્તી રહેલી ગરમી અને ઉકળાટમાંથી લોકોને રાહત મળી હતી, અને વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી.

વરસાદી ઝાપટાંને કારણે ખેડૂતોમાં પણ નવી આશા જાગી છે. ખેડૂતો દ્વારા આગામી દિવસોમાં સારો અને સતત વરસાદ થાય તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી હતી, કારણ કે વાવેતર અને ઉભા પાક માટે પૂરતો વરસાદ અત્યંત જરૂરી છે.

વરસાદના આગમનથી ગ્રામ્ય વિસ્તારોમાં વાતાવરણમાં તાજગી છવાઈ ગઈ હતી. લોકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો, કારણ કે ગરમીથી ત્રસ્ત લોકોએ રાહતનો અનુભવ કર્યો હતો.

# ગેનીબેનના અંધશ્રદ્ધા વિરોધી નિવેદનને શિવા ભૂરિયાનું સમર્થન

(એજન્સી) બનાસકાંઠા | તા.19

બનાસકાંઠામાં અંધશ્રદ્ધાના મુદ્દે ચાલી રહેલી રાજકીય અને સામાજિક ચર્ચા વચ્ચે દિયોદરના પૂર્વ કોંગ્રેસ ધારાસભ્ય શિવાભાઈ ભૂરિયાએ સાંસદ ગેનીબેન ઠાકોરના નિવેદનને સમર્થન આપ્યું છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચેનો તફાવત સમજવો અત્યંત જરૂરી છે, અને સમાજે અંધશ્રદ્ધાથી દૂર રહી વૈજ્ઞાનિક અભિગમ અપનાવવો જોઈએ.

શિવાભાઈ ભૂરિયાએ સ્પષ્ટતા કરતા કહ્યું કે ભગવાન પ્રત્યેની શ્રદ્ધા, પૂજા-પાઠ, દીવો-ધૂપ અને હવન જેવી ધાર્મિક પરંપરાઓ શ્રદ્ધાનું પ્રતિક છે, તેને અંધશ્રદ્ધા કહી શકાય નહીં. જોકે, કોઈ વ્યક્તિના કહેવા પર પરિવારમાં વિખવાદ ઊભો કરવો, ભાઈને ભાઈથી અલગ કરવો, અથવા દોરા-ધાગા અને ટોટકાઓના આધારે જીવનના નિર્ણયો લેવા જેવી બાબતો અંધશ્રદ્ધાની શ્રેણીમાં આવે છે. તેમણે વધુમાં જણાવ્યું કે જો કોઈ વ્યક્તિ બીમાર પડે, તો દોરા-ધાગા કે ટોટકાઓમાં સમય બગાડવાને બદલે તાત્કાલિક ડૉક્ટરની સારવાર લેવી જોઈએ. સમાજમાં શિક્ષણ અને વૈજ્ઞાનિક વિચારસરણીનો વિકાસ થશે તો અંધશ્રદ્ધા જેવા કુરિવાજો આપોઆપ ઘટશે. નોંધનીય છે કે બે દિવસ અગાઉ લાખણી તાલુકાના મોટાકાપરા ગામે માતાજીના મંદિરે યોજાયેલા ધાર્મિક કાર્યક્રમ દરમિયાન બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોરે પણ અંધશ્રદ્ધા સામે જાગૃતિ લાવતું નિવેદન આપ્યું હતું. તેમણે મહિલાઓને સંબોધતા કહ્યું હતું કે ભગવાનમાં શ્રદ્ધા રાખો, દીવો કરો અને માનતા રાખો, પરંતુ સારા કર્મ વગર માત્ર અંધશ્રદ્ધાથી જીવન બદલાતું નથી. તેમણે બહેનોને અંધશ્રદ્ધાથી દૂર રહી પોતાના દીકરા-દીકરીઓને શિક્ષણ આપવા અપીલ કરી હતી.

# દિયોદરમાં ઓવરલોડ રેતી ભરેલા 4 ડમ્પરો ઝડપાયા



(એજન્સી) બનાસકાંઠા | તા.19

દિયોદર નજીક સોની ગામ પાસેથી ઓવરલોડ રેતી ભરીને પસાર થઈ રહેલા ચાર ડમ્પરોને સ્થાનિક મામલતદારે ઝડપી પાડ્યા હતા. આ કાર્યવાહીથી ખનન માફિયાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, દિયોદર મામલતદારે પોતાની ટીમ સાથે રાખીને આ ડમ્પરોને રોક્યા હતા. તપાસ દરમિયાન ડમ્પરોમાં ક્ષમતા કરતા વધુ રેતી ભરેલી હોવાનું જણાઈ આવ્યું હતું. મામલતદારે તાત્કાલિક ધોરણે ડમ્પરોને કબજે લઈ વધુ કાર્યવાહી માટે ખાણ ખનીજ વિભાગને સુપરત કર્યા હતા.

સ્થાનિક લોકો દ્વારા લાંબા સમયથી ફરિયાદ કરવામાં આવી રહી હતી કે ખનન માફિયાઓ રોયલ્ટી વગર બેફામ રીતે ઓવરલોડ રેતી ભરીને ડમ્પરો દોડાવી રહ્યા છે. જેના કારણે રસ્તાઓને નુકસાન થવા ઉપરાંત અકસ્માતનો ભય પણ રહે છે.

## બનાસકાંઠા જિલ્લા સંકલન સમિતિ બેઠક

# પ્રજાલક્ષી સમસ્યાઓ, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે વિસ્તૃત ચર્ચા કરાઈ

(એજન્સી) પાલનપુર | તા.19

પાલનપુર ખાતે બનાસકાંઠા જિલ્લા સંકલન સમિતિ અને પોલીસ સંકલન સમિતિની બેઠકો યોજાઈ હતી. આ બેઠકોમાં કાંકરેજના ધારાસભ્ય અમૃતજી ઠાકોરે ભાગ લીધો હતો અને પ્રજાલક્ષી સમસ્યાઓ તેમજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.

જિલ્લા સંકલન સમિતિની બેઠક કલેક્ટરના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં ધારાસભ્ય ઠાકોરે કાંકરેજ અને ઓગડ તાલુકાની વિવિધ પ્રજાલક્ષી સમસ્યાઓ રજૂ કરી હતી. તેમણે આ સમસ્યાઓના સત્વરે નિરાકરણ લાવવા માટે ભલામણ કરી હતી.

આ ઉપરાંત, જિલ્લા પોલીસ સંકલન સમિતિની બેઠક પોલીસ



અધિક્ષકના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં કાંકરેજ અને ઓગડ તાલુકામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અંગે ઊંડાણપૂર્વક ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

# છસરા પાંજરાપોળમાં 30 ગાયના મોતથી રોષ

(એજન્સી) કચ્છ | તા.19

મુંદ્રા તાલુકાના છસરા ગામે આવેલ 'શ્રી છસરા જીવદયા કેન્દ્ર' (પાંજરાપોળ)માં તાજેતરમાં 30 વાછરડાના શંકાસ્પદ સંજોગોમાં સામૂહિક મોત થયા હતા. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ચિંતા અને રોષની લાગણી વ્યાપી ગઈ છે. ૩૧ વર્ષથી કાર્યરત આ પાંજરાપોળમાં બનેલી આ ગંભીર ઘટનાના પાંચ દિવસ બાદ મુંબઈ મહાજનના પ્રતિનિધિઓ, જૈન સમાજના અગ્રણીઓ, ટ્રસ્ટીઓ અને સ્થાનિક ગ્રામજનો વચ્ચે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં ગામના સરપંચ ચેતનભાઈ આહીર સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો અને મહિલાઓ હાજર રહ્યા હતા. ગ્રામજનોએ પાંજરાપોળના નબળા સંચાલન અને ગૌવંશની દેખરેખમાં બેદરકારી અંગે ગંભીર નારાજગી વ્યક્ત કરી હતી. ઉપસ્થિત લોકોએ સર્વસંમતિથી માંગ કરી હતી કે હાલમાં સંસ્થાનું સંચાલન સંભાળતા વ્યક્તિને તાત્કાલિક અસરથી પદ પરથી હટાવવામાં આવે.

ગૌસેવાની કામગીરી વધુ જવાબદારીપૂર્વક, નિયમિત અને પારદર્શક બને તે માટે બેઠકમાં વિવિધ રચનાત્મક સૂચનો પણ રજૂ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, મૃત્યુ પામેલા વાછરડાઓ પ્રત્યે સંવેદના વ્યક્ત કરવા માટે એક શોકસભાનું આયોજન કરાયું હતું. જેમાં ઉપસ્થિત સૌએ મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પી હતી અને ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે કડક પગલાં લેવા પર ભાર મૂક્યો હતો.

હાલમાં, આ સમગ્ર મામલે ઉચ્ચ કક્ષાએથી અને ટ્રસ્ટ દ્વારા કેવા નિર્ણયો લેવાય છે તથા પાંજરાપોળના વહીવટમાં કેવા સુધારા કરવામાં આવે છે, તેના પર સ્થાનિક લોકોની નજર મંડાયેલી છે.

## કચ્છના પશુપાલકોને રાહત

# કલેક્ટરે ચારા વિતરણની સંપૂર્ણ યોજના જાહેર કરી, રૂ. 2 પ્રતિ કિલો ઘાસ મળશે

(એજન્સી) કચ્છ | તા.19

કચ્છ જિલ્લામાં ઓછા વરસાદને કારણે ઊભી થયેલી ચારાની અછત વચ્ચે રાજ્ય સરકારે પશુપાલકો માટે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ, કચ્છના પશુપાલકોને રાહતદરે સૂકા ઘાસનું વિતરણ કરવાની મંજૂરી આપવામાં આવી છે. આ યોજના અંતર્ગત નાના ખેડૂતો, સીમાંત ખેડૂતો, જમીનવિહોણા પશુપાલકો અને માલધારીઓને સસ્તા દરે ઘાસ ઉપલબ્ધ કરાવાશે.

જિલ્લા કલેક્ટર અનિલ રાણાવસિયાએ આ યોજનાની વિગતો આપતા જણાવ્યું કે, એક ઘાસકાર્ડ દીઠ વધુમાં વધુ પાંચ પશુઓ માટે પ્રતિ પશુ દરરોજ ચાર કિલોગ્રામ સૂકું ઘાસ માત્ર રૂ. 2 પ્રતિ કિલોગ્રામના રાહતદરે આપવામાં આવશે.

પશુઓ માટે જરૂરી ચારો સરળતાથી મળી રહે તે માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવાઈ છે. વન વિભાગના વિવિધ ગોડાઉનમાં આશરે 28 લાખ કિલોગ્રામ ઘાસનો જથ્થો ઉપલબ્ધ રાખવામાં આવ્યો છે.

આ યોજનાનો લાભ મેળવવા ઈચ્છતા પશુપાલકોએ પોતાના ગામના તલાટીનો સંપર્ક કરીને જરૂરી આધાર પુરાવા સાથે અરજી કરવાની રહેશે. અરજીની ચકાસણી બાદ મામલતદાર કચેરી દ્વારા ઘાસકાર્ડ આપવામાં આવશે. ત્યારબાદ લાભાર્થી પશુપાલકો પોતાના વિસ્તારના નિયત ગોડાઉન પરથી રાહતદરે ઘાસ મેળવી શકશે.

કલેક્ટર અનિલ રાણાવસિયાના જણાવ્યા મુજબ, કચ્છ જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી જનપ્રતિનિધિઓ, પશુપાલક મંડળો અને સ્થાનિક આગેવાનો દ્વારા ચારા સંકટ અંગે રજૂઆતો કરવામાં આવી હતી. આ રજૂઆતોના આધારે જિલ્લા વહીવટીતંત્રે રાજ્ય સરકારને દરખાસ્ત મોકલી હતી, જેને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મંજૂરી આપી છે.

ચોમાસાની અનિશ્ચિત સ્થિતિને ધ્યાનમાં રાખીને લેવાયેલો આ નિર્ણય કચ્છના હજારો પશુપાલકો માટે આશ્વાસનરૂપ બનશે. સસ્તા દરે ઘાસ ઉપલબ્ધ થતાં પશુધનની જાળવણી સરળ બનશે અને પશુપાલન પર નિર્ભર પરિવારોને આર્થિક રાહત પણ મળશે.

# નખત્રાણા-લખપતમાં દુષ્કાળથી પશુધન સંકટમાં: સરકારી ઘાસ ડેપો અને રાહત કેમ્પની માંગ સાથે શ્રીમતિ નેહાબેન રૂપારેલની કલેક્ટરને રજૂઆત

મહેશ એલ. સોની, નખત્રાણા

પશ્ચિમ કચ્છના નખત્રાણા અને લખપત તાલુકામાં આ વર્ષે વરસાદ ખૂબ જ ઓછો પડતા પશુપાલકોની હાલત અતિ કફોડી બની છે. એક તરફ ખેતરો અને ગોચરો સુકાઈ ગયા છે અને બીજી તરફ આ જ વિસ્તારમાંથી દરરોજ કરોડો રૂપિયાની આવક કરતી ડેરી ઉદ્યોગો, સોલાર પ્લાન્ટ, જીએમડીસી અને ખનીજ કંપનીઓ મૂંગા પશુધનની હાલત પ્રત્યે આંખ આડા કાન કરી રહી છે. સરકાર દ્વારા જાહેર કરાયેલ ઘાસચારાનું વિતરણ પણ અધૂરું અને અપૂરતું છે. જેના કારણે સોઢવંડ, કુમારી, રામપર, સોલારશી, સોલાર-2, અનીજરડીયા અને દૂધનાણા સહિતના ગામોમાં પશુઓ માટે ઘાસચારા અને પીવાના પાણીનો ગંભીર પ્રશ્ન ઉભો થયો છે. આ ગંભીર પરિસ્થિતિને લઈને કચ્છ જિલ્લા પંચાયતના સદસ્યા શ્રીમતિ નેહાબેન અશ્વિનભાઈ રૂપારેલ દ્વારા જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કરવામાં આવી છે. નેહા બેને પત્રમાં જણાવ્યું કે જે કંપનીઓ આ વિસ્તારમાંથી કરોડોની આવક કરે છે તેમણે CSR ના નામે માત્ર ઔપચારિકતા નિભાવતા પશુપાલકો માટે તાત્કાલિક રાહત કાર્યોમાં આગળ આવવું પડશે. તેમણે માંગ કરી છે કે તાત્કાલિક ધોરણે સમગ્ર પશ્ચિમ કચ્છમાં સરકારી ઘાસડેપો શરૂ કરવામાં આવે, પશુઓ માટે પીવાના પાણીની ટાંકીઓ અને રાહત કેમ્પની વ્યવસ્થા કરવામાં આવે. સાથે જ ડેરી અને અન્ય ઉદ્યોગોને પણ આ કામમાં ફરજિયાતપણે સામેલ કરવામાં આવે. નેહા બેને વધુમાં કહ્યું કે 'નખત્રાણા-લખપત-અબડાસા ગુજરાતને સૌથી વધુ આવક આપતો વિસ્તાર છે. પરંતુ આજે અહીં પશુધન તરફડી રહ્યું છે. જો તંત્ર અને કંપનીઓ હવે નહીં જાગે તો હજારો પશુઓના મોતની જવાબદારી તેમની રહેશે.'

તેથી સરકાર અને વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક પગલા ભરીને પશુધનને બચાવવા માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવે તેવી ભારપૂર્વક માંગ કરવામાં આવી છે. સ્થાનિક રહીશો અને પશુપાલકોમાં આ વિસ્તારમાં કાર્યરત ડેરી ઉદ્યોગો, સોલાર પ્લાન્ટ, જીએમડીસી અને ખનીજ કંપનીઓ પ્રત્યે ભારે નારાજગી જોવા મળી રહી છે. કરોડો રૂપિયાની આવક મેળવતા આ ઉદ્યોગો મૂંગા પશુઓની દયનીય હાલત પ્રત્યે આંખ આડા કાન કરી રહ્યા હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે. સરકારે જાહેર કરેલી સહાય પણ પૂરતી ન હોવાથી પશુપાલકોની મુશ્કેલીઓમાં વધારો થયો છે.

# ભગવાન શ્રી કૃષ્ણ એના અનન્ય ભકતોની ભક્તિ માં વશ હતા

"બલરામજી અને લક્ષ્મીજી કરતા પણ અધિક પ્રિય મને મારા ભક્તો છે એટલે તો ભક્ત ની ઈચ્છા ને આધિન થઈને કોઈના કોઈ સ્વરૂપે પધારું છું"

શ્રીમદ્ ભાગવત.

આ વાક્ય શ્રીમદ્ ભાગવત જી ના દસમા સ્કંધ ના ૮૭ માં અધ્યાય માં આવેલ છે. જ્યારે મિથિલા નગરીના નીમિવંશ ના રાજા બહુલાશ્વ અને બ્રહ્મદેવ શ્રુતદેવ એ અલગ અલગ સમયે દ્વારિકાધીશના દર્શન માટે દ્વારિકા આવ્યા ત્યારે બન્ને એ મિથિલા નગરી પધારવા માટે ભગવાન ને પ્રાર્થના કરી હતી. ભગવાન શ્રી કૃષ્ણ એ અલગ અલગ સમયે દ્વારિકા આવેલ રાજા બાહુલશ્વ અને શ્રુતદેવજી ને ઉપર નું વાક્ય બોલી ને મિથિલા નગરી પધારવા નું વચન આપ્યું હતું.ભગવાન શ્રી કૃષ્ણ એના અનન્ય ભકતો નરસિંહ મહેતા,સૂરદાસજી, શ્રી વલ્લભ,મીરાંબાઈ વગેરે ની ભક્તો ની ભક્તિ માં વશ હતા એટલે અંધારી અમાસ ની રાત માં અંધ સૂરદાસજી વૃંદાવન ના જંગલ માં રસ્તો ભૂલી ને ઊંડા કૂવા માં પડી ગયા ત્યારે નાનકડા બાળક એ એનો હાથ પકડી ને કૂવા ના પગથિયા ચડાવી બહાર કાઢ્યા ત્યારે સૂરદાસ જી ને ભગવાન ના કોમળ હાથ નો સ્પર્શ થતાં બોલ્યા હતા કે ઠાકોર,તમે કેટલા કૃપાળુ છો પ્રત્યેક મુશ્કેલ ઘડીઓમાં અંધ સૂરદાસ નો સહારો બનવા આવો છો.

એકવાર ઋષિ મુનિઓ સાથે ભગવાન શ્રી કૃષ્ણ દ્વારિકા થી મિથિલા પૂરી એના ભક્તો રાજા બહુલાશ્વ અને બ્રહ્મદેવ શ્રુતદેવ ના મહેમાન બનવા માટે પ્રસ્થાન કર્યું. બન્ને ભક્તો ને ખબર નહતી કે ઋષિ મુનિઓ સાથે ભગવાન શ્રી કૃષ્ણ એને ઘેર પધારવાના છે. અચાનક ભગવાન શ્રી કૃષ્ણ એક જ સમયે અને મુહૂર્તે રાજા બહુલાશ્વ અને બ્રહ્મદેવ શ્રુતદેવ ને ઘેર પધાર્યા ત્યારે રાજા બાહુલશ્વ ની આંખ માંથી હર્ષ ના આંસુ વહેવા લાગ્યાં ભગવાન સાથે ઋષિ મુનિઓ ને આસન અર્પણ કરીને વિધિ વિધાનથી પગ ધોઈને પરિવાર સહિતે પોતે ચરણામૃત લીધું. ધ્યાન આરતી પૂજા અર્ચના વગેરે દ્વારા આગમન ની ખુશી ભગવાન આગળ વ્યક્ત કરી. જ્યારે રાજા બહુલાશ્વ ની મહેમાન ગતિ ભગવાન માણતા હતા ત્યારે એ જ સમયે બ્રહ્મદેવ શ્રુતદેવ ના ઘરે પણ ભગવાન પધાર્યા હતા. ત્યારે એક હાથે થાળી વગાડતા વગાડતા ભગવાન ની પ્રદક્ષિણા કરતા બ્રહ્મદેવ શ્રુતદેવ ભજન કિર્તન "સખી,આજ મેરો બડભાગ મેરે ઘર ધનશ્યામ બિરાજ્યો.." માં તલ્લીન બની ગયા હતા. ભગવાન એ અંતર્યામી છે એટલે તો ભક્ત ના દિલ ની વાત સાંભળી લેતા હોય છે.

"ભગવાન છે કે નથી" માં સંદેહ કરનાર ને તીર્થ સ્થાનો અને ભક્તિ ફળતી નથી. આ દુનિયા માં જન્મ લેનાર વ્યક્તિ એનું નસીબ જન્મ પહેલા જ લખાઈ ને લાવે છે એટલે એના સુખ દુઃખ માટે મનુષ્યના કપાળ પર નો નકશો જ જવાબદાર હોય છે.કોઈ કોઈને સુખ આપી શકતું નથી કે કોઈ કોઈનું દુઃખ લઈ શકતું નથી ભૂલ માણસ કરે ને એના દોષ નો ટોપલો "મનહુંશ" બોલી ને અન્ય પર મૂકવો એ ખોટી વાત છે આપણે "ખુદ ને દોષી" સમજતા શીખશું નહી ને તો અંધશ્રદ્ધા દિમાગ માં કાબુ જમાવી દેશે.વર્તમાન સમયમાં તીર્થયાત્રા પરથી પરત આવેલા લોકોના મુખેથી "બાપરે!!એકવાર કરતા સો સાહસ થઈ ગયું ફરી ત્યાં જવાનું મન થી વિચારું નહી,કેમ? મંદિરો ની અવ્યવસ્થા ને લીધે ભીડ એટલી ને કે માંડ માંડ દર્શન થયા.. અરે!!તીર્થ યાત્રા માં પ્રસાદી ના ભાવ ભુક્કા કાઢી નાખે એવા છે..ત્યાં વીઆઈપી દર્શન ના નામે પાસ વેંચાઈ છે..લે પ્રસાદ ની પહોંચ વગર રોકડા રૂપિયા આપવા છતાંય પ્રસાદ આપતા નથી..



ભક્ત અને ભગવાન

- રુપાલી દવે

વગેરે વગેરે લોકો ના મુખે થી બફાટ સાંભળતા થાય છે કે આ લોકો તીર્થ યાત્રા માં ભગવાન ના દર્શન કરવા ગયા હતા કે પીકનીક માં. અરે!!દેશભર માંથી યાત્રાળુઓની ભીડ તીર્થ સ્થાનો માં એકઠી નહી થાય તો ક્યાં થશે? તમને નિમંત્રણ કાર્ડ મોકલી ને મંદિર પ્રસાશન એ બોલાવ્યા નહતા. જ્યારે બસ, કાર, ટ્રેન, પ્લેન વગેરે વાહનો ની સગવડતા નહતી ત્યારે લોકો ઘર વખરી નો સામાન ગાડા માં ભરી ને ભજન કિર્તન કરતા કરતા પગપાળા તીર્થ યાત્રા કરવા જતા હતા.આજે પણ દર વર્ષે મહારાષ્ટ્ર ના નાના મોટા ગામડાઓ અને શહેરો માંથી હજારો લોકો પંઢરપુર યાત્રા "વારીકરી" પગપાળા કરતા હોય છે. દર વર્ષે કાર્તિકીય પૂનમે ડાકોર ની અને ભાદરવી પુનમે અંબાજી તીર્થ સ્થળ ની ગુજરાત ભર થી લોકો પગ પાળા યાત્રા કરતા હોય છે. ધર્મ અને આસ્થા વચ્ચે અતૂટ બંધન હોય છે એટલે તો કષ્ટ સાથે તિરુમાલા નો પહાડ ચડી ને બેત્રણ દિવસે માત્ર અડધી ક્ષણ તિરુપતિ બાલાજી ના દર્શન થી પણ ભક્ત ભાવ વિભોર બની જતા આંખો માંથી હર્ષ ના આંસુ વહેવા લાગે છે.

સળંગ પૂર માં સ્વામીનારાયણ સંપ્રદાય ના સંત શ્રી ગોપાળનંદ સ્વામી પધાર્યા ત્યારે ગામ માં ભૂત પ્રેત નો ત્રાસ અને દુષ્કાળ ની સમસ્યા માં લોકો ની દશા જોઈ ને લોકો ને આશ્વાસન આપતા કહ્યું કે આ ગામ માં પ્રતાપી દેવ ની સ્થાપના કર્યા બાદ બધી સમસ્યાઓ,કષ્ટ,પીડા દૂર ભાગી જશે" સંત શ્રી ગોપાળનંદ સ્વામી એ યોગ બળ થી સિદ્ધ અલૌકિક લાકડા ની હનુમાનજી ની મૂર્તિ ની પ્રાણ પ્રતિષ્ઠા હજારો નારાયણ કવચ ના પાઠ દ્વારા કરી. નારાયણ કવચ ના પાઠ માં એવી શક્તિ છે કે મૃત્યુ પાથરી એ પડેલો પણ બેઠો થઈ જાય. હજારો નારાયણ કવચ ના પાઠ ની અસર લાકડા ની મૂર્તિ પર થતા સ્વયં હનુમાનજી દાદા મૂર્તિ માં પ્રગટ થયા ત્યારે સંત શ્રી ગોપાળનંદ સ્વામી એ દાદા ને પ્રાર્થના કરતા કહ્યું કે પ્રભુ, આપ પ્રગટ સ્વરૂપે રહશો તો આ સ્થાન પર કલ્યુગી તકસાધુ લોકો ની સંખ્યા વધશે.સંત શ્રી ગોપાળનંદ સ્વામી ની પ્રાર્થના સાંભળી ને હનુમાનજી મહારાજ એ નિજ સ્વરૂપ ધારણ કરીને સાળંગપુર ગામના લોકો સાથે કષ્ટભંજન દેવ ના દર્શન એ આવનાર ને ભૂતપ્રેત, પિશાચ વગેરે કષ્ટ અને સમસ્યાઓ માંથી મુક્ત કરાવે છે.

ભગવાન ના દર્શન અને કૃપા સરળતા થી મળતા હોત તો સાત વર્ષ ના ધ્રુવ એ નારાયણ ને મેળવવા ઘોર જંગલ માં ઉગ્ર તપસ્યા કરી ન હોત. ભક્તની આકરી કસોટી બાદ જ ભગવાન ના દર્શન થાય છે જો આમજ એ બધા પર પ્રસન્ન થતા હોત તો સગા મામા કંસ નો વધ કર્યો ન હોત. ભગવાન એ ગીતાજી માં ભક્ત ના લક્ષણો દર્શાવતા કહ્યું છે કે "ભગવાન બનવું સહેલું છે પણ ભક્ત બનવું ખૂબ અઘરું છે." જે લોકો તીર્થ સ્થાનો માં ગયા બાદ ત્યાંની ટીકા ટીપણી કર્યા કરે છે એ વાસ્તવિકતા માં તીર્થ સ્થાનો ને હવા ફેર કરવાના સ્થળો માને છે એટલે એને "ભીડ અને લાંબી લાઈનો" સમસ્યા લાગે છે. કેમ? મહેનત વગર મેળવેલું ધન જેમ સંતાનની માનસિકતા બગાડે છે એમજ તીર્થ યાત્રાઓનું ફળ વાણી વિલાસ ને લીધે નષ્ટ થઈ જાય છે. ક્યારેક સાચા ભક્ત બની ને તીર્થયાત્રા કરશો ને તો લાંબી લાઈનો વચ્ચે અચૂક ભગવાન ના દર્શન થશેજ.

# કેટરિના કૈફે બર્થ-ડે સેલિબ્રેશનની તસવીરો શેર કરી

## •પતિ વિક્કી કૌશલ સાથે મસ્તી ને પુત્ર વિહાન સાથે રમતી દેખાઈ, કેપ્શનમાં લખ્યું- સૌથી સુંદર જન્મદિવસ



મુંબઈ | કેટરીના કૈફે પતિ વિક્કી કૌશલ અને પુત્ર વિહાન સાથે પોતાનો 43મો બર્થ-ડે સેલિબ્રેટ કર્યો, જેની ઝલક સોશિયલ મીડિયા પર શેર કરી. પોસ્ટમાં વિક્કી સાથેની તેની તસવીરો અને પુત્ર વિહાન સાથે વિતાવેલી કેટલીક ખાસ પળો જોવા મળી.તસવીરો સાથે કેટરીનાએ એક ભાવુક નોંધ પણ લખી. તેણે લખ્યું, “હું હંમેશા ભગવાનનો આભાર માનું છું કે તેણે મને તારા જેવો અમૂલ્ય સાથી આપ્યો. આ મારો સૌથી સુંદર જન્મદિવસ છે. અને હા, તું પણ કંઈ ઓછો સારો નથી.” પુત્ર વિહાનના જન્મ પછી કેટરીનાનો આ પહેલો જન્મદિવસ હતો. જન્મદિવસના અવસરે કેટરીનાએ પીચ રંગનો ડ્રેસ પહેર્યો હતો. તેણે ખુલ્લા વાળ અને ઓછી એક્સેસરીઝ સાથે પોતાનો લુક સિમ્પલ રાખ્યો હતો. પોસ્ટમાં વિક્કી કૌશલ સાથેની એક તસવીર પણ સામેલ હતી.




**સલમાન સામે પ્રપોઝ કર્યું હતું :** વિક્કી અને કેટરિનાની જોડી બનાવવામાં કરણ જોહરની ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા છે. જ્યારે કરણે તેના ટોક શો 'કોફી વિથ કરણ' પર કેટરિનાને પૂછ્યું હતું કે તે આગળ કોની સાથે કામ કરવાનું પસંદ કરશે, ત્યારે તેના જવાબમાં કેટરિનાએ વિક્કીનું નામ લીધું હતું. જ્યારે કરણે આ વાત વિક્કીને કહી, ત્યારે તે સાંભળીને દિલ પર હાથ રાખીને 'બેહોશ' થવા લાગ્યો.

# નોલનથી માર્વેલ સુધી

## હોલિવૂડ ફિલ્મોની નવી રણનીતિ:ભારત બન્યું મોટું પ્રમોશન માર્કેટ, પ્રથમ વખત 2,000 કરોડની કમાણીની અપેક્ષા



મુંબઈ | ક્રિસ્ટોફર નોલનની ફિલ્મ ધ ઓડેસી રિલીઝ થઈ ચૂકી છે. તેની સૌથી ખાસ વાત એ રહી કે તેમણે પોતાની ફિલ્મનું પહેલું ભારતીય પ્રીમિયર મુંબઈમાં કર્યું. આ પહેલીવાર છે જ્યારે નોલન જેવા નિર્દેશકે ભારતને લંડન, પેરિસ અને ન્યૂયોર્કની બરાબર પોતાની સત્તાવાર ગ્લોબલ પ્રમોશન સૂચિમાં રાખ્યું.આ હસ્તીઓએ મુંબઈના કોલાબામાં આવેલા 108 વર્ષ જૂના ઓલિમ્પિયા કોફી હાઉસમાં મસ્કાબનનો આનંદ પણ લીધો. હોલિવૂડ ફિલ્મો માટે ભારત સૌથી ઝડપથી વિકસતું બજાર છે. 2026માં હોલિવડ ફિલ્મોની કમાણી ભારતમાં પહેલીવાર 2 હજાર કરોડ રૂપિયાને પાર પહોંચી શકે છે.ભારતમાં ઓપેનહાઈમર નોલનની પહેલી 100 કરોડ રૂપિયાથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની. આ અમેરિકા પછી ટોચના કમાણી કરતા બજારોમાં સામેલ થઈ હતી.માર્વેલ સ્ટુડિયોઝ 20 જુલાઈથી એવેન્જર્સ: ડૂમ્સડેની એડવાન્સ બુકિંગ શરૂ કરવાની તૈયારીમાં છે, જ્યારે ફિલ્મ 18 ડિસેમ્બરે રિલીઝ થશે. શરૂઆતની બુકિંગ ઈન્ફિનિટી વિઝન જેવા પ્રીમિયમ મોટા સ્ક્રીન ફોર્મેટ માટે હશે.



# દુબળો થઈ ગયો સલમાન ખાન!

## ઉતરેલો ચહેરો, થાકેલી આંખો સાથે એક્ટરના વીડિયો વાઈરલ; ફેન્સે સ્વાસ્થ્યને લઈને ચિંતા વ્યક્ત કરી





મુંબઈ | બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાન તાજેતરમાં મુંબઈમાં એક પબ્લિક ઈવેન્ટમાં ખૂબ જ દુબળા થઈ ગયો હોય એવું લાગ્યું. તેના આ નવા લુકનો વીડિયો અને તસવીરો સોશિયલ મીડિયા પર વાઈરલ થયા બાદ ચાહકો તેમની તબિયતને લઈને ચિંતા વ્યક્ત કરી રહ્યા છે. ઘણા સોશિયલ મીડિયા યુઝર્સનું કહેવું છે કે તે ખૂબ થાકેલા અને બીમાર લાગી રહ્યા છે, જ્યારે કેટલાક ચાહકોએ તેમનો બચાવ કરતા કહ્યું કે તેઓ લગભગ 60 વર્ષની ઉંમરે કોઈ દેખાડા વગર કુદરતી લાગી રહ્યો છે. સલમાન ખાન શુક્રવારે મુંબઈમાં સ્લમ રિહેબિલિટેશન ઓથોરિટી (SRA)ની ઓફિસે પહોંચ્યા હતા, જ્યાં તેના આ લુકે બધાનું ધ્યાન ખેંચ્યું. સલમાન ખાન શુક્રવારે મુંબઈના સ્લમ રિહેબિલિટેશન ઓથોરિટી (SRA)ની ઓફિસમાં એક ખાસ કાર્યક્રમના સંબંધમાં ગયો હતો. ત્યાં તેમણે ઓથોરિટીના નવા ડેટા કલેક્શન એન્ડ વેરિફિકેશન સપોર્ટ સેન્ટરનું ઉદ્ઘાટન કર્યું. આ દરમિયાન તેણે ત્યાં હાજર લાભાર્થીઓને તેના નવા ઘરોની ચાવીઓ પણ સોંપી. કાર્યક્રમ દરમિયાન સલમાન ખાન સાથે તેમના બોડીગાર્ડ શેરા પણ હાજર હતા. આ ઈવેન્ટના ઘણા વીડિયો ઈન્ટરનેટ પર સામે આવ્યા, જેના પછી તેની શારીરિક સ્થિતિને લઈને ચર્ચા શરૂ થઈ ગઈ.

**સોશિયલ મીડિયા પર ફેન્સે કરી કોમેન્ટ :** વાઈરલ વીડિયો જોઈને એક યુઝરે લખ્યું કે તે બીમાર લાગી રહ્યા છે, ભગવાન તેને સાજા રાખે. એક અન્ય યુઝરે કોમેન્ટ કરી કે તેમને કોઈ હેલ્થ ઈશ્યૂ લાગી રહ્યો છે, કારણ કે તે બરાબર ચાલી પણ નથી શકતા. એક અન્ય ફેને લખ્યું કે તેમની આંખોમાં થાક સ્પષ્ટ દેખાઈ રહ્યો છે, ફિલ્મોમાં એકલા 50 લોકો સામે લડનારા ભાઈનો ઓરા આ સમયે ગાયબ લાગી રહ્યો છે.જોકે, કેટલાક લોકોએ સલમાનને સપોર્ટ પણ કર્યો. એક યુઝરે લખ્યું કે બોલિવૂડના સ્ટાર્સ પોતાની ખામીઓ છુપાવવા માટે કોઈપણ હદ સુધી જાય છે, પરંતુ સલમાને કોઈપણ ખચકાટ વિના કેમેરા સામે પોતાની સાચી ઉંમર સ્વીકારી છે, આ માટે તેમની પ્રશંસા થવી જોઈએ.

# આમિર ખાનના ઘરની બહાર સુરક્ષા વધારાઈ:લોરેન્સ ગેંગની કથિત ધમકી બાદ વાઈરલ પોસ્ટ અને ઓડિયોની તપાસ શરૂ

મુંબઈ | આમિર ખાનને ત્રીજા લગ્ન કરવા બદલ કથિત ધમકી મળવા અંગે તપાસ શરૂ કરવામાં આવી છે. શનિવારે વોઈસ ક્લિપ અને સોશિયલ મીડિયા પોસ્ટ સામે આવ્યા બાદ પોલીસે બાંદ્રા પશ્ચિમના પાલી હિલ સ્થિત આમિર ખાનના ઘરની બહાર સુરક્ષા વધારી દીધી. જોકે, આમિર ખાન હાલ દેશની બહાર છે.હિન્દુસ્તાન ટાઈમ્સના રિપોર્ટ અનુસાર, પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે હજુ સુધી ન તો વોઈસ ક્લિપ કે ન તો સોશિયલ મીડિયા પોસ્ટની સત્યતા કન્ફર્મ થઈ છે. જ્યારે, મુંબઈ પોલીસ કમિશનર દેવન ભારતીએ કહ્યું, ‘અમે સોશિયલ મીડિયા પોસ્ટ અને વોઈસ ક્લિપની સત્યતાની તપાસ કરી રહ્યા છીએ.‘શનિવારે આમિર ખાનને લોરેન્સ ગેંગ તરફથી કથિત રીતે જાનથી મારી નાખવાની ધમકી મળ્યાના સમાચાર સામે આવ્યા હતા. આમિર ખાનના 5 જુલાઈના રોજ થયેલા ગૌરી સ્પ્રેટ સાથેના લગ્નને લવ જિહાદ ગણાવવામાં આવ્યા હતા.સોશિયલ મીડિયા પર કથિત રીતે લોરેન્સ ગેંગ તરફથી એક પત્ર અને ઓડિયો નોટ જાહેર કરવામાં આવી છે. પત્રમાં લખ્યું હતું-આપણા દેશમાં આમિર ખાન જેવા લોકો લવ જિહાદને પ્રોત્સાહન આપી રહ્યા છે, અમે તેને સહન નહીં કરીએ. એનો જવાબ ખૂબ જ જલ્દી આને આપવામાં આવશે. આ વસ્તુ આપણા સનાતન ધર્મમાં અને દેશ વિરુદ્ધ છે. આ જે સ્ટારડમના નામે આ વસ્તુને પ્રોત્સાહન આપી રહ્યા છે, એમનો અમે શ્વાસ દબાવી દઈશું.

**લવ જિહાદના આરોપ પર આમિરે સ્પષ્ટતા કરી હતી :** ત્રીજા લગ્ન કર્યા પછી આમિર ખાનને સોશિયલ મીડિયા પર લવ જેહાદનો બ્રાન્ડ એમ્બેસેડર કહેવામાં આવી રહ્યા છે. વેબસાઈટ રેડિફ સાથેની વાતચીતમાં આમિરે કહ્યું, ‘મારા ત્રણેય લગ્નમાં કોઈ પણ પત્નીએ ધર્મ પરિવર્તન કર્યું નથી, કારણ કે લગ્ન સિવિલ મેરેજ હતા. ત્રીજી પત્ની ગૌરી હિંદુ નથી પણ ખ્રિસ્તી છે.’ આમિર ખાનની ત્રીજી પત્ની ગૌરી સ્પ્રેટના પિતા તમિલ-બ્રિટિશ મૂળના છે અને તેમની માતા પંજાબી-આઈરિશ મૂળની છે.

# 'મારા ધબકારા 10 મિનિટ માટે બંધ થઈ ગયા હતા..'

## અભિનેતા શ્રેયસ તલપડેએ વર્ણવી કાર્ડિયાક અરેસ્ટની આપવીતી



મુંબઈ | બોલિવૂડ અભિનેતા શ્રેયસ તલપડેને ડિસેમ્બર 2023માં 'વેલકમ ટુ ધ જંગલ' ફિલ્મના શૂટિંગ દરમિયાન કાર્ડિયાક અરેસ્ટ આવ્યો હતો. તેમની પત્નીની સમયસૂચકતાથી તેઓ હોસ્પિટલ પહોંચ્યા, જ્યાં 10 મિનિટ સુધી હૃદય બંધ રહ્યા બાદ CPR અને ઈલેક્ટ્રિક શોકથી તેમને બચાવી લેવાયા. આ ઘટના પછી શ્રેયસે જીવન પ્રત્યેનો દ્રષ્ટિકોણ બદલી પરિવારને વધુ સમય આપવાનું શરૂ કર્યું છે.બોલિવૂડ એક્ટર શ્રેયસ તલપડે છેલ્લા 20 વર્ષથી પણ વધુ સમયથી ઈન્ડસ્ટ્રીમાં કામ કરી રહ્યા છે. તેમને લોકોનો ઘણો પ્રેમ પણ મળ્યો છે. હાલમાં જ તેઓ 'વેલકમ ટુ ધ જંગલ' ફિલ્મમાં જોવા મળ્યા હતા, જે બોક્સ ઓફિસ પર હિટ સાબિત થઈ. શ્રેયસનું કામ પણ ફિલ્મમાં બધાને ખૂબ ગમ્યું.આ ફિલ્મની શૂટિંગ દરમિયાન શ્રેયસ તલપડે સાથે એક મોટી દુર્ઘટના પણ ઘટી ગઈ હતી. ડિસેમ્બર 2023માં તેમને કાર્ડિયાક અરેસ્ટ આવ્યો હતો, જેના કારણે તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. એવું કહેવાય છે કે શૂટિંગ દરમિયાન તેમની તબિયત થોડી બગડવા લાગી હતી. તેમની પત્ની તેમને હોસ્પિટલ લઈ જઈ રહી હતી, ત્યારે જ એક્ટર બેહોશ થઈ ગયા. ત્યારબાદ તેમને કોઈક રીતે હોશમાં લાવવામાં આવ્યા અને તેમની સર્જરી કરવામાં આવી. તાજેતરમાં જ શ્રેયસ તલપડેએ આ આખી ઘટનાને ફરી એકવાર યાદ કરી છે. ખાનગી યુટ્યુબ ચેનલ પર એક્ટરે જણાવ્યું કે આ તેમનું બીજું જીવન છે, જે તેમને મળ્યું છે. આ દુર્ઘટના બાદ તેમણે પોતાના જીવનમાં ઘણા મોટા બદલાવ કર્યા છે. શ્રેયસ તલપડેએ કહ્યું- તે સમય મારા અને મારા પરિવાર માટે ઘણો મુશ્કેલ અને ચોંકાવનારો હતો.

# રાજેશ શર્માની તબિયતમાં સુધારો:ઘરેથી સારવાર શરૂ રહેશે, જલ્દી શૂટિંગ માટે વિદેશ જશે; પ્રભાસની 'ફૌજી'ના સેટ પર જીવડું કરડ્યું હતું





**ફિલ્મ 'ફૌજી'ની ટીમે અહેવાલો પર સ્પષ્ટતા કરી :** સાઉથ ફિલ્મો સાથે સંકળાયેલા પોર્ટલ ગુલ્ટી અનુસાર, 'ફૌજી'ની ટીમે કહ્યું કે તેમને સેટ પર આવી કોઈ ઘટનાની જાણ નથી. ટીમનું કહેવું હતું કે રાજેશ શર્મા આ અહેવાલો સામે આવ્યાના લગભગ એક અઠવાડિયા પહેલા પોતાનું શૂટ પૂરું કરીને ઘરે પાછા ફર્યા હતા. તે દરમિયાન પ્રોડક્શન ટીમને કોઈ મેડિકલ ઈમરજન્સીની ઔપચારિક જાણકારી મળી ન હતી.ટીમે એમ પણ કહ્યું કે રિપોર્ટ્સ સામે આવ્યા પછી તેમણે રાજેશ શર્માના પરિવારનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ કોઈ જવાબ મળ્યો નહીં.

મુંબઈ | બોલિવૂડ એક્ટર રાજેશ શર્માની તબિયત હવે પહેલા કરતા સારી છે. હાલમાં તે મુંબઈ સ્થિત પોતાના ઘરે આરામ કરી રહ્યા છે અને ટૂંક સમયમાં ફરીથી કામ પર પાછા ફરવાની તૈયારીમાં છે. દાવો કરવામાં આવ્યો હતો કે એક્ટરની પ્રભાસ અભિનીત ફિલ્મ 'ફૌજી'ના સેટ પર જીવજંતુ કરડવાથી તબિયત બગડી હતી, ત્યારબાદ તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યારે કેટલાક અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો હતો કે તેમની તબિયત જીવજંતુ કરડવાથી નહીં પરંતુ ડાયાબિટીસને કારણે બગડી હતી.FWICE (ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા સિને એમ્પ્લોઈઝ)ના અધ્યક્ષ બી.એન. તિવારીએ બોલિવૂડ હંગામાને જણાવ્યું છે કે રાજેશ શર્મા હવે હોસ્પિટલમાંથી ઘરે પાછા ફર્યા છે અને ઝડપથી સ્વસ્થ થઈ રહ્યા છે. તેમણે કહ્યું, ‘રાજેશ શર્માજીને તાજેતરમાં હોસ્પિટલમાંથી રજા મળી ગઈ છે. તેઓ હાલમાં મુંબઈ સ્થિત પોતાના ઘરે આરામ કરી રહ્યા છે. આવનારા દિવસોમાં તેઓ એક પ્રોજેક્ટના શૂટિંગ માટે વિદેશ પણ જવાના છે. ‘જુલાઈની શરૂઆતમાં રાજેશ શર્માને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હોવાના સમાચાર આવ્યા. થોડા સમય પછી એક્ટ્રેસ સુદીપ્તા ચેટર્જી અને ફિલ્મમેકર-પ્રોડ્યુસર અગ્નિદેવ ચેટર્જીએ જણાવ્યું હતું કે રાજેશ શર્મા હૈદરાબાદના રામોજી ફિલ્મસિટીમાં પ્રભાસ અભિનીત ફિલ્મ 'ફૌજી'ના સેટ પર ટેકનિશિયનો સાથે વાતચીત કરી રહ્યા હતા. તે દરમિયાન ગાઢ ઝાડીઓવાળા વિસ્તારમાં તેમને કોઈ જીવજંતુએ કરડ્યું. શરૂઆતમાં તેમણે તેને ગંભીરતાથી લીધું ન હતું, પરંતુ બાદમાં તેમની તબિયત ઝડપથી બગડી ગઈ.સુદીપ્તાની પોસ્ટ અનુસાર, જીવડાના કરડ્યાના લગભગ છ કલાક પછી રાજેશ શર્માના જમણા પગમાં તીવ્ર દુખાવો શરૂ થયો અને તેમની તબિયત બગડવા લાગી. આ પછી પણ તેમણે કોલકાતા માટે ફ્લાઈટ પકડી. મુસાફરી દરમિયાન તેમને તીવ્ર તાવ આવ્યો અને તેઓ ખૂબ જ બેચેન થઈ ગયા. કોલકાતા પહોંચ્યા પછી બીજા દિવસે તેમની હાલત વધુ બગડી. આ પછી પરિવારે તેમને તરત જ ઢાકુરિયાની મણિપાલ હોસ્પિટલમાં દાખલ કર્યા. આ જ સમયે રાજેશ શર્માના પર્સનલ આસિસ્ટન્ટ શુભાશીષ પાંડાએ એક વીડિયો જાહેર કરીને જણાવ્યું કે અભિનેતાને ડાયાબિટીસ સંબંધિત સમસ્યાઓના કારણે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

## એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

**મોહમ્મદ કૈફની લિયોનેલ મેસી સાથે સરખામણી**

# રોહિત-કોહલીની નિવૃત્તિની અફવાઓનો BCCIનો સપાટો



(એજન્સી) નવી દિલ્હી । તા. 19

ભારતીય ક્રિકેટના બે દિગ્ગજ ખેલાડીઓ રોહિત શર્મા અને વિરાટ કોહલીના નિવૃત્તિના સમાચાર છેલ્લા કેટલાક દિવસોથી ચર્ચાનો વિષય બન્યા હતા. જોકે, બીસીસીઆઈના સચિવ દેવજીત સૈકિયાએ આ તમામ અફવાઓ પર પૂર્ણવિરામ મૂકતા સ્પષ્ટ કર્યું છે કે રોહિત શર્માના નિવૃત્તિ લેવાના સમાચાર પાયાવિહોણા છે. આ વિવાદ વચ્ચે પૂર્વ ભારતીય ક્રિકેટર મોહમ્મદ કૈફ આ બંને દિગ્ગજોના સમર્થનમાં આગળ આવ્યા છે. મોહમ્મદ કૈફે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે જો ટીમ ઈન્ડિયાએ વર્ષ ૨૦૨૭નો વનડે વર્લ્ડ કપ જીતવો હોય, તો રોહિત શર્મા અને વિરાટ કોહલીનું ટીમમાં હોવું ખૂબ જ જરૂરી છે. કૈફનું માનવું છે કે મોટી ટૂર્નામેન્ટ્સ ફક્ત યુવા ખેલાડીઓના દમ પર જીતી શકાતી નથી, કારણ કે દબાણના સમયમાં અનુભવી ખેલાડીઓ જ ટીમને સાચી દિશા અને આત્મવિશ્વાસ પૂરો પાડે છે.

કૈફે આ બંને દિગ્ગજોની તુલના ફૂટબોલના મહાન ખેલાડી લિયોનેલ મેસી સાથે કરી છે. તેમણે ઉદાહરણ આપતા જણાવ્યું કે ૩૯ વર્ષની ઉંમરે પણ મેસી જે રીતે આર્જેન્ટિનાની ટીમને માર્ગદર્શન આપીને વર્લ્ડ કપ સુધી લઈ ગયા, તે અનુભવની જ તાકાત છે. કૈફ મુજબ, જેમ મેસી ટીમમાં યુવા ખેલાડીઓ માટે પ્રેરણાસ્ત્રોત અને માર્ગદર્શક છે, તેમ ભારતીય ટીમ માટે કોહલી અને રોહિતની ઉપસ્થિતિ એટલી જ મહત્વની છે.

### ૨૦૨૭ના વર્લ્ડ કપ માટે રણનીતિ

આગામી ૨૦૨૭નો વર્લ્ડ કપ સાઉથ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબિયામાં યોજાવાનો છે, જે ભારત માટે એક મોટો પડકાર બની રહેશે. કૈફે આશા વ્યક્ત કરી હતી કે આગામી સમયમાં આ બંને ખેલાડીઓ વધુમાં વધુ મેચ રમે અને પોતાના ફોર્મને જાળવી રાખે. તેમણે કહ્યું કે જો ટીમ શૂભમન ગિલની કપ્તાની હેઠળ વર્લ્ડ કપ જીતવા માંગતી હોય, તો અનુભવ અને યુવા જોશાનું સંતુલન અનિવાર્ય છે.

ભારતીય ક્રિકેટ માટે આ બંને દિગ્ગજો હજુ પણ એક શક્તિશાળી અસ્ત્ર સમાન છે. સત્તાવાર રીતે નિવૃત્તિની અફવાઓ પર રોક લાગ્યા બાદ હવે ચાહકોની નજર આ ખેલાડીઓના મેદાન પરના પ્રદર્શન પર ટકેલી છે. અનુભવના આધારે આ ખેલાડીઓ ટીમને નવી ઊંચાઈઓ પર લઈ જશે તેવો વિશ્વાસ કૈફ જેવા અનેક નિષ્ણાતોએ વ્યક્ત કર્યો છે.

**સુનીલ નરેન અને જેસન હોલ્ડરનો મોટો ફાળો**

# લોસ એન્જલસ નાઈટ રાઈડર્સની પ્રથમવાર એમએલસી વિજય




(એજન્સી) લોસ એન્જલસ । તા. 19

મેજર લીગ ક્રિકેટ (એમએલસી)ની ફાઈનલમાં લોસ એન્જલસ નાઈટ રાઈડર્સે વોશિંગ્ટન ફ્રીડમને માત્ર એક રનથી પરાજય આપીને પોતાનું પ્રથમ ટાઈટલ જીતી લીધું છે. આ વિજય સાથે નાઈટ રાઈડર્સ સ્પોર્ટ્સની વૈશ્વિક સફરમાં દસમી ટ્રોફીનો ઉમેરો થયો છે, જે ફ્રેન્ચાઈઝી માટે એક ઐતિહાસિક સિદ્ધિ સમાન છે. છેલ્લા ત્રણ વર્ષથી નાઈટ રાઈડર્સનું પ્રભુત્વ સતત જોવા મળી રહ્યું છે, જેમાં આઈપીએલ ૨૦૨૪, સીપીએલ ૨૦૨૫ અને હવે એમએલસી ૨૦૨૬ના ખિતાબનો સમાવેશ થાય છે.

ફાઈનલ મુકાબલામાં લોસ એન્જલસ નાઈટ રાઈડર્સે પ્રથમ બેટિંગ કરતા ૧૬૪ રન બનાવ્યા હતા. આ લક્ષ્યનો પીછો કરતા વોશિંગ્ટન ફ્રીડમને અંતિમ ઓવરમાં જીતવા માટે ૧૪ રનની જરૂર હતી. મેચ અત્યંત રોમાંચક વળાંક પર હતી, ત્યારે શેડલી વાન શાલકવિકે અંતિમ ઓવરમાં આત્મવિશ્વાસ સાથે બોલિંગ કરી હતી. પ્રથમ બોલ પર છગ્ગો વાગ્યા છતાં તેમણે હિંમત ન હારતા ઓબુસ પિનાર અને ઈયાન હોલેન્ડને આઉટ કર્યા હતા.

**પી.વી. સિંધુ માટે આ જીત ૨૦૧૯ની BWF વર્લ્ડ ચેમ્પિયનશિપ બાદનું સૌથી મોટું ટાઈટલ**

# જાપાન ઓપનમાં પી.વી. સિંધુએ જામાગુચીને માત આપી મેળવી ભવ્ય ઐતિહાસિક વિજય



(એજન્સી) નવી દિલ્હી । તા. 19

ભારતીય બેડમિન્ટન સ્ટાર અને બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા પી.વી. સિંધુએ જાપાન ઓપનમાં ઈતિહાસ રચી દીધો છે. ટોક્યોમાં રમાયેલી આ પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટમાં સિંધુ મહિલા સિંગલ્સનું ટાઈટલ જીતનારી પ્રથમ ભારતીય શટલર બની ગઈ છે. આ શાનદાર સફળતા બાદ દેશભરમાંથી સિંધુ પર અભિનંદનનો વરસાદ થઈ રહ્યો છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે સિંધુને આ ઐતિહાસિક સિદ્ધિ બદલ અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, "સિંધુનું પ્રદર્શન અસાધારણ છે. તેની કુશળતા અને મક્કમતાએ દેશનું ગૌરવ વધાર્યું છે." વિદેશ મંત્રી એસ. જયશંકરે પણ સોશિયલ મીડિયાના માધ્યમથી સિંધુને અભિનંદન આપતા ગર્વ વ્યક્ત કર્યો હતો.

જાપાન ઓપનની આ રોમાંચક ફાઈનલમાં પી.વી. સિંધુનો મુકાબલો વિશ્વના ત્રીજા ક્રમના ખેલાડી અને સ્થાનિક ફેવરિટ આકાને યામાગુચી સાથે હતો. ટોક્યોના પ્રેક્ષકો વચ્ચે સિંધુએ પોતાના અનુભવ અને ટેકનિકલ શિસ્તનો ઉપયોગ કરીને યામાગુચીને ૨૧-૧૭, ૨૧-૧૭ ના સીધા સેટમાં પરાસ્ત કરી હતી. આ વિજય એટલા માટે પણ ખાસ છે કારણ કે છેલ્લા ચાર વર્ષમાં સિંધુએ યામાગુચી સામે કોઈ પૂર્ણ મેચ જીતી ન હતી. આ ઉપરાંત, આ જીત સાથે જ સિંધુના છેલ્લા બે વર્ષથી ચાલી રહેલા ટાઈટલના દુકાળનો પણ અંત આવ્યો છે.

ફાઈનલ મેચ દરમિયાન સિંધુએ શક્તિશાળી સ્મેશ અને નેટ પ્લેનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. પ્રથમ ગેમમાં વહેલી સરસાઈ મેળવ્યા બાદ, સિંધુએ યામાગુચીના પુનરાગમનના પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા હતા અને ૨૧-૧૭ થી પ્રથમ ગેમ જીતી લીધી હતી. બીજી ગેમમાં પણ સિંધુએ પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું હતું. ૪૪ શોટની લાંબી અને રોમાંચક રેલીએ સિંધુની શારીરિક ક્ષમતા અને વિજય મેળવવાની જીદને સ્પષ્ટ કરી દીધી હતી. અંતિમ ક્ષણોમાં જ્યારે યામાગુચીએ અંતર ઘટાડવાનો પ્રયાસ કર્યો, ત્યારે સિંધુએ શાંતિ જાળવીને પોતાનું પ્રથમ સુપર ૭૫૦ ટાઈટલ પોતાના નામે કર્યું હતું. પી.વી. સિંધુ માટે આ જીત ૨૦૧૯ની બીડબલ્યુએફ વર્લ્ડ ચેમ્પિયનશિપ બાદનું સૌથી મોટું ટાઈટલ છે. આ વિજયે સિંધુના આત્મવિશ્વાસમાં મોટો વધારો કર્યો છે. આગામી સમયમાં યોજાનારી મોટી આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટ્સ પહેલા આ જીત અન્ય ખેલાડીઓ માટે એક મજબૂત સંદેશ સમાન છે. જાપાન ઓપનની ફાઈનલ મેચમાં સિંધુનું આ પ્રદર્શન તેની કારકિર્દીના શ્રેષ્ઠ પ્રદર્શનોમાંનું એક ગણવામાં આવે છે.

# લંડન ડાયમંડ લીગમાં ડુપ્લાન્ટિસ ઈજાને કારણે બહાર, ઈજાને કારણે ડુપ્લાન્ટિસની સ્પર્ધામાંથી વિદાય

(એજન્સી) લંડન । તા. 19

લંડન ડાયમંડ લીગમાં પોલ વોલ્ટ સ્પર્ધા દરમિયાન એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જેમાં વર્લ્ડ રેકોર્ડ ધારક આર્મન્ડ ડુપ્લાન્ટિસ ઈજાને કારણે સ્પર્ધામાંથી અધવચ્ચે જ બહાર થઈ ગયા છે. બર્મિંગહામમાં યોજાનારી આગામી યુરોપિયન ચેમ્પિયનશિપના માત્ર ત્રણ અઠવાડિયા પહેલા આ ઘટના બનતા રમતપ્રેમીઓમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

### ડુપ્લાન્ટિસ પર ઈજાનો ઓછાયો

ડુપ્લાન્ટિસ સ્પર્ધામાં ૫.૯૫ મીટરની ઊંચાઈ પાર કરવામાં સફળ રહ્યા હતા, પરંતુ તેમની ડાબી સાથળ પર પટ્ટી બાંધેલી જોવા મળતી હતી. સ્પર્ધા બાદ તેમણે જણાવ્યું હતું કે, "આ મારો શ્રેષ્ઠ દિવસ નહોતો. મારે હવે પરત ફરીને પરિસ્થિતિનું પુનઃમૂલ્યાંકન કરવું પડશે અને જરૂર જણાય તો સ્કેન કરાવવું પડશે." તેમના પિતા અને કોચ ગ્રેગ પણ આ ઘટના બાદ સ્ટેન્ડ પરથી ખૂબ જ ચિંતિત દેખાતા હતા.



ડુપ્લાન્ટિસના બહાર થવાને કારણે અમેરિકાના સેમ કેન્ડ્રિક્સ માટે જીતવાનો માર્ગ મોકળો થયો હતો. કેન્ડ્રિક્સે ૫.૯૫ મીટરની છલાંગ લગાવીને સીઝનનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું અને કાઉન્ટબેક પર વિજેતા જાહેર થયા હતા. કેન્ડ્રિક્સ માટે લંડન સ્ટેડિયમ હંમેશા લકી રહ્યું છે, કારણ કે તેમણે ૨૦૧૭માં પણ અહીં વિશ્વ ખિતાબ જીત્યો હતો.

### વોરહોલનું શાનદાર પ્રદર્શન

બીજી તરફ, વિશ્વના ૪૦૦ મીટર હર્ડલ્સ રેકોર્ડ ધારક કાર્સ્ટન વોરહોલે પણ પોતાના પરંપરાગત અંદાજમાં પ્રદર્શન કરતા ૪૬.૬૧ સેકન્ડ સાથે વર્લ્ડ લીડ બનાવીને આ સીઝનની પોતાની પ્રથમ જીત નોંધાવી હતી. વોરહોલે જણાવ્યું હતું કે, "લંડન સ્ટેડિયમ સાથે મારી ઘણી યાદો જોડાયેલી છે અને અહીં જીતવું એ મારા માટે ખાસ છે. બર્મિંગહામ જતા પહેલા આ એક સારી શરૂઆત છે."

આ સ્પર્ધામાં જ્યાં એક તરફ ડુપ્લાન્ટિસની ઈજાએ રમતપ્રેમીઓને નિરાશ કર્યા છે, ત્યાં બીજી તરફ કેન્ડ્રિક્સ અને વોરહોલના શાનદાર પ્રદર્શને પ્રેક્ષકોમાં ઉત્સાહ જાળવી રાખ્યો હતો. હવે જોવાનું એ રહેશે કે ડુપ્લાન્ટિસ યુરોપિયન ચેમ્પિયનશિપ માટે કેટલા સમયમાં ફિટ થઈ શકે છે.

# ભારતીય સબ-જુનિયર હોકી ટીમની વર્લ્ડ કપ પર નજર

## મસ્કતમાં યુથ હોકી 5s ચેમ્પિયનશિપનો પ્રારંભ



(એજન્સી) મસ્કત । તા. 19

ભારતીય સબ-જુનિયર પુરુષ અને મહિલા હોકી ટીમો સોમવારથી મસ્કતમાં શરૂ થઈ રહેલી પ્રથમ એફઆઈએચ (FIH) યુથ હોકી 5s એશિયન ચેમ્પિયનશિપમાં પોતાના અભિયાનની શરૂઆત કરવા જઈ રહી છે. આ છ દિવસીય ટુર્નામેન્ટ માત્ર એશિયન ટાઈટલ જીતવા માટે જ નહીં, પરંતુ પ્રથમ એફઆઈએચ અંડર-18 યુથ હોકી 5s વર્લ્ડ કપમાં સ્થાન સુરક્ષિત કરવા માટે પણ મહત્વપૂર્ણ છે.

### પુરૂષ ટીમનો આત્મવિશ્વાસ

સરદાર સિંહના કોચિંગ હેઠળની પુરૂષ ટીમ તાજેતરમાં જ અંડર-18 એશિયા કપ જીતીને આવી રહી છે, જ્યાં તેમણે ફાઈનલમાં જાપાનને 4-1થી પરાજય આપ્યો હતો. આ ટીમને યજમાન ઓમાન, પાકિસ્તાન અને બાંગ્લાદેશ સાથે 'એલિટ પૂલ'માં રાખવામાં આવી છે. સરદાર સિંહે જણાવ્યું હતું કે, "યુથ એશિયા કપનો વિજય અમારા માટે પ્રેરણારૂપ છે. હોકી 5s એ અત્યંત ઝડપી ફોર્મેટ છે, જેમાં ત્વરિત નિર્ણય લેવાની ક્ષમતા અને એકાગ્રતા ખૂબ જરૂરી છે. અમારું સંપૂર્ણ ધ્યાન વર્લ્ડ કપ માટે ક્વોલિફાય કરવા પર છે."

રાણી રામપાલના કોચિંગમાં રમી રહેલી સબ-જુનિયર મહિલા ટીમે અંડર-18 એશિયા કપમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. મહિલા ટીમને ચીન, કઝાકિસ્તાન અને ઉઝબેકિસ્તાન સાથે 'એલિટ પૂલ'માં સ્થાન મળ્યું છે. રાણી રામપાલના મતે, ટીમે હોકી 5s ના ઝડપી ફોર્મેટને સમજવા માટે ખૂબ મહેનત કરી છે અને અગાઉની ટુર્નામેન્ટનો અનુભવ તેમને આ સ્પર્ધામાં ચોક્કસપણે મદદરૂપ થશે.આ એશિયન ચેમ્પિયનશિપ ડબલ રાઉન્ડ-રોબિન ફોર્મેટમાં રમાશે. લીગ તબક્કાના અંતે ટોચની બે ટીમો સીધી ગોલ્ડ મેડલ મેચ માટે ક્વોલિફાય થશે, જ્યારે ત્રીજા ક્રમે રહેલી ટીમ બ્રોન્ઝ મેડલ મેચ રમશે.

**વોશિંગ્ટન સુંદર વનડેમાંથી બહાર**

# વોશિંગ્ટન સુંદર બહાર હર્ષ દુબે ટીમમાં સામેલ, ભારતીય ટીમમાં મોટો ફેરફાર



(એજન્સી) લંડન । તા. 19

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ૧૯ જુલાઈએ લંડનના ઐતિહાસિક લોર્ડ્સ મેદાન પર રમાનારી નિર્ણાયક વનડે મેચ પહેલા ટીમ ઈન્ડિયાને એક મોટો ઝટકો લાગ્યો છે. શ્રેણી હાલ ૧-૧ થી બરાબરી પર છે, ત્યારે આ અંતિમ મુકાબલો બંને ટીમો માટે કરો યા મરો સમાન બની ગયો છે. આ અતિ મહત્વની મેચ પૂર્વે ભારતીય ટીમના સ્ટાર સ્પિન બોલિંગ ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદર ઈજાના કારણે શ્રેણીમાંથી બહાર થઈ ગયા છે. તેમના સ્થાને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ) દ્વારા યુવા ખેલાડી હર્ષ દુબેને ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, કાર્ડિફના સોફિયા ગાર્ડન્સ ખાતે રમાયેલી બીજી વનડે મેચ દરમિયાન વોશિંગ્ટન સુંદરને જમણી હેમસ્ટ્રિંગમાં ઈજા પહોંચી હતી. મેચ બાદ તબીબી તપાસ દરમિયાન ઈજાની ગંભીરતાને જોતા તેમને ત્રીજી અને નિર્ણાયક મેચમાંથી બહાર રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. બીસીસીઆઈએ શનિવારે સત્તાવાર રીતે આ ફેરફારની પુષ્ટિ કરી છે. સુંદર હવે આગળની સારવાર માટે નિષ્ણાત ડૉક્ટરોની સલાહ લેશે અને સ્કેન કરાવશે.

### હર્ષ દુબેની કિસ્મત ચમકી

વોશિંગ્ટન સુંદરના બહાર થવાથી ભારતીય ટીમ માટે સ્પિન વિભાગમાં એક ખાલીપો સર્જાયો હતો, જેને ભરવા માટે પસંદગીકારોએ ઘરેલુ ક્રિકેટમાં સતત સારું પ્રદર્શન કરી રહેલા હર્ષ દુબે પર પસંદગીનો કળશ ઢોળ્યો છે. હર્ષ દુબે એક પ્રતિભાશાળી સ્પિન બોલિંગ ઓલરાઉન્ડર છે, જે પોતાની સ્પિન જાદુઈ અને ઉપયોગી બેટિંગ માટે જાણીતો છે. લોર્ડ્સના ઐતિહાસિક મેદાન પર ડેબ્યૂ કરવાની આ તક દુબે માટે પોતાની જાતને સાબિત કરવાની સુવર્ણ તક છે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાનારી આ ત્રીજી વનડે સીરીઝનો ફેંસલો કરશે. બંને ટીમો શ્રેણી જીતવા માટે એડીચોટીનું જોર લગાવી રહી છે. ભારતીય સમય અનુસાર બપોરે ૩:૩૦ વાગ્યે શરૂ થનારા આ મહામુકાબલામાં હવે હર્ષ દુબેનું પ્રદર્શન કેવું રહેશે, તે જોવું રસપ્રદ રહેશે. લોર્ડ્સની પિચ પર સ્પિનરોને મદદ મળતી હોય છે, ત્યારે દુબેની બોલિંગ ભારતીય ટીમ માટે ગેમ ચેન્જર સાબિત થઈ શકે છે.

વોશિંગ્ટન સુંદરની ગેરહાજરીમાં ટીમ મેનેજમેન્ટ હવે અંતિમ ઈલેવનમાં સંતુલન જાળવવા પર ધ્યાન આપી રહ્યું છે. હર્ષ દુબેના સમાવેશથી ટીમને એક વધારાનો સ્પિન વિકલ્પ મળ્યો છે. ઈજાઓ ક્રિકેટનો હિસ્સો છે, પરંતુ મહત્વની મેચ પહેલા આવી સ્થિતિ ટીમની રણનીતિમાં ફેરફાર કરવા માટે મજબૂર કરે છે. ભારતીય ચાહકો આશા રાખી રહ્યા છે કે સુંદરની ગેરહાજરીમાં પણ ટીમ ઈન્ડિયા આ નિર્ણાયક મેચ જીતીને શ્રેણી પોતાના નામે કરશે.

**શૂટઆઉટ // માર્ટિનેઝનું સાથીઓને આહવાન, ફિફા વર્લ્ડ કપ ફાઈનલ જંગ**

# ફિફા વર્લ્ડ કપ ફાઈનલમાં આર્જેન્ટિના વિરુદ્ધ સ્પેન

(એજન્સી) ન્યૂયોર્ક । તા. 19

ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ હવે તેના અંતિમ અને સૌથી નિર્ણાયક તબક્કે પહોંચી ગયો છે. ન્યૂ જર્સીના મેટલાઈફ સ્ટેડિયમમાં રવિવારે રમાનારી ફાઈનલ મેચમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિનાનો સામનો યુરોપિયન ચેમ્પિયન સ્પેન સામે થશે. આ અત્યંત મહત્વની મેચ પહેલા આર્જેન્ટિનાના ડિફેન્ડર લિસાન્ડ્રો માર્ટિનેઝે પોતાની ટીમના સાથી ખેલાડીઓને એકતા અને જોશ સાથે રમવા માટે ભાવુક સંદેશ આપ્યો છે.

### ટીમમાં એકતાનો સંદેશ

માન્ચેસ્ટર યુનાઈટેડના સ્ટાર સેન્ટર-બેક લિસાન્ડ્રો માર્ટિનેઝે સોશિયલ મીડિયા પર આર્જેન્ટિનાની ટીમનો ફોટો શેર કરતા લખ્યું કે, "આ એક અદભૂત સમૂહ છે, એક એવી માનવીય બાજુ છે જેના માટે શબ્દો ઓછા પડે છે. દરેક ખેલાડી અહીં પોતાની પૂરી તાકાત લગાવી રહ્યો છે. આપણે પહેલા દિવસથી જેમ સાથે રહ્યા છીએ, તેમ આવતીકાલે પણ



એકજૂથ થઈને રમીશું." આ સંદેશ સ્પષ્ટ કરે છે કે ખેલાડીઓ માત્ર રમત માટે જ નહીં, પરંતુ એક પરિવાર તરીકે વર્લ્ડ કપ જીતવા માટે મેદાનમાં ઉતરશે.

### આર્જેન્ટિનાની દમદાર સફર

લિસાન્ડ્રો માર્ટિનેઝે વર્લ્ડ કપમાં અત્યાર સુધી શાનદાર પ્રદર્શન કર્યું છે. ટીમના સાતમાંથી છ મેચમાં સ્ટાર્ટિંગ લાઈનઅપમાં રહેલા માર્ટિનેઝે સેમિફાઈનલમાં ઈંગ્લેન્ડ સામેની જીતમાં પણ મહત્વની ભૂમિકા ભજવી હતી. આર્જેન્ટિનાની ટીમ હાલમાં ૧૪ મેચની વિજયી હારમાળા પર સવાર છે, જે દક્ષિણ અમેરિકાની કોઈપણ ટીમ માટે સૌથી લાંબી વિજયી શ્રેણીની બરાબરી છે. લિયોનેલ સ્કેલોનીના માર્ગદર્શન હેઠળ આ ટીમે દરેક નોકઆઉટ મેચમાં પાછળ રહ્યા બાદ વાપસી કરીને પોતાની મક્કમતા સાબિત કરી છે.

બીજી તરફ, સ્પેન આ વર્લ્ડ કપમાં સૌથી મજબૂત ડિફેન્સિવ ટીમ તરીકે ઉભરી આવી છે. યુરોપિયન ચેમ્પિયન સ્પેને સાત મેચોમાં માત્ર એક જ ગોલ ખાધો છે અને પુરુષ વર્લ્ડ કપના ઈતિહાસમાં એક જ એડિશનમાં છ વખત ક્લીન શીટ રાખનાર તે પ્રથમ ટીમ બની છે. કેપ વર્ડે સામેની ડ્રો મેચ બાદ સ્પેને સતત છ મેચ જીતીને ફાઈનલમાં પ્રવેશ કર્યો છે, જેમાં ઓસ્ટ્રિયા, પોર્ટુગલ, બેલ્જિયમ અને ફ્રાન્સ જેવી દિગ્ગજ ટીમોનો સમાવેશ થાય છે.

**સર્જરીને કારણે થોડા અઠવાડિયાનો વિરામ**

# વિમ્બલ્ડન ફાઈનલિસ્ટ કેરોલિના મુચોવા ઈજાને કારણે બહાર

(એજન્સી) પ્રાગ । તા. 19

વિમ્બલ્ડન ચેમ્પિયનશિપના ફાઈનલ સુધી પહોંચીને સૌને પ્રભાવિત કરનાર કેરોલિના મુચોવા ફરી એકવાર ઈજાના કારણે રમતથી દૂર થઈ છે. ૨૯ વર્ષીય આ ચેક ટેનિસ ખેલાડીએ શનિવારે સોશિયલ મીડિયા પર જાહેરાત કરી હતી કે તેમણે 'એક નાની સર્જરી' કરાવી છે, જેના કારણે તેઓ આગામી થોડા અઠવાડિયા સુધી સ્પર્ધાઓમાં ભાગ લઈ શકશે નહીં. વિમ્બલ્ડનની ફાઈનલમાં લિંડા નોસ્કોવા સામે હાર્યાના માત્ર એક અઠવાડિયા બાદ જ મુચોવાએ આ જાહેરાત કરતા ચાહકોમાં નિરાશા ફેલાઈ છે. તેમણે ઈન્સ્ટાગ્રામ પર જણાવ્યું હતું કે સર્જરી સફળ રહી છે અને તેઓ હવે પોતાની રિકવરી પર ધ્યાન આપી રહી છે. મુચોવાએ પોતાની પોસ્ટમાં બ્રિટની સ્પીયર્સનું ગીત "Oops!... I did it again" મૂકીને રમત પ્રત્યેની પોતાની નિરાશા અને હિંમત બંને દર્શાવી છે. આ ઈજાના કારણે મુચોવા આગામી ૨ થી ૧૩ ઓગસ્ટ દરમિયાન યોજાનારી ટોરોન્ટો ડબલ્યુટીએ (WTA) ટુર્નામેન્ટમાં ભાગ લઈ શકશે નહીં. તેમણે જણાવ્યું કે, "આ વર્ષે ટોરોન્ટોમાં મારી ડેબ્યૂ કરવા માટે હું ખૂબ આતુર હતી, પરંતુ મારા માટે રિકવરી હાલમાં સૌથી વધુ મહત્વની છે."



કેરોલિના મુચોવા પોતાની કારકિર્દી દરમિયાન વારંવાર ઈજાઓથી ઝઝૂમતી રહી છે, ખાસ કરીને કાંડાની ઈજા તેમની રમત માટે મોટો અવરોધ રહી છે. જોકે, વિમ્બલ્ડન ફાઈનલ સુધીની તેમની સફર દરમિયાન તેમણે પોતાની શાનદાર ફિટનેસનો પુરાવો આપ્યો હતો.

**વિદ્યાર્થીઓના અપહરણ પર રોષ,** બલૂચ કાર્યકરના તીખા પ્રહાર

# દ.કોરિયામાં રાષ્ટ્રપતિનું રાજીનામું લગભગ નિશ્ચિત

(એજન્સી) ક્વેટા । તા. 19

પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતમાં વિદ્યાર્થીઓના ગુમ થવાની ઘટનાઓમાં થયેલો અચાનક વધારો આંતરરાષ્ટ્રીય સ્તરે ચિંતાનો વિષય બન્યો છે. જાણીતા માનવ અધિકાર કાર્યકર સમ્મી દીન બલૂચે પાકિસ્તાની તંત્રની આકરી ટીકા કરતા આ પ્રક્રિયાને "નિષ્ફળ અને અમાનવીય રાજ્ય નીતિ" ગણાવી છે. છેલ્લા કેટલાક દિવસોમાં બલૂચિસ્તાનમાં જે રીતે શાંતિપૂર્ણ રાજકીય સંગઠનો સાથે જોડાયેલા યુવાનો અને વિદ્યાર્થીઓને તેમના ઘરો, હોસ્ટેલ અને શૈક્ષણિક સંસ્થાઓમાંથી ઉઠાવી લેવામાં આવી રહ્યા છે, તે અત્યંત ગંભીર અને ભયજનક છે.

સોશિયલ મીડિયાના માધ્યમથી પોતાની વેદના વ્યક્ત કરતા સમ્મી દીન બલૂચે જણાવ્યું હતું કે, બલૂચિસ્તાનમાં લોકોના ગુમ થવાનું દુષચક્ર ક્યારેય અટક્યું નથી, પરંતુ હાલના દિવસોમાં તેમાં ચિંતાજનક ઉછાળો આવ્યો છે. તેમણે આક્ષેપ કર્યો છે કે વ્યક્તિઓને કોઈપણ કાયદાકીય પ્રક્રિયા વિના વર્ષો સુધી અટકાયતમાં રાખવામાં આવે છે અને ત્યાં તેમની સાથે અમાનવીય વર્તન તથા અત્યાચાર કરવામાં આવે છે. રાજ્યની આ દમનકારી નીતિઓ યુવાનોમાં બદલાની ભાવના જગાડે છે, જે ક્યારેક તેમને હિંસક માર્ગ પસંદ કરવા માટે મજબૂર કરે છે.

મીડિયા અહેવાલ મુજબ, પાકિસ્તાન સરકાર આ સમગ્ર મામલે આતંકવાદ વિરોધી અભિયાનનો હવાલો આપે છે. જોકે, સમ્મી દીન બલૂચે આ દલીલને ફગાવી દેતા પ્રશ્ન કર્યો છે કે, જો આ અભિયાન શાંતિ સ્થાપવા માટે હોય, તો બલૂચિસ્તાન આજે કેમ લોહી, અશાંતિ અને નફરતના દલદલમાં ડૂબેલું છે? તેમણે સ્પષ્ટ કર્યું છે કે દમન અને અત્યાચારની નીતિઓ ક્યારેય શાંતિ લાવી શકતી નથી, ઉલટું તે લોકોના મનમાં તંત્ર પ્રત્યે રોષ અને દ્વેષની લાગણી વધારે છે.

બલૂચ કાર્યકરોએ પાકિસ્તાની સરકાર પર એવો પણ ગંભીર આક્ષેપ કર્યો છે કે, સરકાર પોતાની નિષ્ફળતાઓને છુપાવવા માટે માનવ અધિકારના રક્ષકો અને શાંતિપૂર્ણ કાર્યકરોને બદનામ કરી રહી છે. જ્યારે યુવાનો હિંસક માર્ગે વળે છે, ત્યારે સત્તાધીશો તેની પાછળના મૂળ કારણો શોધવાને બદલે શાંતિપૂર્ણ અભિયાન ચલાવનારાઓને દોષિત ઠેરવે છે. વાસ્તવિક અસ્થિરતાનું કારણ સરકારી અત્યાચાર, ગેરકાયદેસર અટકાયત અને તાનાશાહી વલણ છે, જેના કારણે બલૂચિસ્તાનમાં સંઘર્ષ સતત વધી રહ્યો છે.

સમ્મી દીન બલૂચે સત્તાધારીઓને અપીલ કરી છે કે તેઓ અત્યંત કડક વલણ અપનાવવાને બદલે પોતાની નીતિઓનું પુનઃમૂલ્યાંકન કરે. દાયકાઓથી ચાલી આવતા ન્યાયતંત્ર બહારની હત્યાઓ, સામૂહિક સજાઓ અને અપહરણો છતાં જો બલૂચિસ્તાનમાં શાંતિ સ્થપાઈ ન હોય, તો તેનો અર્થ એ છે કે સરકારની રણનીતિમાં જ ખામી છે. સરકારે સમજવું પડશે કે લોકો પર દબાણ લાવવાથી પરિસ્થિતિ સુધરવાને બદલે વધુ બગડી રહી છે.



જિહાદી આતંકવાદ હજુ પણ ખતરો

## આતંકવાદ મુદ્દે ભારત અને અમેરિકા વચ્ચે મતભેદ




(એજન્સી) વોશિંગ્ટન । તા. 19

અમેરિકાના વોશિંગ્ટન ખાતે ડાબેરી ઉગ્રવાદ અને આતંકવાદ વિરુદ્ધ યોજાયેલી એક ઉચ્ચ સ્તરીય બેઠકમાં ભારત અને અમેરિકા વચ્ચે વૈચારિક મતભેદો સ્પષ્ટપણે જોવા મળ્યા હતા. વિશ્વના ૬૭ દેશોની હાજરીમાં મળેલી આ મહત્વપૂર્ણ બેઠકમાં ભારતનું પ્રતિનિધિત્વ અમેરિકામાં ભારતના રાજદૂત વિનય ક્વાત્રાએ કર્યું હતું. આ બેઠક દરમિયાન અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયો દ્વારા આપવામાં આવેલા નિવેદન સામે ભારતે કડક શબ્દોમાં વિરોધ નોંધાવ્યો છે, જેના કારણે રાજદ્વારી વર્તુળોમાં ચર્ચા જાગી છે.

### અમેરિકી વિદેશ મંત્રીના દાવા પર સવાલો

બેઠક દરમિયાન માર્કો રુબિયોએ પોતાના સંબોધનમાં એવો દાવો કર્યો હતો કે વૈશ્વિક સ્તરે હવે જિહાદી કે કટ્ટરપંથી ઈસ્લામિક આતંકવાદનો ખતરો ઘણો ઓછો થઈ ગયો છે. રુબિયોએ વધુમાં ઉમેર્યું હતું કે હવે દુનિયાએ પોતાની પ્રાથમિકતા બદલીને ડાબેરી આતંકવાદ વિરુદ્ધ એક થવાની જરૂર છે. જોકે, ભારતનું માનવું છે કે આ પ્રકારનું મૂલ્યાંકન જમીની વાસ્તવિકતાથી દૂર છે. ભારત માટે જિહાદી આતંકવાદ આજે પણ એટલો જ જીવલેણ અને ઘાતક છે જેટલો દાયકાઓ પહેલા હતો. ૨૦૨૫માં થયેલો પહેલગામ આતંકવાદી હુમલો આ વાતનું સૌથી મોટું પ્રમાણ છે.

### બેઠકના એજન્ડા અંગે વૈશ્વિક અસંમતિ

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, અમેરિકા દ્વારા આ બેઠકનો સંપૂર્ણ એજન્ડા માત્ર ડાબેરી આતંકવાદ પર કેન્દ્રિત રાખવામાં આવતા ઘણા દેશો અસંમત જોવા મળ્યા હતા. આ જ કારણ છે કે ૬૭ દેશોને આમંત્રણ હોવા છતાં, સંખ્યાબંધ દેશોએ પોતાના વિદેશ મંત્રીઓને મોકલવાને બદલે જુનિયર ડિપ્લોમેટ્સ અથવા પ્રતિનિધિઓ મોકલવાનું જ પસંદ કર્યું હતું. ભારત તરફથી પણ વિદેશ મંત્રી એસ. જયશંકર પ્રવાસ પર હોવાને કારણે રાજદૂત વિનય ક્વાત્રાએ હાજરી આપી હતી, જે પણ આ બેઠક પ્રત્યેના મર્યાદિત રસનો સંકેત ગણાય છે.

માર્કો રુબિયોએ આતંકવાદના બદલાતા સ્વરૂપ અંગે ચિંતા વ્યક્ત કરતા કહ્યું હતું કે, આજના સમયમાં આતંકવાદીઓ એક દેશમાંથી ફંડિંગ મેળવે છે, બીજા દેશના સર્વરનો ઉપયોગ કરીને વાતચીત કરે છે, ત્રીજા દેશમાં ટ્રેનિંગ લે છે અને પાંચમા દેશમાં હુમલો કરે છે. આ જટિલ માળખાને તોડવા માટે દેશો વચ્ચે પરસ્પર સહયોગ અનિવાર્ય છે. જોકે, ભારતનું માનવું છે કે જ્યારે સુધી પાકિસ્તાન જેવા દેશો તરફથી મળતા પ્રોત્સાહન અને સરહદ પારના આતંકવાદ પર લગામ નહીં લાગે, ત્યાં સુધી માત્ર ડાબેરી ઉગ્રવાદ પર ધ્યાન કેન્દ્રિત કરવું એ અધૂરી વ્યૂહરચના છે. ભારત હંમેશા આંતરરાષ્ટ્રીય મંચો પર આતંકવાદના મુદ્દાને મુખ્ય પ્રાથમિકતા તરીકે રજૂ કરતું આવ્યું છે. આ વખતની બેઠકમાં પણ ભારતની સ્પષ્ટ ભૂમિકાએ સાબિત કરી દીધું છે કે રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દે ભારત કોઈપણ પ્રકારની બાંધછોડ કરવા તૈયાર નથી.

### આતંકવાદ સામે ભારતની ઝીરો ટોલરન્સ નીતિ

ભારતીય રાજદૂત વિનય ક્વાત્રાએ વૈશ્વિક મંચ પર ભારતનું વલણ સ્પષ્ટ કરતા જણાવ્યું હતું કે, આતંકવાદને કોઈ ચોક્કસ શ્રેણીમાં વહેંચી શકાય નહીં. ભારતે આતંકવાદના તમામ સ્વરૂપો સામે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ અપનાવવાની હિમાયત કરી છે. ક્વાત્રાએ ભારતમાં નક્સલવાદ એટલે કે ડાબેરી ઉગ્રવાદ સામે લડવાના દેશના લાંબા અનુભવો શેર કર્યા હતા. તેની સાથે જ તેમણે સરહદ પારના આતંકવાદ અને ભારતની અખંડિતતાને નુકસાન પહોંચાડતા અલગતાવાદી એજન્ડાનો મુદ્દો પણ જોરશોરથી ઉઠાવ્યો હતો.

## ન્યૂઝ બ્રીફ

### લંડનમાં ચીની એમ્બસીના ગાર્ડ્સનો દેખાવકારો પર હુમલો




લંડન | બ્રિટનની રાજધાની લંડનમાં ચીની દૂતાવાસની સામે યોજાયેલા એક શાંતિપૂર્ણ શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં ભારે હોબાળો મચી ગયો છે. ન્યૂયોર્કમાં આત્મદાહ કરનાર તિબેટી સ્વાતંત્ર્ય સેનાની લોબગા રંગઝેનને યાદ કરવા માટે એકઠા થયેલા તિબેટીયનો અને માનવ અધિકારવાદીઓ પર ચીની એમ્બસીના સુરક્ષાકર્મીઓએ હુમલો કર્યો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, એમ્બસીના સિક્યુરિટી ગાર્ડ્સે દેખાવકારોને ડરાવવા માટે હાઈ-વોલ્ટેજ 'સ્ટન-બેટન્સ'નો ઉપયોગ કર્યો હતો. નોંધનીય છે કે ઈંગ્લેન્ડમાં આ પ્રકારના શસ્ત્રો પર સખત પ્રતિબંધ છે. આ ઘટનાનો વિડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં સુરક્ષાકર્મીઓ દેખાવકારો પર તૂટી પડતા જોવા મળે છે. હાલ બ્રિટિશ પોલીસ આ સમગ્ર મામલે તપાસ કરી રહી છે અને પ્રતિબંધિત શસ્ત્રોના ઉપયોગ અંગે કાયદાકીય કાર્યવાહીના સંકેતો આપ્યા છે. ધર્મશાળામાં રહેતા તિબેટી નેતા ફાયુલે આ ઘટનાની આકરી ટીકા કરતા ચીન પર 'ટ્રાન્સનેશનલ-રીપ્રેશન' એટલે કે સરહદ પાર દમન કરવાનો આરોપ લગાવ્યો છે.

### અમેરિકા-ઈરાન તણાવ પાકિસ્તાન-કુવૈતની ચિંતા વધી



ઈસ્લામાબાદ/કુવૈત સીટી | સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી એકવાર સૈન્ય સંઘર્ષ ભભૂકી ઉઠતા પશ્ચિમ એશિયાની શાંતિ જોખમમાં મુકાઈ છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પાકિસ્તાન અને કુવૈતે બંને દેશોને સંયમ રાખવા અને ગયા મહિને થયેલા 'ઈસ્લામાબાદ એમઓયુ'નું સન્માન કરવા તાકીદની અપીલ કરી છે. પાકિસ્તાનના વિદેશ મંત્રી ઈશાક ડાર અને કુવૈતના વિદેશ મંત્રી શેખ જર્રાહ જબેર અલ-અહમદ અલ-સબાહ વચ્ચે ટેલિફોન પર યોજાયેલી વાતચીતમાં પ્રદેશમાં વધતા તણાવ અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. કુવૈતે સ્પષ્ટ કર્યું છે કે ઈરાની હુમલાની અસર સીધી રીતે તેના ડિસેલિનેશન પ્લાન્ટ અને ઓઈલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર પડી છે, જેના કારણે દેશનું એરસ્પેસ પણ અસ્થાયી રૂપે બંધ કરવું પડ્યું હતું. ઈશાક ડારે તમામ પક્ષોને સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતા જાળવી રાખવા અનુરોધ કર્યો છે. પાકિસ્તાન આ શાંતિ કરારમાં ગેરેન્ટરની ભૂમિકામાં હતું. આ એમઓયુનો મુખ્ય ઉદ્દેશ્ય આગામી ૬૦ દિવસમાં તકનીકી વાર્તાલાપ દ્વારા સ્થિરતા લાવવાનો હતો. જોકે, ઈરાને હવે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે અમેરિકાએ કરારનો ભંગ કર્યો હોવાથી તેઓ હવે કરારની કોઈ પણ શરતોનું પાલન કરશે નહીં.

ઈરાન રશિયાનો ડબલ એટેક પ્લાન

# ઈરાનનો અમેરિકા સામે ખતરનાક યુદ્ધ માસ્ટરપ્લાન, યુરોપનું એનર્જી સેક્ટર જોખમમાં

(એજન્સી) અમદાવાદ । તા. 19

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઈરાનને આર્થિક રીતે ઘેરવાની ગુપ્ત યોજના વચ્ચે ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (આઈઆરજીસી) એ એક એવો માસ્ટરપ્લાન તૈયાર કર્યો છે જેણે સમગ્ર વિશ્વમાં ખળભળાટ મચાવી દીધો છે. આ માસ્ટરપ્લાન હેઠળ માત્ર અમેરિકા જ નહીં, પરંતુ તેના પશ્ચિમી મિત્ર દેશો પણ ગંભીર સંકટમાં મુકાયા છે. ઈરાની સૈન્યએ ટ્રમ્પના નિર્ણયોની સીધી સજા તેમના યુરોપીયન મિત્રોને આપવાની રણનીતિ ઘડી કાઢી છે, જે પહેલેથી જ રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિનના ડર હેઠળ જીવી રહ્યા છે.



### IRGCના સલાહકારની આક્રમક ચેતવણી

આઈઆરજીસીના મુખ્ય કમાન્ડરના ખાસ સલાહકાર હુસૈન હમીદરેઝા મોઘદામફરે અમેરિકાને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે. તેમણે મીડિયા અહેવાલોમાં જણાવ્યું છે કે જો અમેરિકા સમુદ્રી માર્ગો કે આર્થિક પ્રતિબંધો દ્વારા ઈરાનને ઝુકાવવાનો પ્રયાસ કરશે, તો તેનું ભયાનક પરિણામ સમગ્ર યુરોપને ભોગવવું પડશે. ઈરાની સલાહકારનું માનવું છે કે અમેરિકાની આ હરકતોને કારણે આખા યુરોપનું ઉર્જા ક્ષેત્ર અને વૈશ્વિક અર્થતંત્ર પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ જશે.

### રશિયા અને ઈરાનનો સંયુક્ત વ્યુહ

આ નવા માસ્ટરપ્લાન મુજબ ઈરાન હવે માત્ર ખાડી દેશો પૂરતું સીમિત નહીં રહે, પરંતુ યુરોપને મુખ્ય લક્ષ્ય બનાવશે. એક તરફ રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન યુક્રેન સીમા પર આક્રમક છે અને ગેસ સપ્લાય દ્વારા યુરોપને ઘૂંટણિયે લાવી રહ્યા છે, ત્યારે બીજી તરફ ઈરાન સમુદ્રી માર્ગોને બંધ કરવાની તૈયારીમાં છે. આ બંને શક્તિઓનો આ ડબલ એટેક પ્લાન ડોનાલ્ડ ટ્રમ્પ માટે એકસાથે બે મોરચે લડવાનું અશક્ય બનાવી શકે છે. જો આ વ્યૂહ સફળ થાય તો ટ્રમ્પ પરથી તેમના મિત્ર દેશોનો ભરોસો કાયમ માટે ઉઠી જવાની શક્યતા છે.

### સ્ટ્રેટ ઓફ હોર્મુઝ બનશે ડેથ-ટ્રેપ

ઈરાન જે સમુદ્રી માર્ગ દ્વારા યુરોપને ઠાર કરવાની વાત કરી રહ્યું છે તે છે 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'. આ માર્ગ સાઉદી અરેબિયા, યુએઈ, કુવૈત અને ઈરાક જેવા મોટા ક્રૂડ ઉત્પાદક દેશોની જીવાદોરી સમાન છે. મીડિયા અહેવાલો મુજબ, જો આઈઆરજીસીએ આ માર્ગ પર નાકેબંધી કરી અથવા ત્યાં દરિયાઈ સુરંગો બિછાવી દીધી, તો ક્રૂડ ટેન્કરોની અવરજવર સંપૂર્ણપણે થંભી જશે. પરિણામે જર્મની, ફ્રાન્સ અને ઈટાલી જેવા દેશોની ફેક્ટરીઓ ગણતરીના દિવસોમાં બંધ થઈ શકે છે.

### યુરોપ માટે વિકટ પરિસ્થિતિ

નિષ્ણાતોના મતે ઈરાન સારી રીતે જાણે છે કે ટ્રમ્પ પ્રશાસન તેના ક્રૂડ બજારને નષ્ટ કરવા માટે આકરા આર્થિક પ્રતિબંધો લાદશે. આ ચાલને નિષ્ફળ બનાવવા ઈરાને યુરોપના આશરે ૩૦ જેટલા દેશોને ખુલ્લો સંદેશ આપ્યો છે કે જો તેઓ અમેરિકાનું સમર્થન કરશે, તો તેઓ આર્થિક રીતે કંગાલ થઈ જશે. આ ચેતવણી બાદ અમેરિકા અને યુરોપ વચ્ચે રાજદ્વારી વિવાદ વધવાની પ્રબળ શક્યતાઓ છે, કારણ કે કોઈ પણ યુરોપીયન દેશ અમેરિકાની જીદ ખાતર પોતાના નાગરિકોને અંધારામાં રાખવાનું જોખમ લેવા તૈયાર નથી.

વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિ જોતા, ઈરાનનો આ માસ્ટરપ્લાન માત્ર એક સૈન્ય ચેતવણી નથી, પરંતુ આર્થિક યુદ્ધનું મોટું એલાન છે. ટ્રમ્પ પ્રશાસન આ મામલે કઈ રીતે આગળ વધશે અને યુરોપ કેવી રીતે પોતાની સુરક્ષા સુનિશ્ચિત કરશે, તે જોવું હવે ખૂબ જ મહત્વનું બની ગયું છે.

## મધ્ય-પૂર્વના યુદ્ધની ઝપેટમાં દુબઈના ભારતીય નોકરિયાતો, અનેક કંપનીઓમાં નવી ભરતી બંધ

(એજન્સી) દુબઈ । તા. 19

અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ફાટી નીકળેલા યુદ્ધની ગંભીર આર્થિક અસરો હવે દુબઈમાં વસતા ભારતીયો પર સ્પષ્ટપણે જોવા મળી રહી છે. વિશ્વભરમાંથી લોકો માટે રોજગારીનું આકર્ષણનું કેન્દ્ર ગણાતું દુબઈ આજે અર્થતંત્રના કપરા કાળમાંથી પસાર થઈ રહ્યું છે, જેના કારણે હજારો ભારતીયો પોતાની નોકરી ગુમાવી બેઠા છે. યુદ્ધના વાતાવરણને કારણે દુબઈ અને અબુ ધાબી જેવા શહેરોમાં પ્રવાસન ઉદ્યોગ, એરલાઈન્સ અને તેના પર નિર્ભર રહેલા વ્યવસાયોને મોટો ફટકો પડ્યો છે. અનેક ભારતીય મૂળના લોકો જેઓ કેટરિંગ, હોસ્પિટાલિટી અને અન્ય સેવા ક્ષેત્રોમાં કાર્યરત હતા, તેઓએ પોતાની નોકરી ગુમાવવી પડી છે. સ્થાનિક સ્તરે કાર્યરત ભારતીય એકાઉન્ટન્ટ રહમાને જણાવ્યું હતું કે, તેમની કેટરિંગ કંપની યુદ્ધની આર્થિક અસરોને કારણે બંધ થઈ ગઈ છે, જેનાથી અનેક કર્મચારીઓ બેરોજગાર બની ગયા છે.

એક તાજેતરના સરવે મુજબ, દુબઈની ૫૪૬ જેટલી કંપનીઓમાંથી દર ચારમાંથી એક કંપનીએ આગામી મહિનાઓમાં કર્મચારીઓની છટણી કરવાની તૈયારી કરી લીધી છે. આ ઉપરાંત, દર ત્રણમાંથી એક કંપનીએ હાલ પૂરતી નવી ભરતી પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકી દીધો છે. જે પરિવારો દુબઈમાં કમાઈને પોતાના વતનમાં નાણાં મોકલતા હતા, તેમના માટે આ સ્થિતિ આર્થિક મુસીબત સમાન બની છે.

યુએઈ સરકારે આર્થિક મંદીને પહોંચી વળવા અને ઉદ્યોગોને ટેકો આપવા માટે ૬૮ કરોડ ડોલરનું જંગી સહાય પેકેજ જાહેર કર્યું છે. સરકાર આશા સેવી રહી હતી કે યુદ્ધવિરામ બાદ પરિસ્થિતિ સુધરશે, પરંતુ ફરીથી બંને પક્ષો વચ્ચે તણાવ વધતા સ્થિતિ વધુ ગંભીર બની છે.

## તુર્કી-ચીન કરાર સામે પૂર્વ તુર્કિસ્તાનનો આક્રોશ, ચીન સાથે વધતા સુરક્ષા સંબંધો, ઉઈઘર નરસંહારમાં સંડોવણીનો આરોપ

(એજન્સી) વોશિંગ્ટન । તા. 19

તુર્કી અને ચીન વચ્ચે તાજેતરમાં થયેલી રાજકીય પરામર્શ અને સુરક્ષા સમજૂતીએ આંતરરાષ્ટ્રીય સ્તરે વિવાદ જગાવ્યો છે. 'ઈસ્ટ તુર્કિસ્તાન ગવર્મેન્ટ ઇન એક્ઝાઈલ' (ETGE) એ આ કરારની આકરી ટીકા કરતા તુર્કી પર ઉઈઘર અને અન્ય તુર્કિક સમુદાયોના ભોગે ચીન સાથે સુરક્ષા સહયોગ ગાઢ કરવાનો ગંભીર આરોપ મૂક્યો છે. ૧૬ જુલાઈએ ચીનના નાયબ વિદેશ મંત્રી મિયાઓ દેયુ અને તુર્કીના નાયબ વિદેશ મંત્રી બેરિસ એકિન્સી વચ્ચેની બેઠક બાદ આ વિરોધ વંટોળ ઉઠ્યો છે.

ચીનના વિદેશ મંત્રાલયના અહેવાલ મુજબ, બંને દેશોએ કાયદો અમલીકરણ અને સુરક્ષા ક્ષેત્રે સહકાર વધારવા પર સહમતિ દર્શાવી છે. આ સાથે જ તુર્કીએ "વન ચાઈના" નીતિ પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા પુનઃદોહરાવી છે અને ખાતરી આપી છે કે તેમના વિસ્તારનો ઉપયોગ ચીનની સાર્વભૌમત્વ અને સુરક્ષા સામે કરવામાં આવશે નહીં. જોકે, નિર્વાસિત સરકારે સોશિયલ મીડિયા પર આ કરારને ઉઈઘર, કઝાક, કિર્ગીઝ અને અન્ય તુર્કિક લોકો સાથે થયેલો "દાયકાઓ જૂનો વિશ્વાસઘાત" ગણાવ્યો છે.




નિર્વાસિત સરકારના વિદેશ અને સુરક્ષા મંત્રી સાલીહ હુદયારે તાજેતરમાં તુર્કીના નાયબ વિદેશ મંત્રી લેવેન્ટ ગુમરુકચુ સાથે મુલાકાત કરી હતી. હુદયારે તુર્કીને આહવાન કર્યું હતું કે તે ઈસ્ટ તુર્કિસ્તાનના લોકોનો અવાજ બને અને ચીન સાથેનો તેમનો ૧૯૯૬થી ચાલતો સુરક્ષા અને ગુપ્તચર સહયોગ બંધ કરે. નિર્વાસિત સરકારનું સ્પષ્ટ માનવું છે કે તુર્કીની આ નીતિ સત્યનું વિકૃત સ્વરૂપ છે. તેમના મતે, ચીને ૧૯૪૦ના દાયકાના અંતમાં પૂર્વ તુર્કિસ્તાન પર આક્રમણ કરીને ત્યાં ગેરકાયદેસર સંસ્થાનવાદી કબજો સ્થાપિત કર્યો છે.

નિર્વાસિત સરકારે આક્ષેપ કર્યો છે કે તુર્કીનો ચીન સાથેનો સહયોગ વાસ્તવમાં પૂર્વ તુર્કિસ્તાનના સ્વતંત્રતા આંદોલનને કચડવામાં અને ઉઈઘરોની દેખરેખ તથા દમન કરવામાં મદદરૂપ થઈ રહ્યો છે. માર્ચ ૨૦૨૬માં ચીન દ્વારા લાગુ કરાયેલ "વંશીય એકતા અને પ્રગતિ પ્રોત્સાહન કાયદો" ઉઈઘરોની મુશ્કેલીઓમાં વધારો કરી રહ્યો છે. લાખો ઉઈઘરો હજુ પણ જેલમાં બંધ છે, તેમને ફરજિયાત મજૂરી અને વંધ્યીકરણ જેવી અમાનવીય પ્રક્રિયાઓમાંથી પસાર થવું પડે છે.

**આંદોલન** અમેરિકામાં ભારતીય દૂતાવાસ સામે વિરોધ, સુપ્રીમ કોર્ટમાં અરજી, પોલીસ કાર્યવાહી પર સવાલ

# સોનમ વાંગચુક મુદ્દે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

NEET પરીક્ષામાં કથિત ગેરરીતિઓ અને પેપર લીક સામે અવાજ ઉઠાવનારા સામાજિક કાર્યકર સોનમ વાંગચુકનું આંદોલન હવે દેશની સરહદો ઓળંગીને આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચાનો વિષય બન્યું છે. દિલ્હીના જંતર-મંતર પર ભૂખ હડતાળ પર બેઠેલા વાંગચુકને હટાવવાની પોલીસ કાર્યવાહી બાદ, હવે આ મામલો દેશની સર્વોચ્ચ અદાલત, સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે.

### આંદોલન હવે સુપ્રીમ કોર્ટના આંગણે

વરિષ્ઠ વકીલ દ્વારા ચીફ જસ્ટિસને લખાયેલા પત્રને જનહિત અરજી તરીકે સ્વીકારવા વિનંતી કરવામાં આવી છે. આ અરજીમાં પોલીસની કાર્યવાહી પર ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે. અરજીકર્તાનું કહેવું છે કે શાંતિપૂર્ણ રીતે આંદોલન કરી રહેલા લોકોના મૌલિક અધિકારોનું રક્ષણ કરવું જોઈએ. આ આંદોલન માત્ર એકલદોકલ મુદ્દો નથી, પરંતુ શિક્ષણ પ્રણાલીમાં રહેલી ક્ષતિઓ, ભરતી પ્રક્રિયામાં પારદર્શિતાનો અભાવ અને લાખો વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્યનો સવાલ છે. કોર્ટ પાસે માંગ કરવામાં આવી છે કે દિલ્હી પોલીસને જંતર-મંતર પર પ્રદર્શન ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે અને પ્રદર્શનકારીઓ માટે પૂરતી તબીબી સુવિધાઓ ઉપલબ્ધ કરાવાય.



### અમેરિકાથી પણ સમર્થનનો સુર

આ તરફ, સાગરપાર વોશિંગ્ટન ડીસીમાં પણ સોનમ વાંગચુકના સમર્થનમાં સૂર ઊઠ્યા છે. 'હિંદુઝ ફોર હ્યુમન રાઈટ્સ' અને 'ધ આઝાદી પ્રોજેક્ટ' દ્વારા ભારતીય દૂતાવાસ સામે પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ સંગઠનોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ખુલ્લો પત્ર લખીને સરકારને આંદોલનકારીઓ સાથે તાત્કાલિક સંવાદ શરૂ કરવા અપીલ કરી છે. તેમણે પરીક્ષા પ્રણાલીમાં જવાબદારી નક્કી કરવા અને શિક્ષણ મંત્રીના રાજીનામાની પણ માંગ કરી છે.

આંદોલનકારીઓના સ્વાસ્થ્યને લઈને પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. અરજીમાં બંધારણની કલમ ૧૯ (શાંતિપૂર્ણ પ્રદર્શનનો અધિકાર) અને કલમ ૨૧ (જીવન અને સ્વાસ્થ્યનો અધિકાર)નો સંદર્ભ આપીને વહીવટીતંત્રને નિષ્પક્ષ વલણ અપનાવવા જણાવાયું છે. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે આંદોલનનું નેતૃત્વ કરી રહેલા વાંગચુકને પોલીસ દ્વારા હટાવ્યા બાદ આંદોલનકારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. શિક્ષણ જગતમાં ફેલાયેલી અરાજકતા અને પેપર લીક જેવી ગંભીર ઘટનાઓ સામે લડતા વિદ્યાર્થીઓના મનોબળને જાળવી રાખવા માટે આ આંદોલન એક મહત્વપૂર્ણ કડી બની ગયું છે.

## ઈરાન-અમેરિકા શાંતિ કરાર નિષ્ફળ જતાં ખળભળાટ

(એજન્સી) ઈસ્લામાબાદ । તા. 19

પાકિસ્તાનની મધ્યસ્થતામાં થયેલો મહત્ત્વકાંક્ષી ઈરાન-અમેરિકા શાંતિ કરાર, જે 'ઈસ્લામાબાદ એમઓયુ' તરીકે ઓળખાતો હતો, તે ૧૮ જુલાઈના રોજ સત્તાવાર રીતે સમાપ્ત થયો છે. ૧૮ જૂનના રોજ થયેલો આ કરાર માત્ર ૩૦ દિવસમાં જ કચરાપેટીમાં ફેંકાઈ ગયો છે, જેના કારણે વૈશ્વિક રાજકારણમાં ફરી એકવાર ગરમાવો આવ્યો છે. ઈરાનના નાયબ વિદેશ પ્રધાન કાઝેમ ગરીબાબાદીએ સ્પષ્ટ કર્યું છે કે અમેરિકા દ્વારા વારંવાર વચનોનો ભંગ કરવામાં આવતા હવે ઈરાન પણ આ કરારની કોઈપણ શરતોનું પાલન કરવા બંધાયેલું નથી.

પાકિસ્તાને આ કરાર દ્વારા વૈશ્વિક સ્તરે શાંતિદૂત બનવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આ કરારની આયુષ્યરેખા ખૂબ જ ટૂંકી સાબિત થઈ. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, કરારના અમલીકરણમાં શરૂઆતથી જ બંને દેશો વચ્ચે અવિશ્વાસનું વાતાવરણ હતું. હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજોની સુરક્ષા અને તેના નિયંત્રણને લઈને બંને દેશોના વલણ અલગ-અલગ રહેતા તિરાડ વધુ પહોળી થઈ હતી. ઈરાને ઓમાનના જળક્ષેત્રમાંથી પસાર થતા જહાજોને નિશાન બનાવવાનું શરૂ કર્યું, જેને લઈને અમેરિકાએ આક્રમક વલણ અપનાવ્યું હતું.

મીડિયા અહેવાલ મુજબ, અમેરિકાએ ઈરાનના ક્રૂડ નિકાસમાં આપેલી રાહતો પાછી ખેંચી લેતા ઈરાન ભડકી ઉઠ્યું હતું. વળતા જવાબમાં અમેરિકાએ ઈરાનના પાયાના સંસાધનો જેવા કે વીજળી મથકો અને નૌસેનાના અડ્ડાઓ પર હુમલા કર્યા હતા. ઈરાને પણ કુવૈત, બહેરીન અને કતારમાં આવેલા અમેરિકન સૈન્ય મથકોને નિશાન બનાવીને આકરો જવાબ આપ્યો છે.

## પોલીસે કેન-બેતવા આંદોલન ખતમ કરાવ્યું

# 150 લોકોને બસમાં લઈ જવાયા, ઉપવાસ બેઠેલા અમિત ભટનાગર હોસ્પિટલમાં દાખલ






(એજન્સી) છતરપુર | તા 19

મધ્ય પ્રદેશના છતરપુરમાં કેન-બેતવા લિંક પ્રોજેક્ટ સામે 15 દિવસથી ચાલતું આંદોલન પોલીસે સમાપ્ત કરાવ્યું છે. આદિવાસી મહિલાઓની આગેવાની હેઠળના આ પ્રદર્શનમાં જલ, ચિતા અને ફાંસી સત્યાગ્રહ જેવી અનોખી પદ્ધતિઓ અપનાવાઈ હતી. 14 દિવસથી અનશન પર બેઠેલા નેતા અમિત ભટનાગરને પોલીસે સ્વાસ્થ્ય બગડતાં હોસ્પિટલમાં દાખલ કર્યા. પોલીસે સુરક્ષા કારણોસર સ્થળ ખાલી કરાવ્યું હોવાનું જણાવ્યું.મધ્ય પ્રદેશના છતરપુર જિલ્લામાં દેશના પ્રથમ નદી જોડાણ પ્રોજેક્ટ 'કેન-બેતવા લિંક પ્રોજેક્ટ' અને અન્ય પ્રાદેશિક સિંચાઈ યોજનાઓ સામે છેલ્લા 15 દિવસથી ચાલી રહેલું ઉગ્ર આંદોલન આખરે રવિવારેના રોજ પોલીસે બળપ્રયોગ કરીને સમાપ્ત કરાવી દીધું છે. કૂપી ગામ નજીક બરાના નદીના કિનારે ચાલી રહેલા આ વિરોધ પ્રદર્શનના સ્થળને પોલીસે સંપૂર્ણપણે ખાલી કરાવી દીધું છે અને આશરે 150થી વધુ પ્રદર્શનકારીઓને બસો દ્વારા તેમના મૂળ ગામોમાં પરત મોકલી દીધા છે.

આ આંદોલન ખાસ કરીને આદિવાસી મહિલાઓની આગેવાનીમાં ચલાવવામાં આવી રહ્યું હતું. પ્રદર્શનકારીઓએ પોતાની માગણીઓ પ્રશાસન સમક્ષ પહોંચાડવા માટે ખૂબ જ અનોખી અને ચોંકાવનારી પદ્ધતિઓ અપનાવી હતી. જેમાં પાણીમાં ઊભા રહીને 'જલ સત્યાગ્રહ', પ્રતીકાત્મક ચિતા પર સૂઈને 'ચિતા સત્યાગ્રહ' અને ગળામાં ફાંસીનો ફંદો લગાવીને 'ફાંસી સત્યાગ્રહ'નો સમાવેશ થાય છે. આ આંદોલનની આગેવાની કરી રહેલા સામાજિક કાર્યકર્તા અમિત ભટનાગર છેલ્લા 14 દિવસથી અનશન પર બેઠા હતા. લાંબા સમયની ભૂખ હડતાળના કારણે તેમનું સ્વાસ્થ્ય બગડતાં પોલીસે તેમને તુરંત હોસ્પિટલમાં દાખલ કર્યા છે. પ્રદર્શનના અન્ય એક નેતા દિવ્યા અહિરવારે આક્ષેપ કર્યો છે કે, વહીવટી તંત્રએ વહેલી સવારે 5 વાગ્યે આવીને અમિત ભટનાગર અને અન્ય સાથીઓની ગેરકાયદે અટકાયત કરી લીધી છે. તેમણે દાવો કર્યો કે આ કાર્યવાહી એટલા માટે કરવામાં આવી જેથી અમિત ભટનાગર મીડિયા સમક્ષ પ્રોજેક્ટમાં થયેલા 400 કરોડ રૂપિયાના કથિત ભ્રષ્ટાચારના પુરાવા જાહેર ન કરી શકે. જોકે પોલીસે કહ્યું છે કે તેમની અટકાયત નથી કરાઈ, તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

બીજી તરફ, એડિશનલ એસપી આદિત્ય પાટલેએ ધરપકડ કે અટકાયતના તમામ આરોપોને નકારી કાઢ્યા છે. તેમણે જણાવ્યું કે આ પ્રદર્શન એક નિર્માણાધીન પુલની નીચે અને નદીના પટમાં ચાલી રહ્યું હતું. ચોમાસાના કારણે નદીમાં પાણીનું સ્તર સતત વધી રહ્યું હોવાથી પ્રદર્શનકારીઓના જીવને મોટું જોખમ હતું, જેના કારણે સુરક્ષાના હેતુથી આ સ્થળ ખાલી કરાવવામાં આવ્યું છે. વિસ્થાપિત ગ્રામીણો અને આંદોલનકારીઓનો આરોપ છે કે વહીવટી તંત્ર દ્વારા અગાઉ એપ્રિલ મહિનામાં આપવામાં આવેલા વાયદા પૂરા કરવામાં આવ્યા નથી. કેન-બેતવા લિંક પ્રોજેક્ટ, મઝગાવ અને રુંઝ સિંચાઈ યોજનાઓથી પ્રભાવિત થયેલા હજારો આદિવાસી પરિવારોને યોગ્ય વળતર, પુનર્વસન અને જમીન ફાળવવામાં આવી નથી. લોકોએ પોતાના ઘરબાર, જમીન અને સંસ્કૃતિ ગુમાવી દીધી છે. તેઓ માગ કરી રહ્યા છે કે પ્રશાસને કાયદાકીય પ્રક્રિયાનું પાલન કરવું જોઈએ અને પ્રત્યેક ગામમાં પ્રોજેક્ટથી પ્રભાવિત પરિવારોની યાદી સાર્વજનિક કરવી જોઈએ.

## બિહારમાં લવ અફેરની શંકા વચ્ચે એક જ પરિવારના 3 લોકોના આપઘાત, દિલ્હીમાં બહેનની ભાઈએ કરી હત્યા

નાલંદા : દેશના બે અલગ-અલગ રાજ્યોમાંથી પારિવારિક સંબંધો અને માનવતાને શર્મસાર કરતી બે અત્યંત દુ:ખદ ઘટનાઓ સામે આવી છે. બિહારના નાલંદામાં કથિત ગેરકાયદેસર સંબંધો અને આર્થિક તંગીના કારણે એક જ પરિવારના ચાર સભ્યોએ સામૂહિક આત્મહત્યાનો પ્રયાસ કર્યો, જેમાં ત્રણ લોકોના કરુણ મોત નિપજ્યા છે. બીજી તરફ, દેશની રાજધાની દિલ્હીમાં કાયદો-વ્યવસ્થાને પડકાર ફેંકતો ઓનર કિલિંગનો મામલો સામે આવ્યો છે, જ્યાં પરિવારની મરજી વિરુદ્ધ પ્રેમ લગ્ન કરનારી સગી સહેલી બહેનને તેના જ નાના ભાઈએ ગોળી મારીને મોતને ઘાટ ઉતારી દીધી છે. આ બંને ઘટનાઓએ સ્થાનિક વિસ્તારોમાં ભારે ચકચાર મચાવી દીધી છે.બિહારના નાલંદામાં સામૂહિક આપઘાત, એક જ ચિતા પર 3 લાશ બિહારના નાલંદા જિલ્લાના ચંડી પોલીસ સ્ટેશન હેઠળના વિશુનપુર ગામમાં શનિવારે એક જ પરિવારના ચાર સભ્યોએ અલગ-અલગ રીતે આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટનામાં સસરા, જેઠાણી (મોટો પુત્ર) અને દેવર (નાનો પુત્ર) સામેલ હતા, જેમાંથી ત્રણના મોત થયા છે જ્યારે એકની હાલત નાજુક છે.

મૃતકોની વિગત: મૃત્યુ પામેલા લોકોમાં 62 વર્ષીય દિલચંદ્ર તાંતિ, તેમનો મોટો પુત્ર રંજીત (40) અને પુત્રવધૂ ગૌરી દેવી (30) નો સમાવેશ થાય છે.

# News Brief

## જમ્મુ-કાશ્મીરના રાજૌરી-પૂંછમાં આભ ફાટ્યું, પૂર-ભૂસ્ખલનને કારણે ભારે તબાહી, 10થી વધુ લોકોના મોત

કાશ્મીર: જમ્મુ-કાશ્મીરના રાજૌરી જિલ્લામાં મોડી રાત્રે 1:00 થી સવારના 6:00 વાગ્યા દરમિયાન થયેલા અતિભારે વરસાદે ભારે તબાહી મચાવી છે. મૂશળધાર વરસાદને કારણે સ્થાનિક દરહાલી નદી (રાજૌરી નદી) નું જળસ્તર ભયજનક સપાટીએ પહોંચી ગયું હતું, જેના પાણી નજીકની બેલા કોલોનીમાં ઘૂસી ગયા હતા. પાણીનો પ્રવાહ એટલો ઝડપી હતો કે આખો વિસ્તાર બેટમાં ફેરવાઈ ગયો હતો અને ત્યાં ફસાયેલા અસંખ્ય પરિવારો પોતાના ઘરોમાં કેદ થઈ ગયા હતા. આ ઉપરાંત, બેલા બસ સ્ટેન્ડ અને પાર્કમાં ઉભેલા ડઝનબંધ વાહનો પૂરના ધસમસતા પ્રવાહમાં રમકડાની જેમ તણાઈ ગયા હતા. જ્યારે રાજૌરીની સાથે પૂંછ જિલ્લામાં ભારે વરસાદ અને ફ્લેશ ફ્લડ અને ભયાનક ભૂસ્ખલને ભારે તબાહી મચાવી દીધી છે. કુલ મૃત્યુઆંક પણ વધીને 10ને વટાવી ગયો છે. અનેક લોકો ગુમ હોવાની પણ માહિતી સામે આવી રહી છે. પૂંછમાં એક જ પરિવારના 6 સભ્યો સહિત કુલ 9 લોકોએ જીવ ગુમાવ્યા છે. રાજૌરીના માંજાકોટ તહસીલ હેઠળ આવતા કોટલી કલાબન અને ગોલીનારી વિસ્તારોમાં વાદળ ફાટવાની (Cloudburst) ઘટના બની છે. વાદળ ફાટવાના કારણે આવેલા અચાનક પૂરમાં સ્થાનિક કબ્રસ્તાન સંપૂર્ણપણે ધોવાઈને નજીકના વોંકળામાં વહી ગયું હતું, જેના લીધે અનેક કબરો નષ્ટ થઈ ગઈ છે. આ અભૂતપૂર્વ ઘટનાથી સ્થાનિક રહીશોમાં ભારે ગમગીની અને ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. આ સિવાય થન્ના મંડી સબ-ડિવિઝનના ચુરુંગ, રાજધાની અને બેહરોટ વિસ્તારો પણ ખરાબ રીતે પ્રભાવિત થયા છે, જ્યાં એક ક્રશર યુનિટમાં કામ કરતા મજૂરો ફસાયા હોવાની માહિતી છે.

## 'મિસ-વર્લ્ડ' સ્પર્ધાના 73 વર્ષના ઈતિહાસમાં પાકિસ્તાનની પહેલી જ વાર એન્ટ્રી : કોણ છે અનિકા જમાલ ?

નવીદિલ્હી: પાકિસ્તાને ''મિસ-વર્લ્ડ'' સ્પર્ધાના ૭૩ વર્ષના ઈતિહાસમાં એક પણ વખત ભાગ લીધો નથી. પરંતુ ''મિસ-વર્લ્ડ'' સ્પર્ધાની ૭૫મી જયંતિ સમયે વિયેતનામમાં યોજાનારી ''મિસ-વર્લ્ડ'' સ્પર્ધામાં ૨૪ વર્ષની અનિકા જમાલ પાકિસ્તાનનું પ્રતિનિધિત્વ કરશે. પાકિસ્તાનના ઈતિહાસમાં આ પહેલીવાર બનવાનું છે.




અનિકા જમાલને લાહોરમાં સત્તાવાર રીતે મિસ-વર્લ્ડ પાકિસ્તાન-૨૦૨૬નો તાજ પહેરાવવામાં આવ્યો. જોકે આથી કટ્ટરપંથી ઈસ્લામિક જૂથો નારાજ થયાં છે. ઈસ્લામિક દેશ પાકિસ્તાન માટે તે બહુ મુશ્કેલ કામ છે. ત્યાં યુવતીઓ કે તરૂણીઓ માટે 'મોડેલિંગ' કરવું પણ મુશ્કેલ છે. ફેશન-શૉને પણ જમણેરી જૂથોના વિરોધનો સામનો કરવો પડે છે. ચિંતા તે છે કે અનિકા જમાલ ઈસ્લામિક કટ્ટરપંથીઓનાં નિશાન ઉપર છે.૨૪ વર્ષની અનિકાએ આ પૂર્વે મિસ-અર્થ, મિસ-ગ્લોબલ, મિસ કોસ્મો, મિસ-ઈકો-ઈન્ટરનેશનલ અને મિસ-ઑરા ઈન્ટરનેશનલમાં ભાગ લઈ ચૂકી છે. તે દરેક સ્પર્ધામાં તેણે પાકિસ્તાનનું પ્રતિનિધિત્વ કર્યું હતું. અત્યારે તે એકાઉન્ટિંગ અને ઓડીટિંગમાં માસ્ટર્સ ડિગ્રી માટે અભ્યાસ કરી રહી છે. તેણે કોસોવોમાં યોજાયેલી મિસ-ફ્રીડમ-ઓફ-ધી વર્લ્ડમાં ૪ ખિતાબ જીત્યા છે. તે કહે છે કે તે મિસ-વર્લ્ડ સ્પર્ધાનો ઉપયોગ સામાજિક મુદ્દાઓ અંગે અને વિશેષત: થેલેસેમીયાથી પીડિત બાળકોને સહાય કરવા માટે લોક-જાગૃતિ જગાડવાનું કાર્ય કરવા માગે છે.

## નીટ પેપર લીક અને સોનમ વાંગચુક મુદ્દે સંજય સિંહની રાજ્યસભામાં નોટિસ

નવી દિલ્હી: આવતીકાલ, સોમવાર (૨૦ જુલાઈ) થી શરૂ થઈ રહેલા સંસદના ચોમાસુ સત્રમાં 'નીટ' (NEET-UG) પેપર લીકનો મુદ્દો ભારે ગાજવાની શક્યતા છે. આમ આદમી પાર્ટી (AAP) ના સાંસદ સંજય સિંહે રવિવારે રાજ્યસભાના અધ્યક્ષને નિયમ ૨૬૭ હેઠળ 'સસ્પેન્શન ઓફ બિઝનેસ' નોટિસ પાઠવી છે. આ નોટિસનો ઉદ્દેશ્ય



દેશની જાહેર પરીક્ષાઓની ઘટી રહેલી વિશ્વસનીયતા, નીટ પેપર લીક અને સામાજિક કાર્યકર્તા સોનમ વાંગચુકની કથળી રહેલી તબિયત જેવા ગંભીર મુદ્દાઓ પર તાત્કાલિક ચર્ચા કરવાનો છે. સંજય સિંહે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે, "દેશની સંસદનું અન્ય તમામ કામકાજ સ્થગિત કરીને પેપર લીક અને સોનમ વાંગચુકની માગણીઓ પર ચર્ચા થવી જોઈએ." તેમણે નોટિસમાં ઉલ્લેખ કર્યો છે કે કથિત પેપર લીક અને ત્યારબાદ ૩ મેની નીટ પરીક્ષા રદ થવાને કારણે લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય પર ગંભીર અસર પડી છે. તેમના મતે, છેલ્લા નવ વર્ષમાં નીટ પરીક્ષામાં આ ચોથી વખત પેપર લીક થવાની ઘટના છે, જે સિસ્ટમની નિષ્ફળતા છતી કરે છે.આપ (AAP) સાંસદના જણાવ્યા અનુસાર, મૂળ પરીક્ષામાં ૨૨ લાખથી વધુ ઉમેદવારોએ ભાગ લીધો હતો, પરંતુ જ્યારે રાષ્ટ્રવ્યાપી પુન:પરીક્ષા યોજાઈ ત્યારે આશરે ૨૦ લાખ વિદ્યાર્થીઓ જ હાજર રહ્યા હતા, જ્યારે બે લાખથી વધુ ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા. સંજય સિંહના મતે, આટલી મોટી સંખ્યામાં ગેરહાજરી એ દર્શાવે છે કે સામાન્ય જનતા અને વિદ્યાર્થીઓનો દેશની પરીક્ષા પદ્ધતિ પરથી વિશ્વાસ ઉઠી રહ્યો છે.

## સંસદમાં ચોમાસુ સત્ર રામ મંદિરમાં ચોરીનો મુદ્દો ગુંજશે

નવી દિલ્હી: સોમવારથી સંસદમાં ચોમાસુ સત્ર શરૂ થવા જઇ રહ્યું છે, જેમાં વિપક્ષ અનેક મુદ્દાઓને લઈને સરકારને ઘેરવાની તૈયારીમાં છે. જ્યારે સરકાર દ્વારા પણ કેટલાક મહત્વના બિલોને પસાર કરવા પ્રયાસો થશે. જેમાં સૌથી મહત્વપૂર્ણ બિલ લોકસભાની બેઠકોના સિમાંકન સાથે જોડાયેલું છે. વિપક્ષ અયોધ્યામાં રામ મંદિરમાં દાનની ચોરી ઉપરાંત વિપક્ષ દ્વારા ઈથેનોલવાળા પેટ્રોલ ઈ-૨૦નો મુદ્દો પણ ઉઠાવવામાં આવી શકે છે.

નીટ-યુજીનું પેપર લીક થવું, કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ સાથે વિરોધ પ્રદર્શનો, સોનમ વાંગચુકને બળજબરીથી ભૂખ હડતાળ સ્થળેથી લઇ જઇ હોસ્પિટલમાં દાખલ કરવા, લોકસભાની બેઠકોનું સિમાંકન, રામ મંદિરમાં દાનની ચોરી અને તેની તપાસમાં ઢીલા વલણ સહિતના મુદ્દાને લઈને વિપક્ષ સંસદ ગજવવાની તૈયારીમાં છે. સોમવારે ચોમાસુ સત્ર શરૂ થાય તે પહેલા સરકાર દ્વારા રવિવારે સર્વપક્ષીય હેઠક બોલાવવામાં આવી છે જેમાં કેટલાક પેન્ડિંગ અને નવા સેહિત આશરે સાત જેટલા બિલોમાં વિપક્ષને સાથ આપવા મનાવવા પ્રયાસો કરવામાં આવશે.

સોમવારથી શરૂ થતુ ચોમાસુ સત્ર ૧૩મી ઓગસ્ટ સુધી ચાલે તેવી શક્યતાઓ છે. આ દરમિયાન સરકાર દ્વારા સૌથી મહત્વપૂર્ણ લોકસભાની બેઠકોનું સિમાંકન અને મહિલાઓને અનામતનું બિલ પસાર કરવા પ્રયાસો કરવામાં આવશે. અગાઉ પણ આ બિલને પસાર કરવા પ્રયાસ થયો હતો જે નિષ્ફળ રહ્યો હતો. ઈન્ડિયા ગઠબંધનને એવી આશા છે કે આ બિલ પસાર નહીં થાય.

## અંતરિક્ષમાંથી ઉપગ્રહો વાદળોનું અવલોકન કેવી રીતે કરે છે?

# દેશભરમાં વરસાદ અંગે હવામાન વિભાગની લેટેસ્ટ આગાહી, સેટેલાઈટ તસવીરોમાં દેખાયું વાદળોનું ઝૂંડ

(એજન્સી) નવી દિલ્હી | તા 19

ઈસરો (ISRO)ના INSAT-3DR સેટેલાઇટની 19મી જુલાઈની તસવીરોમાં દેશના 2 તૃતીયાંશ ભાગ ગાઢ વાદળોથી ઘેરાયેલો જોવા મળ્યો. જમ્મુ-કાશ્મીરથી બિહાર, પશ્ચિમ બંગાળ અને ઉત્તર-પૂર્વ રાજ્યો સુધી ચોમાસું સક્રિય છે. હવામાન વિભાગે આગામી સમયમાં ભારે વરસાદ અને વાવાઝોડાની શક્યતા વ્યક્ત કરી છે. પંજાબ, ઉત્તર પ્રદેશ, બિહારમાં સૌથી ગીચ વાદળો છે, જ્યારે પશ્ચિમ રાજસ્થાનમાં આકાશ સ્વચ્છ છે. દેશભરમાં ચોમાસું સંપૂર્ણપણે સક્રિય થઈ ગયું છે. 19મી જુલાઈના રોજ ઈસરો (ISRO)ના INSAT-3DR દ્વારા લેવામાં આવેલી સેટેલાઈટ તસવીરોમાં દેશભરમાં એક મોટો ફેરફાર જોવા મળ્યો છે. જેમાં, ભારતના લગભગ બે તૃતીયાંશ વિસ્તારને ગાઢ વાદળોએ ઘેરી લીધો છે. જમ્મુ-કાશ્મીરથી શરૂ કરીને ગંગાના મેદાની વિસ્તારો, બિહાર, પશ્ચિમ બંગાળ અને ઉત્તર-પૂર્વીય રાજ્યો સુધી ચોમાસાના વાદળો ફેલાયેલા છે, જેને પગલે હવામાન વિભાગે આગામી સમયમાં ભારે વરસાદ અને વાવાઝોડાની શક્યતા વ્યક્ત કરી છે.સેટેલાઈટ વિશ્લેષણ અનુસાર, દેશમાં સૌથી વધુ ગીચ વાદળો ઉત્તરીય મેદાનો એટલે કે પંજાબ, ઉત્તર પ્રદેશ, બિહાર અને પશ્ચિમ બંગાળ પર જોવા મળી રહ્યા છે. આ ઉપરાંત, અરબી સમુદ્રમાંથી આવતા ભેજયુક્ત પવનોને કારણે દક્ષિણ દ્વીપકલ્પમાં પણ વાદળોની લાંબી પટ્ટીઓ સર્જાઈ છે. બીજી તરફ, પશ્ચિમ રાજસ્થાન અને તમિલનાડુના કેટલાક ભાગોમાં હજુ પણ આકાશ સ્વચ્છ છે. સેટેલાઈટની ઈન્ફ્રારેડ છબીઓમાં જમ્મુ-કાશ્મીર અને ઉત્તર-પૂર્વના વિસ્તારોમાં લાલ અને જાંબલી રંગના અત્યંત ઠંડા અને ઊંચા તોફાની વાદળો સ્પષ્ટપણે નજરે પડી રહ્યા છે.ચોક્કસ આગાહી માટે ભારતીય હવામાન વિભાગ (IMD) ઈસરોના ખાસ વેધર સેટેલાઈટની મદદ લે છે. ઈસરો દ્વારા નિર્મિત INSAT-3DR ઉપગ્રહ પૃથ્વીથી 36000 કિલોમીટર ઉપર ભૂસ્થિર ભ્રમણકક્ષામાં રહીને દર અડધા કલાકે ભારતની હાઈ-રિઝોલ્યુશન તસવીરો મોકલે છે.વિઝિબલ ચેનલ: આ કેમેરો સૂર્યપ્રકાશના પ્રતિબિંબને કેપ્ચર કરે છે.

## વિરોધ પ્રદર્શન લોકશાહીની ઓળખ ભૂખ હડતાળ ગુનો નથી : હાઈકોર્ટ

ચેન્નાઈ: ભૂખ હડતાળ, વિરોધ પ્રદર્શનો લોકશાહીની ઓળખ છે તેવી સ્પષ્ટતા કરતા મદ્રાસ હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. હાઈકોર્ટે સ્પષ્ટતા કરી છે કે વિરોધ પ્રદર્શનો તે લોકશાહીની સાચી ઓળખ છે, કોઈ ભૂખ હડતાળ કરે તો તે ગુનો નથી. આ સાથે જ હાઈકોર્ટે ભૂખ હડતાળ બદલ આરોપી બનાવાયેલા એક ખેડૂત નેતાને મૂક્ત કરવા આદેશ કર્યો હતો અને તેની સામેની ફરિયાદ રદ કરી નાખી હતી. તમિલનાડુમાં એક ખેડૂત નેતા દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું તો તેની સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી, મામલો મદ્રાસ હાઈકોર્ટ પહોંચ્યો હતો. ખેડૂત નેતા કૃષ્ણમૂર્તી સામે ફરિયાદના આધારે તિરુપુરી જિલ્લાના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સમક્ષ કેસ ચાલી રહ્યો હતો. આ ક્રિમિનલ કાર્યવાહીને રદ કરવાની માગ સાથે તેમણે હાઈકોર્ટમાં પિટિશન કરી હતી. મદ્રાસ હાઈકોર્ટના ન્યાયાધીશ એમ નિર્મલ કુમારે પોતાના ચુકાદામાં નોંધ્યું હતું કે આરોપીના વિરોધ પ્રદર્શન દરમિયાન નાગરિકોને મુશ્કેલીમાં મુક્યા કે પરેશાન થયા હોવાના કોઈ જ પુરાવા નથી. સુત્રોચ્ચાર કરવા કે વિરોધ પ્રદર્શન કરવા કોઈ ગુનો નથી. વિરોધ પ્રદર્શનો લોકશાહીની સાચી ઓળખ છે જેને બંધારણનું પણ રક્ષણ મળેલું છે.

## ખડગે અને રાહુલ ગાંધીનો PM મોદીને પત્ર

# રામ મંદિર મામલે નિષ્પક્ષ તપાસની માંગ, કહ્યું- શ્રદ્ધાળુઓ છેતરાયા

(એજન્સી) નવી દિલ્હી | તા 19

રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગેએ PM મોદીને પત્ર લખી અયોધ્યાના રામ મંદિર દાન ચોરી કેસમાં સ્વતંત્ર તપાસની માંગ કરી છે. 7 કરોડની ઉચાપતનો આરોપ છે. SIT તપાસ કરી રહી છે અને 8 લોકોની ધરપકડ થઈ છે. કોંગ્રેસે ટ્રસ્ટના સભ્યો પર સવાલ ઉઠાવ્યા અને ભક્તોના પૈસાની વિગતો જાહેર કરવાની માંગ કરી. અયોધ્યાના રામ મંદિરમાં ભક્તો દ્વારા ચડાવવામાં આવેલા દાન અને ચઢાવાની ચોરીનો મામલો હવે દેશભરમાં એક મોટા રાજકીય વિવાદમાં ફેરવાઈ ગયો છે. લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી અને કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ સંયુક્ત રીતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને એક કડક પત્ર લખ્યો છે. આ પત્રમાં તેમણે રામ મંદિર દાન ચોરી કેસમાં તાત્કાલિક અસરથી એક સ્વતંત્ર અને વ્યાપક તપાસની માંગ કરી છે. તેમણે જણાવ્યું છે કે આ કૌભાંડના કારણે દેશના લાખો રામભક્તોની આસ્થાને ઠેસ પહોંચી છે અને તેઓ વિશ્વાસઘાત અનુભવી રહ્યા છે.કોંગ્રેસના બંને દિગ્ગજ નેતાઓએ શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના વહીવટ પર આકરા સવાલો ઉઠાવ્યા છે. પત્રમાં લખવામાં આવ્યું છે કે, "સુપ્રીમ કોર્ટના આદેશ બાદ સંસદમાં વડાપ્રધાન દ્વારા આ ટ્રસ્ટની રચનાની જાહેરાત કરવામાં આવી હતી, પરંતુ તેના તમામ સભ્યોની નિમણૂક માત્ર કેન્દ્ર સરકાર દ્વારા જ કરવામાં આવી છે." તેમણે આરોપ લગાવ્યો કે ટ્રસ્ટના સભ્યો રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) અને વિશ્વ હિન્દુ પરિષદ (VHP) સાથે જોડાયેલા છે. આ ઉપરાંત, પત્રમાં ટ્રસ્ટના ભૂતપૂર્વ જનરલ સેક્રેટરીને વડાપ્રધાનના નજીકના સહયોગી ગણાવીને તેમની સામે પણ નિશાન સાધવામાં આવ્યું છે.કોંગ્રેસી નેતાઓએ પત્રમાં સવાલ ઉઠાવતા કહ્યું કે, "આવડા મોટા ગુના સામે વડાપ્રધાનનું મૌન અસ્વીકાર્ય છે. દેશના લાખો લોકોએ પોતાની મહેનતની કમાણી શ્રદ્ધાપૂર્વક મંદિરમાં દાન કરી છે.

## સીમાંકન બિલના સમર્થનના અહેવાલોને જયરામ રમેશે ફગાવ્યા

નવી દિલ્હી: સંસદના ચોમાસુ સત્રના પ્રારંભ પહેલા સરકાર દ્વારા બોલાવવામાં આવેલી સર્વદલીય બેઠક રવિવારે ભારે હોબાળા વચ્ચે સંપન્ન થઈ હતી. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે સ્પષ્ટતા કરી છે કે બેઠકમાં સીમાંકન બિલ (Delimitation Bill) ના સમર્થન અંગેના જે અહેવાલો સામે આવ્યા છે, તે સંપૂર્ણપણે "ખોટા" અને "બનાવટી" છે. તેમણે કેટલાક ન્યૂઝ ચેનલો પર લાગતા અહેવાલોને "પ્રી-પ્લાન્ટેડ" ગણાવીને ટીકા કરી હતી. આ બેઠક દરમિયાન વિપક્ષી દળોએ સરકારની નીતિ સામે વિરોધ નોંધાવતા પ્રતિકાત્મક વોકઆઉટ કર્યો હતો. વિપક્ષી નેતાઓના જણાવ્યા અનુસાર, સરકાર દ્વારા 'નેશનલ સિટિઝન્સ પાર્ટી ઓફ ઈન્ડિયા' (NCPI) ને આ બેઠકમાં આમંત્રણ આપવામાં આવ્યું હતું, તેનો તેમણે સખત વિરોધ કર્યો હતો. જયરામ રમેશે સોશિયલ મીડિયા પર આક્ષેપ કર્યો કે એનસીપીઆઈ એ તૃણમૂલ કોંગ્રેસના ૨૦ 'બળવાખોર' સાંસદો માટેનું એક આશ્રયસ્થાન છે, જેમનો મામલો હજુ લોકસભા સ્પીકર સમક્ષ પેન્ડિંગ છે. આથી, તેમને આમંત્રણ આપવું એ અયોગ્ય હોવાનું વિપક્ષોનું માનવું હતું.

## બીજી હોસ્પિટલમાં શિફ્ટ કરવા માંગ

# આ મેડિકલ કેર નહીં ગેરકાયદે અટકાયત છે, હાઈકોર્ટ પહોંચ્યા સોનમ વાંગચુકના પત્ની

(એજન્સી) નવી દિલ્હી | તા 19

નીટ કૌભાંડ અને શિક્ષણ સુધારાની માંગ સાથે દિલ્હીમાં ભૂખ હડતાળ પર બેઠેલા સોનમ વાંગચુકને પોલીસે સફદરજંગ હોસ્પિટલમાં દાખલ કર્યા. 21મા દિવસે આ કાર્યવાહી બાદ પત્ની ગીતાંજલિએ હોસ્પિટલ પર સારવારમાં પારદર્શિતાના અભાવનો આક્ષેપ કરી દિલ્હી હાઈકોર્ટમાં અરજી કરી છે. તેમણે વાંગચુકની અટકાયતને ગેરકાયદે ગણાવી ખાનગી હોસ્પિટલમાં શિફ્ટ કરવાની મંજૂરી માંગી છે. હોસ્પિટલ પરિસરમાં 100થી વધુ પોલીસકર્મીઓ તૈનાત છે.નીટ (NEET) પેપર લીક કૌભાંડ અને શિક્ષણ ક્ષેત્રે સુધારાની માંગ સાથે દિલ્હીના જંતર-મંતર પર ભૂખ હડતાળ પર બેઠેલા સામાજિક કાર્યકર્તા સોનમ વાંગચુકના આંદોલનમાં મોટો વળાંક આવ્યો છે. ઉપવાસના 21મા દિવસે ગઈકાલે વહેલી સવારે પોલીસે અચાનક કાર્યવાહી કરીને વાંગચુકને સફદરજંગ હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. હવે તેમના પત્ની ગીતાંજલિ આંગમોએ સફદરજંગ હોસ્પિટલ પર સારવારમાં પારદર્શિતાના અભાવનો ગંભીર આક્ષેપ લગાવીને દિલ્હી હાઈકોર્ટમાં તાકીદની સુનાવણી માટે અરજી કરી છે. તેમણે હોસ્પિટલના રોકાણને 'ગેરકાયદે અટકાયત' ગણાવીને વાંગચુકને ખાનગી હોસ્પિટલમાં શિફ્ટ કરવાની મંજૂરી માંગી છે.ગીતાંજલિ આંગમોએ સોશિયલ



મીડિયા પર એક પોસ્ટ શેર કરીને સરકારી હોસ્પિટલ પરથી વિશ્વાસ ઉઠી ગયો હોવાનું જણાવ્યું છે. તેમણે આક્ષેપ કર્યો કે, "હોસ્પિટલે અમને કહ્યું કે વાંગચુકનું પોટેશિયમ લેવલ ઘટીને 2.9 થઈ ગયું છે, જે ચિંતાજનક અને જીવલેણ છે. પરંતુ હોસ્પિટલે તેના હેલ્થ બુલેટિનમાં આ ચોક્કસ આંકડો છુપાવ્યો અને માત્ર 'પોટેશિયમ લેવલ ઘટી રહ્યું છે' તેવું લખ્યું. જ્યારે અમે પ્રાઈવેટ લેબોરેટરીમાં તપાસ કરાવી તો પોટેશિયમ 3.5 આવ્યું, જે બિલકુલ નોર્મલ છે." તેમણે આરોપ લગાવ્યો કે વાંગચુકને ડિસ્ચાર્જ આપવાની કે ખાનગી હોસ્પિટલમાં લઈ જવાની ના પાડી દેવામાં આવી છે.

## આર્થિક વ્યવહારો (પૈસાની લેણદેણ) અને બ્લેકમેલિંગ સહિતના તમામ એન્ગલથી તપાસ

# 'નગ્ન થઈ મંદિરે પહોંચી અને મૂર્તિ ઉપાડી તળાવમાં ઝંપલાવ્યું', મહિલા એન્જિનિયરના મોત અંગે ચોંકાવનારો ખુલાસો

(એજન્સી) હૈદરાબાદ | તા 19

હૈદરાબાદમાં સોફ્ટવેર એન્જિનિયર તેજસ્વિનીના આત્મહત્યા કેસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. પીરઝાદીગુડા તળાવમાંથી મળેલ લાશ મામલે પોલીસે CCTV ફૂટેજ મેળવ્યા છે. તેજસ્વિની મંદિરમાં નગ્ન અવસ્થામાં પ્રવેશી 'અણમાવારુ'ની મૂર્તિ લઈ તળાવ તરફ ગઈ હતી. તે મૂર્તિ સાથે જ તળાવમાં કૂદી હોવાની આશંકા છે. તે 1 લાખથી વધુ માસિક ભાડું ચૂકવતી હતી. પોલીસ બ્લેકમેલિંગ સહિતના એંગલથી તપાસ ચલાવી રહી છે. તેલંગાણાના હૈદરાબાદમાં થોડા દિવસો પહેલા પીરઝાદીગુડાના એક તળાવમાંથી મળી આવેલી મહિલા સોફ્ટવેર એન્જિનિયર તેજસ્વિનીની લાશના મામલામાં પોલીસે એક ચોંકાવનારો ખુલાસો કર્યો છે. મેડિપલ્લી પોલીસની પ્રાથમિક તપાસમાં આ કેસમાં રહસ્યમય કડીઓ સામે આવી છે. જેનાથી સમગ્ર વિસ્તારમાં સનસનાટી મચી ગઈ છે.પોલીસને એક સ્થાનિક મંદિરના સીસીટીવી



(CCTV) ફૂટેજ હાથ લાગ્યા છે. આ ફૂટેજમાં જોવા મળ્યું છે કે તેજસ્વિની નિર્વસ્ત્ર હાલતમાં મંદિરમાં પ્રવેશી હતી. ત્યાં જઈને તેણે 'અણમાવારુ'ની મૂર્તિ ઉઠાવી લીધી અને તેને પોતાની સાથે લઈને તળાવ તરફ ચાલી ગઈ હતી. પોલીસના જણાવ્યા અનુસાર, તે મૂર્તિ સાથે જ તળાવમાં કૂદી ગઈ હતી, જેના કારણે તેનું ડૂબી જવાથી મોત નીપજ્યું હતું. જોકે, તળાવમાં કૂદવા અંગેના કોઈ સીસીટીવી ફૂટેજ મળ્યા નથી, પરંતુ પોલીસ અત્યારે તળાવમાંથી એ મૂર્તિ શોધવાનો પ્રયાસ કરી રહી છે. જો મૂર્તિ મળી જશે તો કેસમાં મોટી સફળતા મળી શકે છે.તપાસ દરમિયાન તેજસ્વિનીની લાઈફસ્ટાઈલને લઈને પણ ઘણી આશ્ચર્યજનક બાબતો સામે આવી છે. તે જે એપાર્ટમેન્ટના ફ્લેટમાં ભાડેથી રહેતી હતી, તેનું ભાડું તે દૈનિક 3500 રૂપિયા લેખે ચૂકવતી હતી. આ હિસાબે તે મહિનાનું 1 લાખ રૂપિયાથી પણ વધુ ભાડું આપતી હતી. વધુમાં, તે જે એપાર્ટમેન્ટમાં રહેતી હતી તેની ઉપરના બે માળ પર એક લોજ ચાલતી હતી. જ્યાં અવારનવાર અજાણ્યા અને અવનવા લોકોની અવરજવર રહેતી હતી. તપાસ અધિકારીઓએ આ આખા એપાર્ટમેન્ટની ઝીણવટભરી તપાસ કરી છે અને આસપાસના લોકોની પૂછપરછ શરૂ કરી છે. આ જીવનનો અંત કરવા પાછળનું સાચું કારણ શું છે તે હજુ સુધી સ્પષ્ટ થઈ શક્યું નથી. પોલીસ અત્યારે ડેથ ડિક્લેરેશન, આર્થિક વ્યવહારો (પૈસાની લેણદેણ) અને બ્લેકમેલિંગ સહિતના તમામ એન્ગલથી તપાસ ચલાવી રહી છે.

સિટી એક્સપ્રેસ
MONDAY 20 JULY-2026
AHMEDABAD

## આ ઝેરી ગેસ ગુજરાતમાં અનેક લાશો ઢાળી દેત

અમદાવાદ | ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ (ATS) દ્વારા બનાસકાંઠાના પાલનપુર અને પાટણના સિદ્ધપુર વિસ્તારમાંથી પકડાયેલા જૈશ-એ-મોહમ્મદના 13 આતંકવાદીઓની તપાસમાં ચોંકાવનારી વાત સામે આવી છે. આ આતંકીઓ ગુજરાતમાં કોઈ મોટી આત્મઘાતી ઘટનાને અંજામ આપવા માટે સિદ્ધપુર નજીક 8 વખત બોમ્બ બ્લાસ્ટનું ટેસ્ટિંગ તો કરતા જ હતા. તે સિવાય આતંકીઓએ જુદા-જુદા પુસ્તકોના આધારે ઝેરી વાયુ બનાવવા માટે નવી પદ્ધતિ વિકસાવવાનો પ્રયાસ પણ કર્યો હતો.

## સરકારી એન્જિનિયરિંગ કોલેજોમાં અધ્યાપકોની 35, વર્ગ 3ની 70% જગ્યા ખાલી

અમદાવાદ | રાજ્યની સરકારી એન્જિનિયરિંગ કોલેજોમાં વિદ્યાર્થીઓની બેઠકો વધારી દેવામાં આવી, પરંતુ તે પ્રમાણે શિક્ષણ સ્ટાફની ભરતી ન થતા હવે ગુણવત્તાયુક્ત શિક્ષણ પર સવાલો ઊભા થયા છે. ગુજરાત રાજ્ય સરકારી ઈજનેરી કોલેજ શૈક્ષણિક રાજ્યપત્રિત અધિકારી મંડળ દ્વારા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર લખીને તાત્કાલિક શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફની ભરતી કરવાની માગ કરી છે. નવી બેઠકો અને નવા કોર્સ શરૂ થયા બાદ પણ ચાર વર્ષથી જરૂરી સ્ટાફ ઉપલબ્ધ કરાવવામાં આવ્યો નથી.



# અદાણી CNGના ભાવમાં ફરી 2 રૂપિયાનો વધારો ઝીંકાયો


નવો ભાવ પ્રતિ કિલો 90.02 રૂપિયા, 2026ના વર્ષમાં કુલ 10 રૂપિયાનો વધારો

અમદાવાદ | અદાણી સીએનજી દ્વારા ફરી એકવાર સીએનજીના ભાવમાં પ્રતિ કિલો 2 રૂપિયાનો વધારો ઝીંકાયો છે. CNGનો નવો ભાવ પ્રતિ કિલો 90 રૂપિયા પર પહોંચ્યો છે. ભાવ વધારાના કારણે CNG રિક્ષાચાલકો અને CNG વાહનધારકો પર ભારણ વધશે. નોંધનીય છે કે, અદાણી CNG દ્વારા વર્ષ 2026માં પ્રતિ કિલો CNGમાં કૂલ 10 રૂપિયાનો વધારો કરી દેવાયો છે. આ પહેલા 27 મે, 2026ના રોજ પ્રતિ કિલો રૂપિયા 2નો વધારો કરાયો હતો. 3 મહિનામાં જ ફરીએકવાર ભાવમાં વધારો ઝીંકવામાં આવ્યો છે.

રિક્ષાચાલક એક્તા યુનિયનના પ્રમુખ વિજય મકવાણાએ જણાવ્યું હતું કે, સરકારે એક મહિના પહેલા ભાવ વધારો મંજૂર કર્યો હતો. પરંતુ, તેનું નોટિફિકેશન બહાર પાડ્યું ન હોય અમે ભાવ વધારો લઈ શકતા નથી. ત્યાં જ ફરી સીએનજીમાં ભાવ વધારો અમારા માટે તો પડ્યા પર પાટુ સમાન છે. તે પણ હજુ સુધી રિક્ષા ચાલકોને મળ્યો નથી. સરકાર દ્વારા હજુ સુધી જાહેરનામું અને નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું નથી. જેથી રિક્ષાચાલકો નવું ભાડું લઈ શકતા નથી. અત્યારનો જે ભાવ વધારો છે તે પડ્યા પર પાટુ સમાન છે. જેથી યોગ્ય નિર્ણય લેવામાં આવે તેવી અમારી માંગણી છે. અમદાવાદમાં અગાઉ સીએનજીનો ભાવ ૮૮.૦૨ રૂપિયા પ્રતિ કિલો હતો, જેમાં ૨ રૂપિયાના વધારા બાદ તે ૯૦.૦૨ રૂપિયા પર પહોંચી ગયો છે. છેલ્લા ત્રણ મહિનામાં જ આ બીજી વખત ભાવ વધારો કરવામાં આવ્યો છે, જેનાથી સીએનજી પર નિર્ભર સામાન્ય નાગરિકોના બજેટ પર સીધી અસર પડી છે. અગાઉ ૨૭ મે, ૨૦૨૬ના રોજ પણ ૨ રૂપિયાનો ભાવ વધારો ઝીંકવામાં આવ્યો હતો.આ ભાવવધારાની સૌથી ગંભીર અસર રોજિંદી આવક પર નિર્ભર ઓટોરિક્ષા ચાલકો પર જોવા મળી રહી છે.

### અમદાવાદમાં અદાણી CNGનો નવો ભાવ પ્રતિ કિલો 90.02 રૂપિયા

વાહનચાલકોને ફરી એક વખત મોંઘવારીનો મોટો ઝટકો લાગ્યો છે. અદાણી કંપની દ્વારા CNGના ભાવમાં પ્રતિ કિલો 2 રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. નવા ભાવ બાદ હવે અમદાવાદમાં CNGનો દર 88.20 રૂપિયાથી વધીને 90.20 રૂપિયા પ્રતિ કિલો થઈ ગયો છે. છેલ્લા કેટલાક સમયથી CNGના ભાવમાં વારંવાર ફેરફાર જોવા મળી રહ્યો છે. અગાઉ થોડો ઘટાડો કર્યા બાદ ફરી સતત ભાવ વધારો કરવામાં આવતા CNG પર નિર્ભર લાખો વાહનચાલકોની ચિંતા વધી છે.

### રિક્ષાચાલકો પર ભાવવધારાની અસર થશે

ખાસ કરીને રોજિંદી આવક પર નિર્ભર ઓટોરિક્ષા ચાલકો માટે આ વધારો વધુ મુશ્કેલી ઉભી કરનાર સાબિત થયો છે. ઈંધણ ખર્ચમાં વધારો થતાં તેમની આવક પર સીધી અસર પડી રહી છે. CNGના ભાવ વધારાનો સૌથી વધુ વિરોધ અમદાવાદના રિક્ષા ચાલકો દ્વારા કરવામાં આવી રહ્યો છે. એક સમય એવો હતો જ્યારે પેટ્રોલની સરખામણીએ CNG ઘણું સસ્તું હોવાથી લોકો CNG વાહનો તરફ વળ્યા હતા. પરંતુ હવે વારંવાર થતા ભાવ વધારાને કારણે CNGના દર પણ પેટ્રોલની નજીક પહોંચી ગયા છે.

### આ ભાવ વધારો અમારા માટે પડ્યા પર પાટુ સમાન- વિજય મકવાણા

અમદાવાદ રીક્ષા ચાહક એકતા યુનિયન પ્રમુખ વિજય મકવાણાએ જણાવ્યું હતું કે, ફરી એક વખત CNG ના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. જૂનો ભાવ જે 88.02 રૂપિયા હતો તેમાં 2 રૂપિયાનો વધારો કરવામાં આવતા નવો ભાવ 90.02 રૂપિયા થઈ ગયો છે. છેલ્લા ચાર વર્ષમાં રીક્ષા ચાલકોના ભાડામાં કોઈપણ પ્રકારનો વધારો કરવામાં ન હતો આવ્યો. એક મહિના પહેલા ટ્રાન્સપોર્ટ કમિશનર કચેરી ખાતે જે ભાડામાં વધારો કરવામાં આવ્યો હતો.

# સાપુતારામાં ચોમાસાની મજા માણવા પ્રવાસીઓનું ઘોડાપૂર:-ઘાટમાર્ગ ટ્રાફિક જામ, હોટલો હાઉસફુલ..





ડાંગ | સમગ્ર ગુજરાત સહિત ડાંગ જિલ્લામાં વરસાદી માહોલ જામતાની સાથે જ, રાજ્યના એકમાત્ર હિલ સ્ટેશન સાપુતારા ખાતે પ્રવાસીઓનું જાણે ઘોડાપૂર ઉમટ્યુ છે.વીકેન્ડ અને મનમોહક હવામાનનો ત્રિવેણી સંગમ થતા જ મોટી સંખ્યામાં સહેલાણીઓ કુદરતી સૌંદર્યનો આનંદ માણવા સાપુતારા તરફ વળ્યા છે.જેને પગલે સાપુતારા ઘાટમાર્ગમાં વાહનોની કિલોમીટરો લાંબી કતારો જોવા મળી હતી અને ઠેરઠેર કલાકો સુધી ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી.વરસાદી ધુમ્મસ અને લીલીછમ હરિયાળી વચ્ચે સાપુતારાના મુખ્ય પ્રવાસન સ્થળો જેવા કે ટેબલ પોઈન્ટ, હેલિપેડ ગ્રાઉન્ડ અને સ્વાગત સર્કલ ખાતે વાહનોનો ભારે જમાવડો જોવા મળ્યો હતો.જેના પગલે પાર્કિંગ અંગે અરાજકતા સર્જાઈ હતી.અને પ્રવાસી વાહનચાલકો હેરાન થયા હતા.સાપુતારામાં ચારેય તરફ પ્રવાસીઓની ભારે ભીડનાં પગલે વાતાવરણ કિલકિલાટ નાદોની સાથે ગુંજી ઊઠ્યુ હતુ.

ડાંગ જિલ્લાનાં સાપુતારા,ગીરમાળનો ગીરાધોધ, વઘઈનો પ્રખ્યાત ગીરાધોધ,ડોન હિલસ્ટેશન જેવા જોવાલાયક સ્થળો પણ પ્રવાસીઓથી ઉભરાઈ ગયા હતા. પ્રવાસીઓના આ અભૂતપૂર્વ ધસારાને કારણે સાપુતારા અને તેની આસપાસની તમામ હોટલો, રેસ્ટોરન્ટ્સ, હોમસ્ટે અને રિસોર્ટ્સ એડવાન્સમાં જ સંપૂર્ણપણે હાઉસફુલ થઈ ગયા હતા,જેના લીધે મોડેથી આવેલા કેટલાક પ્રવાસીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.સાપુતારા સહીત તળેટીમાં હોટલો અને રિસોર્ટસ હાઉસફુલ થઈ જતા સ્થાનિક કક્ષાએ રોજગારીનું નવ સર્જન થયુ હતુ.આ અણધારી ભીડ અને વાહનોની લાંબી કતારોને કારણે કાયદો અને વ્યવસ્થા તેમજ વાહનવ્યવહાર ખોરવાય નહીં તે માટે ડાંગ એસ.પી.પૂજા યાદવનાં માર્ગદર્શન હેઠળ સાપુતારા પોલીસ મથકનાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર (પી. આઈ.) જે.કે. બારીયા અને તેમની ટીમ તુરંત એક્શનમાં આવી ગઈ હતી.પોલીસ કાફલાએ ધોધમાર વરસાદ અને ધુમ્મસભર્યા વાતાવરણની વચ્ચે પણ રસ્તા પર ઉતરીને રાઉન્ડ ધ ક્લોક (ચોવીસ કલાક) સખત કામગીરી હાથ ધરી હતી. ટ્રાફિક નિયમન માટે પોલીસે ભારે જહેમત ઉઠાવી હતી અને કલાકોની ભારે કવાયત બાદ આખરે ટ્રાફિક હળવો કરવામાં સફળતા મળી હતી.ટ્રાફિક સુચારૂ થતા જ પ્રવાસીઓ અને સ્થાનિક વાહનચાલકોએ મોટી રાહતનો શ્વાસ લીધો હતો.

### અમરેલીના ખાંભા તુલસીશ્યામ રેન્જમાં સિંહના મોતથી ખળભળાટ

# ગીર પૂર્વમાં વધુ એક સિંહનું મોત

### ખાંભા-તુલસીશ્યામ રેન્જમાંથી મળી આવ્યો કોહવાયેલો મૃતદેહ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ




ગીર પૂર્વમાં વધુ એક સિંહનું મોત, ખાંભા-તુલસીશ્યામ રેન્જમાંથી મળી આવ્યો કોહવાયેલો મૃતદેહ એશિયાટીક સિંહોના એકમાત્ર નિવાસસ્થાન ગીરના જંગલોમાંથી ફરી એકવાર ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. ધારી ગીર પૂર્વના ખાંભા-તુલસીશ્યામ રેન્જ હેઠળ આવતા રબારીકા રાઉન્ડના પથ્થરમારા રેવન્યુ વિસ્તારમાંથી એક નર સિંહનો કોહવાયેલો મૃતદેહ મળી આવ્યો છે. આ ઘટનાને પગલે વન વિભાગની કામગીરી અને સિંહોની સુરક્ષા સામે ગંભીર સવાલો ઉભા થયા છે. ગીર પૂર્વમાં વધુ એક સિંહનું મોત ખાંભા તુલસીશ્યામ રેન્જમાંથી મળી આવ્યો કોહવાયેલો મૃતદેહ એશિયાટીક સિંહોના એકમાત્ર નિવાસસ્થાન ગીરના જંગલોમાંથી ફરી એકવાર ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. ધારી ગીર પૂર્વના ખાંભા-તુલસીશ્યામ રેન્જ હેઠળ આવતા રબારીકા રાઉન્ડના પથ્થરમારા રેવન્યુ વિસ્તારમાંથી એક નર સિંહનો કોહવાયેલો મૃતદેહ મળી આવ્યો છે. આ ઘટનાને પગલે વન વિભાગની કામગીરી અને સિંહોની સુરક્ષા સામે ગંભીર સવાલો ઉભા થયા છે.સ્થાનિક માલધારીની જાણ બાદ વન વિભાગ જાગ્યું મળતી માહિતી મુજબ, સિંહનો મૃતદેહ લાંબા સમયથી ત્યાં પડ્યો હોવાથી તે સંપૂર્ણપણે કોહવાઈ ગયો હતો. વન વિભાગને આ અંગે કોઈ જ જાણ નહોતી. અંતે જ્યારે એક સ્થાનિક માલધારીએ મૃતદેહ જોયો અને વન વિભાગને જાણ કરી, ત્યારે તંત્ર હરકતમાં આવ્યું હતું. ઘટનાસ્થળે પહોંચેલા વન વિભાગના સ્ટાફે સિંહના મૃતદેહનો કબજો મેળવીને પોસ્ટમોર્ટમ (PM) માટે મોકલી આપ્યો છે.સ્થાનિક સ્તરે રબારીકા રાઉન્ડના ફોરેસ્ટર અને અન્ય સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ કરવામાં ભારે બેદરકારી દાખવવામાં આવી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

# નર્મદા જિલ્લા સંકલન સમિતિ ની બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ અંજના વસાવાએ જનહિતના પ્રશ્નો ઉઠાવ્યા હતા



રાજપીપલા | નર્મદા જિલ્લા સંકલન સહ ફરિયાદ નિવારણ સમિતિ માં જિલ્લા પંચાયત પ્રમુખ અંજના વસાવા એ. વન અધિકાર , શિષ્યવૃતિ , RTO , સહીત અનેક પ્રશ્નો ઉઠાવ્યા હતા પ્રાપ્ત માહિતી મુજબ અત્રે કલેક્ટર. ગંગાસિંહ ના અધ્યક્ષ સ્થાને મળેલી સંકલન ની બેઠક માં જી . પં . પ્રમુખ અંજના વસાવા એ રજુ કરેલ પ્રશ્નો મુજબ નર્મદા જિલ્લાના કેટલા વિદ્યાર્થીઓએ ઉચ્ચ અભ્યાસ માટે પોસ્ટ મેટ્રિક શિષ્યવૃતિ મેળવવા માટે અરજીઓ આવી? તેમાંથી કેટલી અરજીઓનો નિકાલ થયો ?કેટલી અરજીઓ પેન્ડીંગ છે ? પેન્ડીંગ રહેવાના શા કારણો છે ? દૂધ સંજીવની યોજના હેઠળ નર્મદા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓના કુપોષણ દૂર કરવા માટે ફાળવવામાં આવતા દૂધનાં એક પાઉચ પાછળ કેટલું બજેટ ફાળવવામાં આવે છે? તેમાંથી કેટલા બાળકો કુપોષણમાંથી દૂર થયા? ક્યા વિભાગમાંથી બજેટ ફાળવવામાં આવે છે? એક મહિનામાં કેટલું દૂધ અને કેટલું બજેટ ફાળવવામાં આવે છે તેની વિગતે માહિતી માંગી હતી .નર્મદા જીલ્લામાં ચાલતી પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે મધ્યાન ભોજન માં મેનુ શું હોય છે? નર્મદા જિલ્લામાં આવેલ એકલવ્ય મૉડેલ રેસિડેન્શિયલ સ્કુલોમાં બાળકોને ક્યા પ્રકારનું ભોજન આપવામાં આવે છે ? ભોજન પૂરું પાડવા માટેની ટેન્ડર પ્રક્રિયા શું છે? ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે કે કેમ? કઈ કઈ એજન્સીઓએ ભાગ લીધો છે તેની વિગતે માહિતી માંગી હતી . આ ઉપરાંત નર્મદા જિલ્લા પંચાયત પ્રમુખ અંજના વસાવા એ પૂછ્યું હતું કે,નર્મદા જિલ્લાની RTO દ્વારા ગાડીઓનું પાર્સિંગ (પાસિંગ) ની કામગીરી ભરૂચ ખાતે કરવામાં આવે છે તે હકીકત સાચી છે? જો હા તો તેની કામગીરી ભરૂચ ખાતે ખસેડવાના શા કારણો છે? નર્મદા RTO કચેરી ખાતે કામગીરી શરુ કરવામાં આવનાર છે કે કેમ ? જો ના તો શા કારણો છે? નર્મદા જિલ્લામાં દરેક સરકારી શાખાઓ જેમ કે, તાલુકા પંચાયત કચેરી, મામલતદાર કચેરી, નર્મદા જીલ્લાની તમામ રેંજો, આરોગ્ય શાખામાં આઉટસોર્સમાં કામ કરતા કર્મચારીઓને સરકારનાં ધારાધોરણ મુજબ મહેનતાણું ચુકવવામાં આવે છે કે કેમ ?દર મહિને મહેનતાણું ચુકવવામાં આવે છે કે કેમ ? જો ના તો નિયમિત મહેનતાણું ન મળવાના શા કારણો છે? સાગબારા તાલુકાના ખોપી, નાલ, હલગામપાડી, દોધનવાડી, નાનીનાલ, ગામના જંગલ જમીન ખેડતા ખેડૂતોને ઉમરપાડા રેન્જના જંગલ ખાતા દ્વારા જંગલ જમીન ખેડાણ કરતા અટકાવવામાં આવે છે.

### દર્દી સુવિધા, સ્વચ્છતા અને આરોગ્ય સેવાઓનું નિરીક્ષણ કર્યું

# નર્મદા જિલ્લા કલેક્ટre રાજપીપલા સિવિલ હોસ્પિટલની ઓચિંતી મુલાકાત લીધી





રાજપીપલા | નર્મદા જિલ્લા કલેક્ટર ગંગાસિંઘે રાજપીપલા સિવિલ હોસ્પિટલની આકસ્મિક મુલાકાત લઈને હોસ્પિટલમાં ઉપલબ્ધ દર્દી સુવિધાઓ, સ્વચ્છતા અને આરોગ્ય સેવાઓની કામગીરીનું સ્થળ પર જઈને નિરીક્ષણ કર્યું હતું. મુલાકાત દરમિયાન હોસ્પિટલ પરિસર અને તેની આસપાસ પાર્કિંગ વ્યવસ્થા, સ્વચ્છતા તેમજ રસ્તાની નિયમિત સાફ-સફાઈ થાય છે કે કેમ તેની ચકાસણી કરી હતી. ઉપરાંત હોસ્પિટલમાં કાર્યરત લક્ષ્મી સખી મંડળ, જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજની આસપાસની સ્વચ્છતા અને પાર્કિંગ વ્યવસ્થા અંગે પણ માહિતી મેળવી જરૂરી માર્ગદર્શન અને સલાહ-સૂચનો આપ્યા હતા. ત્યારબાદ કલેક્ટર ગંગાસિંઘે હોસ્પિટલના વિવિધ વિભાગોની મુલાકાત લઈને દર્દીઓને અપાતી સારવાર અને ઉપલબ્ધ આરોગ્ય સુવિધાઓ અંગે વિગતવાર માહિતી મેળવી હતી.

# ડેડાણના ચાડીકા ડુંગર અમરધામ આશ્રમ ખાતે અષાઢી બીજની ભવ્ય ઉજવણી





કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ખાંભા તા. ડેડાણ ગામે આવેલ ચાડીકા ડુંગર અમરધામ આશ્રમ ખાતે અષાઢી બીજના પર્વે સંત શ્રી દેવેન્દ્રદાસ બાપુના સાનિધ્યમાં ભવ્ય લોકમેળો, સંતવાણી, મહાયજ્ઞ અને રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

સવારે વૈદિક મંત્રોચ્ચાર સાથે મહાયજ્ઞ યોજાયો હતો. સેવાને પ્રાધાન્ય આપી રક્તદાન કેમ્પમાં મોટી સંખ્યામાં યુવાનોએ રક્તદાન કર્યું. બપોર બાદ સંતવાણી અને ભજન-કીર્તન યોજાયા હતા. આશ્રમ પરિસરમાં લોકમેળો પણ જામ્યો હતો. અંતે મહાપ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું.

આ પ્રસંગે કેબિનેટ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયા ધારાસભ્ય શ્રી હિરાભાઈ સોલંકી આપ નેતા શ્રી રાજુભાઈ સોલંકી શ્રી બ્રિજરાજ સોલંકી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. અનેક સેવાભાવી સંસ્થાઓએ અને અનેક મંડળોએ સેવા આપી. જાફરાબાદ તાલુકાના ડેડાણ ગામે આવેલ પવિત્ર ચાડીકા ડુંગર અમરધામ આશ્રમ ખાતે અષાઢી બીજના પવિત્ર પર્વ નિમિત્તે ભક્તિ અને સેવાનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. સંત શ્રી દેવેન્દ્રદાસ બાપુના સાનિધ્યમાં આયોજિત આ કાર્યક્રમમાં લોકમેળો, સંતવાણી, મહાયજ્ઞ અને રક્તદાન કેમ્પ જેવા અનેકવિધ કાર્યક્રમો યોજાયા હતા, જેમાં મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા હતા. અષાઢી બીજના શુભ અવસરે આશ્રમ પરિસરમાં વહેલી સવારથી જ ધાર્મિક વાતાવરણ છવાઈ ગયું હતું. સવારે વૈદિક મંત્રોચ્ચાર સાથે મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.